MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । સોમવાર । તા. ૨૦-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

સોમનાથ દર્શન કરવા નીકળેલા અમદાવાદના એક જ પરિવારના પાંચના મોત

લોહીયાળ રવિવાર : અમદાવાદ-લિંબડી હાઈવે પર બે અકસ્માતમાં 8નાં મોત

અમદાવાદ

રવિવારે રજાનો દિવસ ગુજરાત માટે ગોઝારો પુરવાર થયો છે. અમદાવાદથી બગોદરા હાઈવે અને લીંબડી હાઈવે પર બે અકસ્માતમાં ૮ લોકોનાં કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા તો ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સોમનાથદાદાના દર્શને કાર લઈને જતાં અમદાવાદના પરિવારને સુરેન્દ્રનગરના દેવપરા ગામ નજીક અકસ્માત નડ્યો હતો. ટ્રક સાથેના આ અકસ્માતમાં એક જ પરિવારનાં ૫ લોકોનાં કમકમાટીભર્યા મોત

બગોદરાના મીઠાપુર ગામે ડમ્પર અને કાર વચ્ચે અકસ્માતમાં ત્રણનાં મોત



નિપજ્યા હતા. જ્યારે ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચી છે. અકસ્માતને કારણે લીંબડી હાઈવે પર ટ્રાફિકજામ સર્જાયો હતો. તો આ મામલે પોલીસે તપાસ શરૂ કરી દીધી છે. તો સવારે ૬ વાગ્યે બગોદરાના મીઠાપુર ગામના પાટિયા પાસે ઉભેલા ડમ્પર પાછળ કાર ઘુસી જતાં ૩ લોકોના મોત નિપજ્યા છે.

બીજા અકસ્માતની વિગત મુજબ વહેલી સવારે અમદાવાદના બગોદરા પાસે આવેલા મીઠાપુર નજીક ડમ્પર-કાર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયા હતા. અકસ્માત બાદ ડમ્પર ચાલક ભાગી છૂટ્યો હતો.

અમદાવાદનો પરિવાર ગત મોડી રાત્રે જીજે-૦૧ ડીયૂ-૮૬૧૫ નંબરની કાર લઈને સોમનાથ દાદાના દર્શને જઈ રહ્યો હતો. વહેલી સવારે પહોંચવાની આશા સેવી રહેલાં આ પરિવારને ક્યાં ખબર હતી કે રસ્તામાં કાળ તેમની રાહ જોઈ રહ્યો છે. સુરેન્દ્રનગરના દેવપરા ગામ પાસે જ્યારે કાર પહોંચી ત્યાં જ તેમની ટક્કર ટ્રક સાથે થઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે આ અકસ્માતમાં પાંચ લોકોનાં

અનુસંધાન પાના નં. ૮

ખૂલ્લા ફાટકમાં કાર-માલગાડી વચ્ચે અકસ્માતઃ ત્રણ ઘાયલ

જામનગર

રવિવારનો દિવસ અકસ્માતનો દિવસ બન્યો છે. વહેલી સવારે લીંબડી અમદાવાદ હાઈવે પર બે અલગ અલગ અકસ્માતના બનાવમાં કુલ આઠ લોકોના મોત નિપજ્યા છે. તો બપોરે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. દ્વારકાના મોડપર નજીક ખુલ્લા ફાટકમાં મોટરકાર અને માલગાડી વચ્ચે ટક્કર થઈ હતી. જેમાં મોટરકાર ૫૦ મીટર સુધી ઘસડાઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, દ્વારકાના મીઠોઈ નજીકથી સાબરમતી એક્સપ્રેસ પસાર થઈ રહી હતી. ત્યારે મીઠોઈ પાસે ખુલ્લો ફાટક આવેલો છે. ખુલ્લા ફાટક પાસે મોટરકાર હતી. ત્યારે ટ્રેનની અડફેટે મોટરકાર ૫૦ મીટર સુધી ઘસડાઈ હતી. કારમાં સવાર ત્રણ લોકો પણ આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બન્યા હતા.



ભારતનો દરેક નાગરિક હિન્દુ છેઃ સંઘ સુપ્રિમો

સરકાર નક્કી કરે એક વ્યક્તિને કેટલા બાળક હોવા જોઈએઃ મોહન ભાગવત

બરેલી

ઉત્તરપ્રદેશના બરેલીમાં સંઘ પ્રમુખ મોહન ભાગવતે ફરી એકવખત કહ્યું કે ભારતનો દરેક નાગરિક હિન્દુ છે. ભાગવતે હિન્દુત્વનો મતલબ સમજાવાની કોશિષ કરતાં રવિવારે કહ્યું કે વિભિન્ન વિવિધતાઓ છતાંય એક સાથે રહેવું જ હિન્દુત્વ છે. તેમણે એમ પણ કહ્યું કે આરએસએસ સંવિધાનની અંતર્ગત કોઈ પાવર સેન્ટર ઈચ્છતું નથી અને સંઘ સંવિધાન પર પૂરો વિશ્વાસ કરે છે. આ સિવાય સંઘ પ્રમુખે બે બાળકોના કાયદાને લઈ છપાયેલા સમાચારની



સ્પષ્ટતા કરતાં કહ્યું કે આવું કંઈ કહ્યું જ નહોતું કે તમામને બે બાળકો હોવા જોઈએ, વસતી એક સમસ્યાની સાથો સાથ સંસાધન પણ છે, સરકારે તેના પર એક ડ્રાફ્ટ તૈયાર કરવો જોઈએ.

સ્વયંસેવકોને સંબોધિત કરતાં મોહન ભાગવતે કહ્યું કે જ્યારે આરએસએસના કાર્યકર્તા કહે છે કે આ દેશ હિન્દુઓનો છે અને ૧૩૦ કરોડ લોકો હિન્દુ છે તો તેનો મતલબ એ નથી કે આપણે કોઈનો ધર્મ, ભાષા કે જાતિ બદલવા માંગીએ છીએપઅમને સંવિધાનની અંતર્ગત કોઈ શક્તિ કેન્દ્ર જોઈતું નથી કારણ કે અમે તેના પર વિશ્વાસ કરીએ છીએ. તેમણે કહ્યું કે સંવિધાન કહે છે કે આપણે ભાવનાત્મક એકીકરણ લાવવાની કોશિષ કરવી જોઈએ. પરંતુ ભાવના શું છે? એ ભાવના છે—આ દેશ આપણો છે. આપણે આપણા મહાન પૂર્વજોના વંશજ છીએ. ભાગવતે કહ્યું કે અમે અમારી વિવિધતા છતાંય

અનુસંધાન પાના નં. ૮

સુલેમાની અમેરિકા માટે ખરાબ વાતો કરતા એટલે મારવાનો આદેશ આપ્યોઃ ટ્રમ્પ

વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાકની રાજધાની બગદાદમાં માર્યા ગયેલા ઈરાની કમાન્ડર જનરલ કાસિમ સુલેમાની પર કરવામાં આવેલા હુમલાની પૂરી કહાની સંભળાવી હતી. શુક્રવારે ફ્લોરિડામાં તેમના નિવાસ સ્થાને રિપબ્લિકન પાર્ટીના ડોનર્સ માટે યોજાયેલી ડિનર પાર્ટી યોજી હતી. જેમાં ટ્રમ્પે કેવી રીતે ઈરાની કમાંડર સુલેમાની પર હુમલો કર્યો તે જણાવ્યું હતું.

અમેરિકન મીડિયાએ એક ઓડિયો રેકોર્ડિંગ જાહેર કર્યો છે. જેમાં ટ્રમ્પ ૩ જાન્યુઆરીએ બગદાદમાં થયેલા હુમલાની મિનિટ ટૂ મિનિટ જાણકારી આપતા સાંભળી શકાય છે. આ ડ્રોન હુમલામાં ઈરાની કમાંડર કાસિમ સુલેમાનીનું મોત થયું હતું. જાહેર કરાયેલા ઓડિયોમાં ટ્રમ્પ ત્યાં હાજર રહેલા લોકોને કહે છે, તે આપણા દેશ વિશે ખરાબ બોલતો હતો. અમે તમારા દેશ પર હુમલો કરવા જઈ રહ્યા છીએ, તમારા લોકોને મારવા જઈ રહ્યા છીએ.

આ ઓડિયોમાં ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું કે, સુલેમાની પર અટેક કે ઓપરેશન ૨ મિનિટ ૧૧ સેકન્ડનું હતું. આ ઓપરેશનનું લાઈવ રિપોર્ટિંગ ત્યાં જ આપવામાં આવતું હતું. ઓડિયોમાં સેના અધિકારી ટ્રમ્પને એમ કહેતા સાંભળવા મળી રહ્યા

અનુસંધાન પાના નં. ૮

બેલગામમાં ૭૦ વર્ષથી વસતા મરાઠીઓને મહારાષ્ટ્રમાં સામેલ કરવા જરૂરી

જો ધર્મના આધારે સરકાર ચાલશે તો ભારત બીજું પાકિસ્તાન બની જશેઃ રાઉત

મુંબઈ

કર્ણાટક અને મહારાષ્ટ્રની વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા બેલગામ સરહદ વિવાદને ફરી એકવખત હવા મળી છે. કર્ણાટકના મુખ્યમંત્રી બીએર યેદિયુરપ્પાએ ચોખ્ખું કહી દીધું છે કે રાજ્યની એક ઇંચ પણ જમીન મહારાષ્ટ્રને અપાશે નહીં. તેમનો આરોપ હતો કે રાજકીય ફાયદા માટે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આ મુદ્દાને ફરીથી ઉછળી રહ્યો છે. રવિવારના રોજ શિવસેનાના સાંસદ સંજય રાઉતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને અપીલ કરી છે કે તેમણે આ વિવાદનો



ઉકેલ નીકાળવો જોઈએ.

સંજય રાઉતે જણાવ્યું હતું કે, બાલા સાહેબ ઠાકરે બાન્દ્રા અને ભિંડી બજાર (મુંબઈ)માં રોડ પર નમાઝ પઢવાની વિરુદ્ધ હતા. તેમણે મુસ્લિમ સમાજના લોકોને વાતચીત કરીને પૂછ્યું હતું કે આને કેવીરીતે રોકી શકાય છે. તેમને જણાવવામાં આવ્યું કે, મુસ્લિમોને નમાઝ પઢવા માટે કોઈ અન્ય સ્થળ નથી. મુસ્લિમ નેતાઓએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મસ્જિદોને એફએસઆઈ (નિર્માણ અધિકાર) આપે અને બાલા સાહેબે આના પર સહમતિ વ્યક્ત કરી હતી.

રાઉતે દાવો કર્યો હતો શિવસેના હંમેશાથી માને છે કે મુસ્લિમો સમાજના મુખ્યધારાનો ભાગ હોવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, જો સરકાર ધર્મના આધારે ચાલશે તો ભારત બીજું પાકિસ્તાન બની જશે.

તેમણે કહ્યું કે બેલગામમાં રહેતા મરાઠી લોકો છેલ્લાં ૭૦ વર્ષથી લડાઈ લડી રહ્યા છે અને મહારાષ્ટ્રમાં સામેલ

અનુસંધાન પાના નં. ૮

દિલ્હીના અનેક વિસ્તારોમાં આગામી પાંચ વર્ષમાં વીજળીના વાયરો અંડરગ્રાઉન્ડ કરશું

કેજરીવાલનું ગેરંટી કાર્ડઃ ફ્રી વીજળી, પાણી, સારવાર અને શિક્ષાનો વાયદો

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ રવિવારે કેજરીવાલનનું ગેરન્ટી કાર્ડ જારી કર્યું છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે આ ગેરંટી કાર્ડ ઘોષણા પત્રથી અલગ છે. તેમણે એમ પણ કહ્યું છે કે ગેરંટી કાર્ડ અંતર્ગત આગામી ૫ વર્ષ લોકોને ૨૦૦ યુનિટ વીજળી વિના મૂલ્યે મળવાનું જારી રહેશે. દરેક ઘરને ૨૪ કલાક શુદ્ધ પાણી મળશે.

આપ દિલ્હીની તમામ ૭૦ બેઠક પર તેના ઉમેદવાર નક્કી કરી ચુકી છે.



મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ નવી દિલ્હી બેઠકથી ચૂંટણી લડી રહ્યા છે. ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૨૧મી જાન્યુઆરી છે. ૮ ફેબ્રુઆરીના રોજ મતદાન બાદ ૧૧ ફેબ્રુઆરીના રોજ ચૂંટણી જાહેર થશે.

કેજરીવાલે કહ્યું છે કે ઘોષણા પત્ર આગામી ૧૦-૧૫ દિવસમાં આવશે. આ અમારું ગેરંટી કાર્ડ છે. અમારા વિકાસની પાક્કી-ગેરન્ટી છે. તેમા કેટલીક વાત એવી છે કે જે અમે પૂરી કરી ચુક્યા છીએ. જે પણ વચન આપવામાં આવી રહ્યા છે તે આગામી ૫ વર્ષમાં પૂરા કરશું. કેટલીક ગેરન્ટી ઘણી મોટી છે, માટે ૨,૩ અથવા તો ૫ વર્ષમાં લાગુ કરી શકાશે.

કેજરીવાલે જાહેર કરેલા ગેરન્ટી કાર્ડની મોટી વાતો

- દિલ્હીમાં તમામને ૨૪ કલાક વીજળી પૂરી પાડીશું. ૨૦૦ યુનિટ મફત વીજળીની યોજના યથાવત રહેશે. વાયરોના ગુંચવાડાની જગ્યાએ દરેક ઘર સુધી અંડર ગ્રાઉન્ડ કેબલથી વીજળી પહોંચશે.

- દરેક ઘરમાં ૨૪ કલાક શુદ્ધ પીવાનું પાણી પૂરૂ પાડીશું. દરેક પરિવારને ૨૦ હજાર લીટર મફત પાણીની યોજના ચાલુ જ રહેશે.

- દિલ્હીના દરેક બાળકને શ્રેષ્ઠ શિક્ષણ પૂરૂ પાડવા માટે વિશ્વ સ્તરીય શિક્ષણ વ્યવસ્થા લાગુ કરીશું

- દિલ્હીના દરેક પરિવારને અધ્યતન હોસ્પિટલો અને મોહલ્લા ક્લિનિક મારફતે સારવારની યોગ્ય વ્યવસ્થા ગોઠવીશું. જેમા સસ્તા દરે શ્રેષ્ઠ સારવાર પૂરી પાડવામાં આવશે

- દિલ્હીના નાગરિકો માટે સરકારી ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા વધુ સુવિધાજનક બનાવીશું. આ માટે ૧૧ હજારથી વધુ બસો અને ૫૦૦ કિલોમીટરથી વધી લાંબી મેટ્રો લાઈનો નાંખીશું. મહિલાઓ સાથે વિદ્યાર્થીઓને પણ મફત બસ મુસાફરીની સુવિધા

- વાયુ પ્રદૂષણના સ્તરને ઓછુ કરીને ૩ ઘણો ઘટાડવાનું લક્ષ્ય છે. આ માટે ૨ કરોડ વૃક્ષો વાવીને ગ્રીન

અનુસંધાન પાના નં. ૮



હાર્દિક પટેલને ભાજપ વારંવાર હેરાન કરી રહી છેઃ પ્રિયંકા ગાંધી



હાર્દિકની ધરપકડ કોર્ટના આદેશથી થઈઃ નીતિન પટેલ

પ્રિયંકા ગાંધીની ટિપ્પણી પર નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જવાબ આપ્યો કે, પ્રિયંકાબેનને કાયદાની ખબર હોવી જોઈએ. હાર્દિકની ધરપકડ કોર્ટના આદેશથી છે. કોર્ટમાં કેસ ચાલુ હોય ત્યારે આરોપીએ હાજર રહેવાનું હોય છે. કોર્ટની મુદતમાં હાજર ન રહેતા વોરંટ નીકળ્યું હતું. આમાં રાજ્ય સરકાર કે પોલીસનો કોઈ રોલ નથી. દેશમાં આવા અનેક બનાવો બન્યા છે.

ન્યુ દિલ્હી

કોંગ્રેસ નેતા હાર્દિક પટેલની ધરપકડ મામલે પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ભાજપ સરકાર પર નિશાન સાધ્યુ છે. પ્રિયંકા ગાંધીએ કહ્યુ, યુવાનોની રોજગારી અને ખેડૂતોના હકની લડત લડનારા હાર્દિક પટેલને ભાજપ સરકાર વારંવાર હેરાન કરી રહી છે.

હાર્દિકે પોતાના સમાજના લોકોનો અવાજ ઉઠાવ્યો, તેમની માટે નોકરીઓ માગી, અનામત માગી, ખેડૂતો માટે આંદોલન કર્યુ. ભાજપ આને દેશદ્રોહ કહી રહી છે.

હાર્દિક પટેલની શનિવારે વિરમગામ પાસે હાસલપુરમાંથી ધરપકડ કરાઈ હતી. હાર્દિક પટેલની રાજદ્રોહના કેસ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. આ મામલે કોર્ટે હાર્દિક પટેલ વિરૂદ્ધ બિન જામીન વોરન્ટ જારી કર્યુ હતુ અને ૨૪ જાન્યુઆરીએ હાજર થવા કહ્યુ હતુ. જોકે તેના પહેલા જ ધરપકડ કરવામાં આવી.

અમદાવાદ કોર્ટે હાર્દિક પટેલ વિરૂદ્ધ પાટીદાર અનામત સમર્થક રેલી બાદ થયેલી હિંસા મામલે દાખલ રાજદ્રોહના એક કેસમાં શનિવારે બિન જામીનપાત્ર વોરન્ટ જારી કર્યુ હતુ.

હૂતી વિદ્રોહિયોનો સૈનિકો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલોઃ ૭૦ સૈનિકોના મોત

સના

મારિબ પ્રાંતમાં ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહિયોએ શનિવારે બેલિસ્ટીક મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો છે. આ હુમલામાં યમનના ઓછામાં ઓછા ૭૦ સૈનિકો માર્યા ગયા છે. સાઉદી અરબના મીડિયાના જણાવ્યા પ્રમાણે આ હુમલો એવા સમયે થયો હતો કે જ્યારે સૈનિક મારિબ પ્રાંતની એક મસ્જિદમાં સાંજે નમાઝ માટે જઈ રહ્યા હતા.

હૂતી વિદ્રોહિયોના હુમલા બાદ યમનની રાજધાની સનામાં વિદ્રોહિયોના વિવિધ વિસ્તારો પર સાઉદી સમર્થિત દળોએ જવાબી કાર્યવાહી શરૂ કરી છે. સાઉદી અરબ યમનમાં ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહિયો સામે છેલ્લા ૫ વર્ષથી લડત લડી રહ્યું છે. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે હુમલામાં બન્ને પક્ષના ઓછામાં ઓછા ૨૨ લોકો માર્યા ગયા છે. યમનના રાષ્ટ્રપતિ અબુ-મંસૂર હાદીએ આતંકવાદી ઘટનાની ટીકા કરી છે. હૂતી વિદ્રોહિયોએ ૨૦૧૪ના અંતમાં યમનની રાજધાની સના સહિત દેશના મોટાભાગના ઉત્તરી વિસ્તારોને પોતાના કબ્જામાં લીધા હતા. આ સાથે ત્યાં ગૃહયુદ્ધ શરૂ થઈ ગયું હતું. ૫ વર્ષથી જારી ગૃહયુદ્ધ દરમિયાન ૧૦ હજાર કરતા વધારે લોકો માર્યા ગયા હતા.

૩૦ લાખ કરતા વધારે લોકો વિસ્થાપિત થયા હતા. રાષ્ટ્રપતિ અબ્દુ-રબ્બુ મંસૂર હાદી અને તેની સરકારે પડોશી દેશ સાઉદી અરબમાં શરણ લેવું પડ્યું હતું.

પાકિસ્તાનમાં એક કિલો લોટ ૬૨ રૂપિયાના ભાવે વેચાઈ રહ્યો છે..!!

ઈસ્લામાબાદ

પાડોશી દેશ પાકિસ્તાનની ઈકોનોમીનુ સંકટ ઈમરાનખાન સરકાર માટે ચિંતાનો વિષય બની રહ્યુ છે. પાકિસ્તાનમાં વધતી જતી મોંઘવારીની ચપેટમાં હવે લોટ પણ આવી ગયો છે.પાકિસ્તાનમાં એક કિલો લોટ ૬૨ રુપિયાના ભાવે વેચાઈ રહ્યો છે.ઘઉંના લોટની અછતના કારણે ભાવ વધી રહ્યા છે.

કેટલાક વિસ્તારોમાં ૧૦ કિલો લોટ ૭૦૦ રુપિયાના ભાવે મળી રહયો છે.જે પહેલા ૪૫૦ રુપિયામાં મળતો હતો.લાહોરના ફ્લોર મિલ એસોસિએશને લોટના ભાવમાં ૬ રુપિયા પ્રતિ કિલોનો વધારો કરી દીધો છે.

ઈમરાનખાન સરકારે તમામ રાજ્ય સરકારોને ખાવા પીવાની વધતી જતી કિંમતો પર લગામ લગાવવા માટે શનિવારે જ આદેશ આપ્યો હતો.જોકે મોંઘવારી વધી જ રહી છે.પાકિસ્તાનના ખૈબર પખ્તૂન્વા પ્રાંતમાં તો ઢાબાઓ અને રેસ્ટોરન્ટના માલિકોએ લોટના વધતા જતા ભાવ સામે હડતાળ પર જવાની ધમકી આપી છે .સંસાયલકો ને એસોસિએશને સરકારને કહ્યુ છે કે, કાંતો લોટના ભાવ ઘટાડાય કાં તો નાન અને રોટલીની કિંમત વધારવા માટે પરવાનગી આપવામાં આવે. જોકે સરકારે ઘઉંની અછતની વાતને ખોટી ગણાવી છે.સરકારનુ કહેવુ છે કે, હજી પણ ૪૦ લાખ ટન ઘઉંનો જથ્થો અનામત પડ્યો છે.

ઈન્ટરનેટનો ઉપયોગ લોકો અભદ્ર ફિલ્મો જોવા માટે જ કરે છે

કાશ્મીરમાં ઈન્ટરનેટ બેનને કારણે કોઈ આર્થિક નુકસાન થયું નથીઃ નીતિ આયોગના સભ્ય

ન્યુ દિલ્હી

નીતિ આયોગના એક સભ્યએ જણાવ્યું છે કે, જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ બેનને કારણે કોઈ આર્થિક નુકસાન થયું નથી. આયાગોના સભ્ય વી કે સારાસ્વતે શનિવારે એક સમારંભમાં જણાવ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગયા વર્ષે પાંચ ઓગસ્ટે કરાયેલા ઈન્ટરનેટ બેનને કારણે આર્થિક મોર્ચે કોઈ નુકશાન થયું નથી.

સારાસ્વતે જણાવ્યું હતું કે, જેટલા પણ રાજકીય નેતા કાશ્મીર જવા માગે છે તે શાના માટે ત્યાં જવા માગે છે ? જેવીરીતે દિલ્હીના રોડ પર આંદોલન થઈ રહ્યા છે તેવી જ રીતે કાશ્મીરના રોડ પર આંદોલન કરવા માગે છે. લોકો સોશયલ મીડિયાનો ઉપયોગ આગની જેમ કરે છે. ઈન્ટરનેટ પર ત્યાંના લોકો શું જુએ છે? ત્યાં અભદ્ર ફિલ્મ જોવા સિવાય લોકો કંઈ કરે છે ખરા?

સારાસ્વતને સવાલ કરાયો હતો કે તેઓ વિચારે છે કે ભારતના વિકાસ માટે ટેલિકોમ જરૂરી છે તો આવામાં જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ કેમ મૂકવામાં આવ્યો? જેના જવાબમાં તેમણે જણાવ્યુ હતું કે, કાશ્મીરમાં ઈન્ટરનેટ સેવા પર પ્રતિબંધ મૂકવાનું કારણ અલગ છે. ત્યાં કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવી અને જો કાશ્મીરને આગળ લઈ જવું છે તો આપણે જાણીએ છીએ કે ત્યાં કેટલાક લોકો છે જે માહિતીના સાધનોનો ખોટો ઉપયોગ કરશે જેનાથી કાયદો-વ્યવસ્થાને લઈને સમસ્યા સર્જાઈ શકે છે.

લખનૌમાં પોલીસે પ્રદર્શનકારીઓ પાસેથી છીનવ્યા ધાબળા

નાગરિકતા કાયદા વ્યાપક પ્રદર્શનઃ અલીગઢમાં ૭૦ મહિલાઓ પર FIR

અલીગઢ

સીએએ-એનઆરસીના વિરોધમાં હવે મહિલાઓ રસ્તા પર ઉતરી છે. દિલ્હીના શાહીન બાગ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી મહિલાઓ આ કાયદાનો વિરોધ કરી રહી છે. હવે ઉત્તર પ્રદેશના અલીગઢમાં પણ મહિલાઓ રસ્તા પર વિરોધ કરતા જોવા મળી રહી છે. શનિવારે અલીગઢમાં ૬૦-૭૦ મહિલાઓ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.

અલીગઢ સિવિલ લાયસન્સના સર્કલ અધિકારી અનિલ સામનિયાએ એફઆઈઆર વિશે જાણકારી આપતા કહ્યુ કે અહીં કેટલીક મહિલાઓ કલમ ૧૪૪ લાગુ હોવા છતાં પ્રદર્શન કરવાનો પ્રયત્ન કરી રહી છે. જે બાદ આ તમામ મહિલાઓ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે.

સીએએ વિરૂદ્ધ શાહીન બાગ અન્ય શહેરો માટે પ્રતીક બની ગયુ છે. ૩૦ દિવસ કરતા વધારે સમય પસાર થઈ જવા છતાં લોકો અત્યાર સુધી ધરણા પર બેઠા છે. પ્રદર્શનમાં સૌથી આગળ મહિલાઓ છે અને સાથે બાળકોને પણ ધરણા સ્થળમાં સામેલ કરવામાં આવ્યા છે.

લખનૌના ઘંટાઘરમાં આજે પણ નાગરિકતા સંશોધન કાયદા વિરૂદ્ધ મુસ્લિમ મહિલાઓનુ પ્રદર્શન ચાલુ છે. ઘંટા ઘર પર ચાલી રહેલા પ્રદર્શનમાં પોલીસની કાર્યવાહી બાદ અફરાતફરીનો માહોલ સર્જાયો છે. રવિવારે સવારે પોલીસે પ્રદર્શનકારી મહિલાઓ પાસેથી ખાણી-પીણીનો સામાન સહિત ધાબળા પણ જપ્ત કરી લીધા છે.

જિનપિંગની મ્યાનમાર મુલાકાત દરમ્યાન ફેસબુકે કરેલી ટિપ્પણી પર માફી માંગી

સાન ફ્રાન્સિસ્કો

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મ્યાનમાર યાત્રા દરમિયાન ફેસબુકએ બર્મીઝ ભાષાથી અંગ્રેજીમાં તેમના નામના ખોટા અનુવાદ બદલ શનિવારે માફી માંગી છે. મ્યાનમારની રાજધાની નેપીતાની શી જિનપિંગની બે દિવસની યાત્રાએ કોઈ પણ ચાઈનીઝ નેતાની બે દાયકામાં પહેલી યાત્રા છે.

મ્યાનમારના ફેસબુક પેજ પર સેલ્ફ ટ્રાન્સલેશન કરવાથી શીના નામની ખોટો અનુવાદ થયો હતો, જેના કારણે વિવાદ સર્જાયો હતો. બર્મીઝથી અંગ્રેજીમાં અનુવાદિત એક ફેસબુક પોસ્ટમાં, શી જિનપિંગનું નામ "મિસ્ટર શિટહોલ" લખાયું હતું. મ્યાનમારના નેતા આંગ સાન સુ ચી ના સત્તાવાર ફેસબુક પેજમાં સૌથી વધુ ભૂલ જોવા મળી. શનિવારે પહેલાં પોસ્ટ કરેલા એક અનુવાદિત નિવેદનમાં કહેવામાં આવ્યું હતુ કે, ચીનના રાષ્ટ્રપતિ મિસ્ટર શિટહોલ સાંજના ચાર વાગ્યે પહોંચ્યા છે. તેમાં આગળ લખ્યું છે, "ચીનના રાષ્ટ્રપતિ મિસ્ટક શિટહોલએ પ્રતિનિધિ સભાનાં એક અતિથિ દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા. ફેસબુકે કહ્યું કે આ અફસોસકારક છે અને ટેક્નિકલ ખામીને કારણે આવુ થયુ છે. ફેસબુકના એક પ્રવક્તાએ કહ્યું કે, અમે ટેકનિકલ ભૂલને સુધારી દીધી છે.

૧૧મા ધોરણની વિદ્યાર્થિનીએ હોસ્ટેલમાં બાળકને જન્મ આપ્યો...!!

રાયપુર

છત્તીસગઢના દંતેવાડામાં ૧૧મા ધોરણમાં ભણતી ૧૭ વર્ષની વિદ્યાર્થિનીએ સ્કૂલની હોસ્ટેલમાં બાળકને જન્મ આપતા ખળભળાટ મચી ગયો છે.

આ ઘટના સામે આવ્યા બાદ સ્કૂલ સત્તાધીશોની સાથે આખા વહિવટીતંત્રમાં હડકંપ સર્જાયો હતો.આ બાળક જોકે મરેલુ જન્મ્યુ હોવાનુ તંત્રે કહ્યુ હતુ.

દરમિયાન આ વિદ્યાર્થિનીએ કહ્યુ હતુ કે, છેલ્લા બે વર્ષથી હું ગામના જ એક યુવક સાથે રિલેશનશિપમાં હતી.આ મામલામાં હવે હોસ્ટેલના સુપ્રિટેન્ડેન્ટને સસ્પેન્ડ કરી દેવાયો છે.

ડેપ્યુટી કલેક્ટરને કહ્યુ હતુ કે, બાળકને જન્મ આપ્યા બાદ તેને હોસ્પિટલમાં લઈ જવાયુ હતુ.અમે મેડિકલ સ્ટાફની પણ પૂછપરછ કરી છે.દરમિયાન મૃત બાળકનો કબ્જો વિદ્યાર્થિનીના પરિવારજનોને સોંપી દેવાયો છે. હોસ્ટેલ દ્વારા આખી વાત છુપાવવા માટે વિદ્યાર્થિનીને તાવ આવતો હોવાનુ કારણ અપાયુ હતુ પણ જ્યારે મોડી રાતે તેની તબિયત બગડી હતી ત્યારે તેને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી.

બે બાળકોના કાયદા વાળા ભાગવતના નિવેદન પર વરસ્યા ઓવૈસી

દેશની મૂળ સમસ્યા વસ્તી નહીં, બેરોજગારી છેઃ ઓવૈસી

હૈદરાબાદ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે વસ્તી નિયંત્રણ કાયદા હેઠળ 'બે બાળકોની નીતિ'નું સમર્થન વ્યક્ત કર્યુ છે. જેને લઈને એઆઈએમઆઈએમ પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ ભાગવત પર નિશાન સાધ્તા જણાવ્યું છે કે, તેઓ બેરોજગારી અને બાળકોની આત્મહત્યા પર વાત નહીં કરે. મારા બેથી વધારે બાળકો છે અને અનેક ભાજપના નેતાઓના પણ બેથી વધારે બાળકો છે દેશની મુખ્ય સમસ્યા બેરોજગારી છે, વસ્તી નહીં.

નિઝામાબાદમાં એક રેલીને સંબોધતા ઓવૈસીએ એનસીઆરબીના એક રિપોર્ટને ટાંકીને જણાવ્યું કે, વર્ષ ૨૦૧૮માં દરરોજ ૩૬ યુવાનોએ બેરોજગારીને કારણે આત્મહત્યા કરી લીધી. તેમણે કેન્દ્ર સરકાર પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, તે લોકો બાળકોને નોકરી નથી આપી શકતા તેથી બે બાળકોની નીતિની વાતો કરી રહ્યા છે.

ઓવૈસીએ જણાવ્યું હતું કે, મોહન ભાગવતે નિવેદન આપ્યું કે બે બાળકોનો કાયદો બનાવીશું, તમે કેટલા બાળકોને નોકરીઓ આપી છે તે જણાવો. તેમણે સવાલ કર્યો કે, વર્ષ ૨૦૧૮માં દરરોજ ૩૬ બાળકોએ આત્મહત્યા કરી તે અંગે તમે કયારે વાત કરશો? ઓવૈસીએ જણાવ્યું કે, ભારતમાં ૬૦ ટકા વસ્તી ૪૦ વર્ષથી ઓછા લોકોની છે, આ લોકો તેની વાત નહીં કરે.

ભારતીય સૈન્ય હુમલા ચાલુ રાખશે તો અમે મૂકદર્શક નહીં બનીએઃ ઈમરાન ખાન

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાને ભારતને ધમકી આપી છે. ઈમરાન ખાને કહ્યું કે ભારત પોતાના સૈન્ય હુમલાને ચાલુ રાખશે તો પાકિસ્તાન મૂક દર્શક બની રહેશે નહીં. તે પણ વળતો જવાબ આપશે.

રવિવારે ઈમરાન ખાને ટ્વિટ કર્યું હતું કે, "હું ભારત અને આંતરરાષ્ટ્રીય સમુદાયને સ્પષ્ટ કરવા માંગુ છું કે જો ભારત નિયંત્રણ રેખા (એલઓસી) પર સૈન્ય કાર્યવાહી ચાલુ રાખે તો પાકિસ્તાન મૌન દર્શક નહીં રહે." ખરેખર, પાકિસ્તાનના યુદ્ધ વિરામના ઉલ્લંઘન પછી ભારત જવાબી કાર્યવાહી કરે છે. ઈમરાન ખાનને આ બદલો જોઈને આંચકો લાગ્યો છે.

અન્ય એક ટ્વિટમાં ઈમરાન ખાન કહે છે કે ભારત એલઓસી પર સતત ગોળીબાર કરે છે અને સ્થાનિક લોકોને નિશાન બનાવે છે. સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદે આ મામલામાં દખલ કરવાની જરૂર છે. રાષ્ટ્રીય લશ્કરી નિરીક્ષક જૂથ (યુએનએમઓજીઆઈપી) એ ભારતીય પ્રવૃત્તિ પર નજર રાખવી જોઈએ અને કાશ્મીરની મુલાકાત લેવી જોઈએ. ભારતીય સેનાના ફ્લેગ ઓપરેશનથી અમને ડર લાગે છે.

ભારતની નીતિ પહેલા ક્યારેય હુમલો કરવાની નહોતી. આવી સ્થિતિમાં ભારતીય સેનાએ પાકિસ્તાનના ફાયરિંગના જવાબમાં કાર્યવાહી કરવાની રહેશે. ભારત સરહદ પર શાંતિ ઈચ્છે છે, જ્યારે પાકિસ્તાન સતત સરહદી વિસ્તારોમાં ફાયરિંગ કરી રહ્યું છે. પાકિસ્તાન સરહદી વિસ્તારોમાં સતત યુદ્ધવિરામ ભંગ કરી રહ્યું છે.

બાંગ્લાદેશ વડાપ્રધાનનું નિવેદન સીએએ ભારતનો આંતરિક મામલો, બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર અત્યાચાર નથી થતો

ઢાકા

સીએએ-એનઆરસી ભારતનો આંતરિક મામલો છે તેવુ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીનાનુ કહેવુ છે.

અખાતી દેશના અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યુ હતુ કે, ભારત પહેલેથી જ કહેતુ રહ્યુ છે કે, એનઆરસી અમારો આંતરિક મામલો છે.પીએમ મોદીએ પણ મને આ વાત કરી હતી.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે, બાંગ્લાદેશમાં અત્યાચારના કારણે લઘુમતીઓએ પલાયન કર્યુ છે તે વાત ખોટી છે.એ જ રીતે ભારતથી કોઈ બાંગ્લાદેશમાં આવ્યુ નથી પણ ત્યાંના લોકોને મુશ્કેલી પડી રહી છે. ઉલ્લેખનીય છે કે, બાંગ્લાદેશની વસતી ૧૬ કરોડ છે અને તેમાંથી ૧૦ ટકા વસતી હિન્દુઓની છે.જ્યારે માત્ર ૦.૦૬ ટકા જ બૌધ્ધ છે.

જમ્બો આતંકીનું વજન એટલું હતું કે પોલીસે મહાકાય ટ્રકમાં લઈ જવો પડ્યો....!!

બગદાદ

ઈરાકના મોસૂલમાં આતંકી પકડવા માટે ગયેલી સ્વોટ ટીમના પગ તળેથી જમીન ખસી ગઈ જ્યારે તેમણે આતંકીનું શરીર જોયું. આતંકી શિફા-અલ-નિમા ઉર્ફ જબ્બા ધ જીહાદીનું શરીર એટલું વિશાળ હતું કે પોલીસ તેને હલાવી પણ નહોતી શકી. આતંકી પકડાય ગયા બાદ તેના ભાગવાનો કોઈ સવાલ જ પેદા નહોતો થતો. આતંકીના શરીરનું વજન ૨૫૦ કિલો હતું. પણ પોલીસ માટે સૌથી મોટી મુસીબત ત્યારે સામે આવી જ્યારે આતંકી પોલીસ વેનની અંદર બેસી જ ન શક્યો. આ જોઈ પોલીસના ચહેરા પર પણ ચિંતાની લકીરો ખેંચાઈ ગઈ હતી.

આખરે આતંકીને લઈ જવા માટે પોલીસે વેનની જગ્યાએ ટ્રક બોલાવી અને સંપૂર્ણ હાસ્યાસ્પદ ઘટના પર પૂર્ણવિરામ મુકાયું. હાલ આતંકીને લઈ જવાની એ તસવીર વીજળી વેગે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે.

આતંકી જબ્બા ધ જીહાદી ઓબેસિટી એટલે કે મેદસ્વીપણાનો શિકાર છે. તેને આઈએસઆઈએસના પ્રમુખ નેતાઓમાંથી એક માનવામાં આવે છે. જબ્બા જેહાદીના નામથી આતંકની દુનિયામાં ખ્યાતનામ એવો આ આતંકી ભડકાઉ ભાષણ દેવા માટે ખ્યાતનામ છે.

શિફા અલ નિમા અંગે તપાસ કરી ચૂકેલા બ્રિટિશ એક્ટિવિસ્ટ માજિદ નવાબના જણાવ્યા અનુસાર આતંકી શિફાનું કામ કરતો હતો. પોતાના ભાષણો દ્વારા તે આતંકીઓને તૈયાર કરવાનું કામ કરતો હતો અને બ્રેન વોશ કરવાની કામગીરી સાથે સંકળાયેલો હતો. હવે ૨૫૦ કિલોના જમ્બો આતંકીનું પકડાવું એ આતંકીઓ માટી ખતરાની ઘંટી સમાન છે. કારણ કે જબ્બાના પકડાતા હવે યુવાનોનું બ્રેઈન વોશ કરવાની કામગીરી ઠપ્પ થઈ જશે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U™ ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

બિનઉપયોગી જમીન

મોદી સરકાર આર્થિક મંદીના માહોલમાં અનેક પડકારોનો સામનો કરી રહી છે. તેની સામે બિન ઉપજાઉ જમીન પર લીલીક્રાન્તિ લાવવાની બાબત આજે સૌથી પડકાર તરીકે છે. આજે દેશમાં જ્યારે ભોજન અને પાણી માનવીના મુળભુત અધિકારોમાં માનીને આને સામાન્ય લોકો સુધી પહોંચાડી દેવા માટેની બાબત પણ કાયદાકીય અડચણો બની ચુકી છે. આવી સ્થિતીમાં અનાજ ઉત્પાદનને લઈને ઉભરતા પડકારોને પહોંચી વળવા માટે સંઘર્ષ હવે સરકારની નૈતિક મજબુરી પણ બની ગઈ છે. દુનિયાભરમાં તમામ દેશોમાં જળ, વન્યના બિનજરૂરી આડેધડ ઉપયોગ અને વન્ય વિસ્તારોના નાશ કરવામાં આવી રહ્યા છે. આના કારણે જટિલ સમસ્યા ઉભી થઈ રહી છે. જેથી જમીન બિન ઉપજાઉ અને બિન કૃષિ લાયક બની રહી છે. આ જ કારણસર વરસાદ વગર પણ સતત જમીનો ઘણા સમય સુધી વેરાન પડી રહે છે. આજે માનવી સભ્યતા માટે બિનફળદ્રુપ પાક જમીન એક ખુબ મોટી સમસ્યા બની ચુકી છે. આંકડા મુજબ દુનિયામાં ૨૩ ટકા ભૌગોલિક ક્ષેત્ર મરુસ્થળીકરણના સકંજામાં આવી ગયા છે. કેન્દ્ર સરકારના હાલના બંજર જમીનને આબાદ કરવાના નિર્ણયને વિશ્વભરમાં આવકાર મળ્યો છે. જો કે આ બાબત ખુબ મોટા પડકાર તરીકે છે. બીજી બાજુ વિશ્વમાં ઝડપથી મરુસ્થળીકરણના કારણે વર્ષ ૨૦૫૦ સુધી દુનિયાની આશરે ૭૦ કરોડ વસ્તીને પલાયન કરવાની ફરજ પડી શકે છે. આ રિપોર્ટના કારણે માનવ સમાજમાં ખળભળાટ મચી ગયો છે. મુલ્યાંકન અને અભ્યાસ કહે છે કે ભૂમિ બિન કૃષિઉપયોગી હોવાના કારણે સતત ખેતીના ક્ષેત્રમાં ઘટાડો થઈ રહ્યો છે. સાથે સાથે ભૂક્ષરણનુ પ્રમાણ વધી રહ્યુ છે. જેથી નજીકના ભવિષ્યમાં અનાજ સંકટ ઘેરાઈ જવાના સંકેત દેખાઈ રહ્યા છે. ભવિષ્યમાં ભીષણ અનાજ સંકટના વાદળો ઘેરાશે તેવા દાવા કરવામાં આવી રહ્યા છે જેથી સંબંધિત વિભાગો અને નિષ્ણાંતો કામે લાગી ગયા છે. આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને સપ્ટેમ્બરમાં પૂર્ણ થયેલા સંયુક્ત રાષ્ટ્રના એક કાર્યક્રમમાં ભારતે સ્પષ્ટતા કરી હતી તે તે બંજર જમીનને ખેતીલાયક બનાવી દેવા માટે સંયુક્ત રાષ્ટ્ર કરારની સાથે સમજુતી પણ કરનાર છે. ખાસ બાબત એ છે કે આ સમારોહમાં સામેલ થયેલા ૧૯૬ દેશો અને યુરોપિયન સંઘના આશરે આઠ હાર પ્રતિનિધીઓ દ્વારા જળવાયુ પરિવર્તન અને જૈવ વિવિધતા તેમજ વધતા જતા રણ વિસ્તારના મામલે વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી. આ તમામ સમસ્યાનો ઉકેલ શોધી કાઢવાના મામલે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ તમામ મામલે ભારતના વલણની વિશ્વભરમાં આજે પ્રશંસા થઈ રહી છે. એટલે કે એંકદરે ભારતની ચિંતા અને સક્રિયતા અન્ય દેશો માટે ખુબ મહત્વ રાખે છે. દુનિયાભરના દેશોમાં આજે ઝડપી શહેરીકરણના કારણે જટિલ સમસ્યા આવી રહી છે. વન્ય વિસ્તારો ઘટી રહ્યા છે. વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. જળ જંગલ કાપવામાં આવી રહ્યા છે. ભારતની ચિંતા આ બાબતના કારણે વધારે મહત્વ રાખે છે કે દેશમાં કુલ જમીન પૈકી ૩૦ ટકા જમીન આજે મરુસ્થળી જમીન બની ચુકી છે. પર્યાવરણને થઈ રહેલા નુકસાનને રોકવાની દિશામાં પહેલ અસરકારક રીતે કરવાની જરૂર છે.

બિનઉપયોગી જમીનને યોગ્ય રીતે કામમાં લેવાની બાબતો સરકાર માટે પડકારરૂપ

હાઈટ ન વધવી સમસ્યા છે

બાળકોની હાઈટ ન વધવાની ફરિયાદ અનેક વાલીઓ અને માતાપિતા કરતા રહે છે. કેટલાક તો હાઈટને વધારી દેવા માટે દવા પણ લેતા રહે છે. કેટલાક કિસ્સામાં માતાપિતાની હાઈટ સારી હોવા છતાં બાળકોની હાઈટ ઓછી રહી જાય છે. સંતુલિત ભોજન, નીંદ, પૌષક તત્વો અને એક્ટિવીટીમાં કમથી હાર્મોન પ્રભાવિત થાય છે. ગર્ભાવસ્થા દરમિયાન જો બાળકનુ વજન ઓછુ છે તો આવા બાળકોની લંબાઈ પર પણ માઠી અસર થાય છે. અનુવાંશિક કારણો ઉપરાંત અન્ય કારણોથી પણ હાઈટ વધતી નથી. ગર્ભાવસ્થાના ગાળા દરમિયાન માતાને પૌષક તત્વો હોય તેવી ચીજો ખુબ વધારે પ્રમાણમાં લેવાની જરૂર હોય છે. માતામાં જો પૌષક તત્વોની કમી રહે છે તો તેની અસર શિશુના વિકાસ પર સીધી રીતે થાય છે. આગાળા દરમિયાન સોનાગ્રાફી મારફતે ભ્રુણના વિકાસની ખાતરી કરવામાં આવે છે. જન્મ બાદ બે વર્ષ સુધી મેડકલી રીતે ગર્ભાવસ્થાથી ૧૦૦૦ દિવસ સુધી બાળકને યોગ્ય વિકાસ માટે મહત્વપૂર્ણ હોય છે. ઓછામાં ઓછા છ મહિના સુધી સ્તનપાન જરૂરી બને છે. કારણ કે માતાના દુધમાં શિશુના શારરિક તેમજ માનસિક વિકાસ માટે સંપૂર્ણ પોષણ હોય છે. છ મહિના બાદ પણ સ્તનપાનની સાથે સાથે બાળકોને સેમી સોલિડ ભોજન અથવા તો પોષ્ટિક ચીજો આપવાની જરૂર હોય છે. આ ગાળા દરમિયાન ઓછુ વજન હોવાના કારણે તેની લંબાઈ પર સીધી અસર થાય છે. શિશુ બિમાર ન થાય તેની ખાતરી કરવાના પ્રયાસ કરવા જોઈએ. કેટલીક એન્ટીબાયોટિક દવાથી પણ હાઈટ પર અસર થાય છે. કિશોરઅવસ્થામાં બાળકોમાં કેટલાક હાર્મોન સ્રાવ શરૂ થઈ જાય છે.

સારી ટેવ : ૨.૭ કિલોગ્રામ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને રોકી શકાય

રિસાયકલ વસ્ત્રો ખરીદવાની જરૂર

એક જોડી જુના વસ્ત્રો ખરીદવાથી ૨૪૧ લીટર પાણીની બચત કરી શકાય
ફેશન ઉદ્યોગથી જળવાયુ પરિવર્તન-ગ્લોબલ વોર્મિંગ સમસ્યા વધી ગઈ

ફેશન ઈન્ડસ્ટ્રીઝમાં વસ્ત્રોના નિર્માણમાં ઉપયોગ કરવામાં આવતા પાણી, વનસ્પતિ, કેમિકલ્સ, વીજળી અને કાર્બન ફુટપ્રિન્ટના કારણે પૃથ્વીને જળવાયુ પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગ જેવા ખતરાનો સામનો કરવો પડી રહ્યો છે. ફેશન ઉદ્યોગના કારણે આ સમસ્યા અતિ ઝડપથી વધી રહી છે. હાલમાં જ મુકવામાં આવેલા એક નવા અંદાજમાં દાવો કરવામાં આવ્યો છે કે અમારા પર્યાવરણમાં કાર્બન ઉત્સર્જનમાં ૮.૧૦ ટકા હિસ્સેદારી તો માત્ર ફેશન ઈન્ડસ્ટ્રીઝની રહેલી છે. ફેશન ઉદ્યોગમાં પાણીનો વપરાશ સૌથી વધારે પ્રમાણમાં થાય છે તે વાતથી તમામ લોકો સારી રીત વાકેફ છે. હવે ફાસ્ટ ફેશન પણ એક મોટી સમસ્યા તરીકે ઉભરીને સપાટી પર આવી છે. વર્ષ ૨૦૫૦ સુધી જળવાયુ પરિવર્તનના એક ચતુર્થાંશ કાર્બન ઉત્સર્જન માટે ફેશન ઈન્ડસ્ટ્રીઝ જ જવાબદાર બની જશે. જેથી ફેશન ઉદ્યોગ પર કેટલીક નૈતિક જવાબદારી પણ બની રહી છે. હાલમાં જ એક અંગ્રેણી અખબારમાં આ અંગેના હેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ કેટલીક મોટી બાબત લોકોની સામે આવી છે. જે તમામની આંખ ખોલે તેવી છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે એક જોડી વસ્ત્ર નવ મહિનાથી વધારે સમય સુધી પહેરવાથી ૩૦ ટકા સુધી કાર્બન ફુટપ્રિન્ટ ઓછી કરી શકાય છે. સાથે સાથે જો નવા વસ્ત્રોના બદલે રિસાયકલિંગ વસ્ત્રો ખરીદવામાં આવે તો અમે આશરે ૨.૭ કિલોગ્રામ ગ્રીન હાઉસ ગેસોના ઉત્સર્જનને ઘટાડી શકીએ છીએ. આ ઉપરાંત જો માત્ર એક જોડી જુના વસ્ત્રોની ખરીદી કરીએ છીએ તો ૨૪૨ લીટર પાણીની બચત કરી શકીએ છીએ. દુનિયાભરના દેશોમાં હવે પ્રી ઓડ વસ્ત્રોની માંગ વધી રહી છે. ૪૦ ટકા જેટલા ખરીદવામાં આવેલા નવા વસ્ત્ર વિકસિત દેશોમાં લોકો ક્યારેય પહેરતા નથી. આવી જ રીતે ૩૦ ટકા સુધી કાર્બન ફુટપ્રિન્ટ ઓછામાં ઓચા નવ મહિના સુધી વસ્ત્રો પહેરવાથી ઓછુ કરી શકાય છે. આવી જ રીતે ૫૦ ટકા ગ્રીન હાઉસ ગેસોમાં વધારો થઈ શકે છે. આ વધારો ૨૦૩૦ સુધી થઈ શકે છે. ફેશન ઈન્ડસ્ટ્રીઝના કારણે ૨૦૩૦ સુધી ૫૦ ટકા ગ્રીન હાઉસ ગેસમાં વધારો થવા જઈ રહ્યો છે જે ચિંતા ઉપજાવે તેવી સ્થિતીનો સંકેત આપે છે. વિશ્વ બેંકના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ૨૦ ટકા પાણી માત્ર વસ્ત્રોને રંગવા માટે ખર્ચ થઈ જાય છે. દુનિયાભરમાં આ આંકડો ધ્યાનમાં લેવામાં આવ્યો છે. વ્યક્તિગત રીતે અમે તમામ લોકો મોટા ફેરફાર કરી શકીએ છીએ. થ્રેડઅપ જેવી કેટલીક વેબસાઈટ પર આવી બ્રાન્ડની માહિતી ઉપલબ્ધ છે જે જે જુના અને રિસાયકલ વસ્ત્રોથી બન્યા છે. આમાંથી કેટલાક વસ્ત્રો તો ૨૦ વર્ષ પહેલાના રિસાયકલ વસ્ત્રોથી બન્યા છે. રિસેલ, રિસાયકલિંગ અને જુના વસ્ત્રોને પહેરીને અમે ધરતીને નષ્ટ થતી બચાવી શકાય છે. હાલમાં જ કેરન ટાઉલોને પતિ માટે એક રિસાયકલ સુટની પસંદગી કરી છે. ૨૦ ટકા ડિસ્કાઉન્ટ બાદ આની કિંમત ૧૮૦ ડોલરમાં પડી છે. રિયલ રિયલ સાઈટ મુજબ આ જુના સુટની ખરીદીથી કેરેને પૈસાની સાથે સાથે એક સુટ બનાવવા પાછળ ખર્ચ થનાર ૨૪૨ લીટર પાણી અને ૭૦ કિલોમીટ સુધી ચાલી શકે તેટલા પ્રમાણમાં કાર્બન ફુટપ્રિન્ટની બચત કરી લીધી છે. બીજી બાજુ નિષ્ણાંતો કહે છે કે જે વસ્ત્રો ઉપયોગમાં લઈ રહ્યા નથી તે વસ્ત્રો જરૂરિયાતમંદ લોકોને આપી શકાય છે. વસ્ત્રો જો થોડાક પ્રમાણમાં ફાટી જાય અથવા તો કપાઈ જવાય તો તેને ઠીક કરી શકાય છે. તેને ફેંકવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. વસ્ત્રોની ખરીદી એટલી જ કરવી જોઈએ જેટલી તમને જરૂર હોય છે. કેટલાક તો એવા દેશ છે જ્યાં લોકો ખરીદવામાં આવેલા ૪૦ ટકા વસ્ત્રો તો જીવનમાં ક્યારેય પહેરતા પણ નથી.

ઓસ્ટ્રેલિયન આગ : ક્લાઈમેટ ચેંજના લીધે માનવી પર અસર

આગના કારણે અબજો પ્રજાતિ ખતમ

આગમાં એવી પ્રજાતિઓ બળીને નષ્ટ થઈ ચુકી છે જે માત્ર ઓસ્ટ્રેલિયામાં જ જોવા મળતી હતી : ચેતવણીની અવગણના ખુબ ભારે પડી છે

અમે છેલ્લા કેટલાક સમયથી એવા મુલ્યાંકન કરી રહ્યા હતા કે ક્લાઈમેટ ચેંજના કારણે દક્ષિણ ઓસ્ટ્રેલિયામાં ગરમી વધી રહી છે. સાથે સાથે નમી ખતમ થઈ રહી છે. તમામ જગ્યાએ વધારે પ્રમાણમાં ઠંડી અને વધારે પ્રમાણમાં ગરમીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હાલના સમયમાં દુનિયાના તમામ દેશોમાં એકાએક દુકાળ અને વધારે પડતો એકાએક વરસાદ જોવા મળ્યો છે. વર્ષ ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયામાં સૌથી વધારે પ્રમાણમાં ગરમી અને સુખા હવામાનની સ્થિતી જોવા મળી હતી. વર્ષ ૨૦૧૮માં પણ દુકાળની સ્થિતી રહી હતી. જે સ્થિતી વર્ષ ૨૦૧૯માં યથાવત રહી હતી. આ જ કારણસર ઓસ્ટ્રેલિયાના વન્ય વિસ્તારોમાં સરળતાથી આગ લાગી હતી. આ તમામની આગાહી તો વર્ષ ૨૦૦૮માં જ કરી દેવામાં આવી હતી. એ વખતે જ અનુમાન લગાવી દેવામાં આવ્યુ હતુ કે ૨૦૨૦ સુધીના ગાળામાં ભીષણ આગ લાગી શકે છે. આગાહી મુજબ જ હાલમાં ભીષણ આગ વન્ય વિસ્તારોમાં લાગી હતી. આના કારણે અભૂતપૂર્વ નુકસાન થયુ છે. ક્લાઈમેટ ચેંજને લઈને ચેતવણી આપવામાં આવી હતી. જેને કોઈ મહત્વ આપવામાં આવ્યુ ન હતુ. વાસ્તવિકતા તો એ છે કે પહેલા દેશમાં કાર્બન ટેક્સ લાગુ કરવામાં આવતો હતો પરંતુ નવી સરકાર આવ્યા બાદ તેને દુર કરી ચુકી છે. ઓસ્ટ્રેલિયામાં ઉત્સર્જનનુ સ્તર સતત વધતુ ગયુ હતુ. ઓસ્ટ્રેલિયામાં ક્લાઈમેટ ચેંજને કરવામાં આવેલી ચેતવણીની અવગણનાના કારણે એટલી વિનાશકારી આગ લાગી છે કે તેની અસર ખુબ ખતરનાક રહી છે. આના કારણે અબજો દુર્લભ પ્રજાતિઓ આગમાં બળીને નષ્ટ થઈ ચુકી છે. સિડની યુનિવર્સિટીના સ્કુલ ઓફ લાઈફ એન્ડ એન્વાયરમેન્ટ સાયન્સમાં ટેરેસ્ટ્રિયલ ઈકોલોજીના પ્રોફેસર તેમજ ઓસ્ટ્રેલિયન એકેડમી ઓફ સાયન્સના ફેલો ક્રિસ્ટોફર ડિકમેને દાવો કર્યો છે કે ઓસ્ટ્રેલિયાના વન્ય વિસ્તારોમાં લાગેલી આગના કારણે આશરે અબજો પ્રજાતિઓ બળીને નષ્ટ થઈ ગઈ છે. ડિકમેને ચિંતા વ્યક્ત કરતા કહ્યુ છે કે ક્લાઈમેટના કારણે માનવી પર જે અસર થઈ છે તેની સીધી અસર ખુબ ઘાતક રહી છે. ડિકમેને કહ્યુ છે કે તેઓહજુ આના પર કામ કરી રહ્યા છે કે સેંકડો અબજ પ્રજાતિઓને નુકસાન થયુ છે. તેમાં કોઈ શંકા માટે સ્થાન નથી. ન્યુસાઉથવેલ્સથી ૮૦૦૦૦ કોઆલા આગમાં બળીને ખાખ થઈ ગયા છે. આ આંકડા હજુ વધી શકે છે. છોડની લાંબી રેંજ રહેલી છે. જેમ ઓર્ચિડની ખાસ પ્રજાતિઓ રહેલી છે. જે નાના નાના વિસ્તારોમાં જ જોવા મળે છે. આની પ્રજાતિઓ ખતમ થઈ ગઈ છે. આજીવ વિવિધતાને થયેલા નુકસાનની માનવી પર અનેક રીતે અસર થનાર છે. એવી પ્રજાતિઓ આગમાં ખતમ થઈ ગઈ છે જે માત્ર ઓસ્ટ્રેલિયામાં જ જોવા મળે છે. આ તમામ પ્રજાતિઓ ખતમ થઈ જવાનો અર્થ એ છે કે આ ગ્લોબલ નુકસાન છે. કારણ કે આ પ્રકારની પ્રજાતિઓ દુનિયામાં અન્ય કોઈ જગ્યાએ જોવા મળી રહી નથી. કુદરતમાં પણ તેમની ખાસ ભૂમિકા રહેલી હતી. ઈકોસિસ્ટમ પર તેની ખુબ ખરાબ અસર થનાર છે. દુનિયાના દેશોમાં આ આગની ચર્ચા હાલમાં જોવા મળી રહી છે. ઓસ્ટ્રેલિયામાં આગ લાગવાની ઘટના વારંવાર બનતી રહે છે. આગની ઘટનાઓના કારણે ઓસ્ટ્રેલિયામાં સંપત્તિને ભારે નુકસાન થઈ ચુક્યુ છે. મોટી સંખ્યામાં લોકોના મોત પણ થયા છે. માનવી અને પ્રાણીઓ તેમજ પશુના મોટી સંખ્યામાં મોત થયા છે. વર્ષ ૧૮૫૧ બાદથી ઓસ્ટ્રેલિયામાં આગની ઘટનામાં ૮૦૦થી વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. લાખો પ્રાણીઓના મોત થયા છે. ઉંચા તાપમાનના કારણે જ સૌથી વિનાશકારી આગ લાગે છે.

ઓસ્ટ્રેલિયાના ઈતિહાસ પર નજર કરવામાં આવે તો છેલ્લા કેટલાક વર્ષોમાં આગની સતત ઘટના બનતી રહી છે. ઈન્ડસ્ટ્રીયલ ગ્લોબલ વોર્મિંગ બાદ હવે એવી ચેતવણી પણ આપવામાં આવી છે કે આગની ઘટનાઓમાં વધુ વધારો થઈ શકે છે. આગની ઘટનાઓના કારણે પર્યાવરણને ભારે નુકસાન થઈ રહ્યુ છે.

દાપોલી હિલ સ્ટેશનને મિનિ મહાબલેશ્વર કહેવામાં આવે છે

દાપોલી હિલ સ્ટેશન ખુબ આદર્શ

દાપોલી મહારાષ્ટ્રના એક નાનકડા હિલ સ્ટેશન તરીકે છે. અહીં વર્ષ દરમિયાન એક સમાન ખુબ આદર્શ વાતાવરણ રહે છે. સામાન્ય રીતે અહીં હમેંશા વાતાવરણ ઠંડુ રહે છે. જેના કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં આવતા રહે છે. અહી અનેક કિલ્લા, મંદિર અને ગુફાઓ આવેલી છે. જે પ્રવાસીઓને તેની તરફ જોરદાર રીતે આકર્ષિત કરે છે. અહીં મોસમ હમેંશા વર્ષ દરમિયાન આદર્શ રહે છે. આ તમામ કારણોસર દાપોલીને મિનિ મહાબલેશ્વર તરીકે પણ ગણવામાં આવે છે. કેટલીક મહાન હસ્તીઓ જેમ કે લોકમાન્ય તિલક, સાને ગુરૂજી, ઢોડો, મહર્ષિ કેશવ કાર્વે, તેમજ પરંજાપે અહીંના નિવાસી રહ્યા છે. અહીં અનેક ખુબસુરત બીચ, ધરોહર સ્થળ અને ઐતિહાસિક ઈમારતો રહેલી છે. તમામ લોકો કહે છે કે અહીં સી ફુડ્સ ખુબ સ્વાદિષ્ટ હોય છે. તેના કારણે પણ તે લોકપ્રિય હોય છે. વીકેન્ડ હોલિડે માટે આ જગ્યા ખુબ યોગ્ય તરીકે રહેલી છે. અહીં અનેક ઐતિહાસિક સ્થળો રહેલા છે જેમાં કેટલાકની બાબત તો હમેંશા ચર્ચામાં રહે છે. સૌથી પહેલા કેશવરાજ મંદિરની વાત કરવામાં આવે તો આ મંદિર પેશવા શેલીની વાસ્તુકલાના એક અદ્‌ભુત નમુના તરીકે છે. અહીં માહોલ હમેંશા ખુબ શાંત રહે છે. કેશવરાજ સુધી એક નાનકડો રસ્તો જાય છે. જે નારિયળ, સોપારી, કેરી અને કાજુના વૃક્ષો મારફતે પસાર થાય છે. અહીં કેટલીક વિશેષતાની સાથે સાથે અન્ય એક વિશેષતા એ છે કે અહીં ગરમ પાણીના કુદરતી પ્રવાહ પણ છે. જેના પાણીમાં ગંધકની ખુશબુ આવતી રહે છે. હકીકતમાં આ પાણી ગંધકના ભૂમિગત ઢગમાંથી પસાર થઈને નિકળે છે. એમ કહેવામાં આવે છે કે આ પાણીમાં ઔષધીના ગુણ રહેલા છે. સ્કીન સંબંધિત અનેક પ્રકારની બિમારીઓ આના કારણે દુર થાય છે. નજીકમાં ઘેરા વન્ય વિસ્તારો છે. નજીકની પહાડી પર શિવ ભગવાનનુ ભવ્ય મંદિર છે. સાથે સાથે નાનકડી નદીથી પાણી પ્રવાહ આ ભૌગોલિક ક્ષેત્રને ખુબ ખુબસુરત બનાવે છે. આ વિસ્તારથી વાકેફ રહેલા લોકો કહે છે કે જ્યારે તમે લેપ પોસ્ટ થઈને પસાર થશો તો કિલા કનકદુર્ગ અને સ્વર્ણ દુર્ગને સરળતાથી નિહાળી શકો છો. સમગ્ર કોંકણ દરિયા કાઠા પર હરનાઈ લેપ પોસ્ટ છે. જે સૌથી જુના અને મહત્વપૂર્ણ લાઈટહાઉસ તરીકે છે. તમે લેપ પોસ્ટ પર ઉભા થઈને બીચના નજારાને નિહાળી શકો છો. સાથે સાથે દરિયામાં લંગર રહેલા જહાજોને નિહાળી શકો છો. હરવોઈ પોર્ટ અને બીચ વચ્ચે કેટલાક ખુબસુરત નજારા રહેલા છે. આવી જ રીતે દાપોલી તાલુકાના અંજારલે ગામમાં એક ગ્રામીણ ગણેશ મંદિર પણ છે. જેને કાદીવાર્યા ગણપતિ મંદિર તરીકે ગણવામાં આવે છે. અંજારલે જોંગ નદીના કિનારે એક નાનકડા પોર્ટ છે. અહીંનુ ગણેશ મંદિર સમગ્ર કોંકણમાં ખુબ લોકપ્રિય છે. આ મંદિર ૧૨મી સદીનુ હોવાનુ માનવામાં આવેછે. વર્ષ ૧૬૩૦માં આમંદિરની દેખરેખ નિસ્ચર પરિવાર દ્વારા કરવામાં આવતી હતી. ઉંચાઈ પર આવેલા આ મંદિર પર જવા માટે પથ્થરની સીઢી લાગેલી છે. ત્યાંથી અરબ સાગર, સુવર્ણ દુર્ગ કિલ્લા હરનાઈ તેમજ નારિયળના ઘેરા વન્ય વિસ્તારોને જોઈ શકાય છે. દાપોલી જવા માટે તમામ વિકલ્પો રહેલા છે. જેમાં વિમાની રેલ અને માર્ગ સેવાનો સમાવેશ થાય છે. હવાઈ માર્ગ મારફતે જવા માટે ઈચ્છુક લોકોને રત્નાગીરી ડોમેસ્ટિક એરપોર્ટ પર પહેલા જવાની જરૂર હોય છે. જે દાપોલીથી ૧૨૭ કિલોમીટરના અંતરે છે. રેલમાર્ગની વાત કરવામાં આવે તો ખેડ રેલવે સ્ટેશન સૌથી નજીકમાં રેલવે સ્ટેશન છે. જે દાપોલીથી ૨૯ કિલોમીટરના અંતરે સ્થિત છે. માર્ગ વ્યવહારની વાત કરવામાં આવે તો માર્ગ મારફતે જવાની બાબત ખુબ સુવિધાજનક છે. દાપોલી મુંબઈથી આશરે ૨૨૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. સાથે સાથે પુણેથી ૧૮૫ કિલોમીટરના અંતરે સ્થિત છે. મહારાષ્ટ્રના મિનિ મહાબલેશ્વર તરીકે ગણાતા આ હિલ સ્ટેશન પર મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચતા રહે છે. અલબત્ત આ હિલ સ્ટેશન અંગે લોકો પાસે ઓછી માહિતી છે છતાં છેલ્લા કેટલાક વર્ષોમાં આ હિલ સ્ટેશન પર જતા લોકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

ખુબસુરત બીચ તમામ પ્રવાસીઓને આકર્ષિત કરે છે. સારા બજેટમાં અને પોષાય તેવા બજેટમાં આ હિલ સ્ટેશન પર જઈને મજા માણી શકાય છે. આ જગ્યાની અનેક વિશેષતા રહેલી છે. નારિયળના વન્ય વિસ્તારો તમામ પ્રવાસીઓને આકર્ષિત કર્યા વગર રહેતા નથી.

હું, ડૉક્ટરો અને રોગનું નિદાન

થોડાં વરસ પહેલાં મે મારી ભવ્ય માંદગીઓનું વર્ણન કરતો લેખ લખ્યો હતો. આ લેખમાં મેં લખ્યું હતું કે વર્ષો સુધી મને પગનો દુખાવો રહ્યો; શેને કારણે એ દુખાવો થતો હતો એનું નિદાન ડૉક્ટરો-વૈદ્યો કરી શક્યા નહિ અને પછી એની મેળે જ દુખાવો મટી ગયો ! આ વાંચીને જેમણે અનેક વાર મારો ઉપચાર કર્યો છે- મફતમાં ઉપચાર કર્યો છે- એવા મારા ડૉક્ટર મિત્ર (કે મિત્ર ડૉક્ટર) નારાજ થઈ ગયા. એમણે કહ્યું, ‘તમારો લેખ ડૉક્ટરો-વૈદ્યોની બદનક્ષી કરનારો છે. આ જમાનામાં ડૉક્ટરો નિદાન ન કરી શકે એવું બને જ નહિ. આ તો હું તમને જાણું છું એટલે મને ખબર છે કે તમે તમારા રોગનું વર્ણન બરાબર કરી શકતા નથી. તમે જ એકવાર મને કહ્યું હતું કે તમારી ઉપલી દાઢ દુખતી હતી ને તમે નીચલી દાઢ ખેંચાવવા ડૉક્ટર પાસે ગયા હતા. આ તો સારું છે કે દાંતના નિષ્ણાત ડૉક્ટરે સાચું નિદાન કર્યું અને તમે કહ્યું તે નહિ, પણ તમારી જે ખરેખર દુખતી હતી એ જ દાઢ ખેંચી. કોઈ અણઘડ પાસે ગયા હોત તો બે દાઢ ખેંચાવવી પડત ! તમને ટૅમ્પરેચર માપતાં પણ આવડતું નથી એટલે એમ ન કહેવાય કે થર્મોમીટર સાચું ટૅમ્પરેચર બતાવતું નથી.

ડૉક્ટર મિત્રની નારાજગી અમુક અંશે ખરી હતી. કોઈ પણ રોગ વખતે ડૉક્ટર ‘તમને શું શું થાય છે’ એવું પૂછે છે ત્યારે મને જે ખરેખર થતું હોય છે એ બધું હું ડૉક્ટરને કહી શકતો નથી અથવા ડૉક્ટરને મેં જે જે થતું હોવાનું કહ્યું હોય તે બધું ખરેખર મને થતું નહોતું એવો પછીથી મને ખ્યાલ આવે છે. પણ ડૉક્ટરને ગૂંચવવા નહીં એવી ભાવનાથી પણ હું સુધારેલું નિવેદન બહાર પાડતો નથી અને ડૉક્ટર ઇચ્છે તે ઉપચારો કરવાની એમને અનુકૂળતા કરી આપું છું. જોકે આનાથી મારા ખિસ્સામાંથી જેટલા પ્રમાણમાં રકમનો ઘટાડો થાય છે એટલા પ્રમાણમાં રોગમાં ઘટાડો થતો નથી. કેટલીક વાર મારાથી કંટાળીને રોગ જતો રહે છે. આવું બને છે ત્યારે ડૉક્ટરને એમ લાગે છે કે એમને કારણે રોગ જતો રહ્યો. ડૉક્ટરનો આ ભ્રમ હું ભાંગતો નથી. એનાથી ડૉક્ટરને અને મને બંનેને સારું લાગે છે. આમેય આપણે ત્યાં એમ માનવામાં આવે છે કે રોગ ડૉક્ટરને કારણે જતો રહે છે અને રોગી એના પોતાના નસીબને કારણે જતો રહે છે. (કેટલાક કિસ્સાઓમાં વાત સાવ ઊલટસુલટ હોય છે તો પણ.) પણ મૂળ વાત તો સાચી જ છે કે હું માંદો પડું ત્યારે મને થતી તકલીફોની (પૈસાની તકલીફ સિવાયની તકલીફોની) મને બહુ સમજ પડતી નથી. એટલે માંદો પડું છું ત્યારે રોગથી ગભરાઉ છું એના કરતાં ડૉક્ટરના પ્રશ્નોથી વધારે ગભરાઈ જાઉં છું. ગંભીર રોગ હોય ત્યારે તો મારી ગભરામણ પરાકાષ્ઠાએ પહોંચે છે.

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં પહેલીવહેલી વાર હૃદયની તકલીફ થઈ ત્યારે આવી પરાકાષ્ઠાવાળી મૂંઝવણ અનુભવેલી. એક રાત્રે મને છાતીમાં દુખવા આવ્યું. સવારે બને એટલો વહેલો મારા ફેમિલી ડૉક્ટરને ઘેર પહોંચ્યો. હું ગયા પછી ડૉક્ટર જાગ્યા. ઊઠતાંવેંત એમને મારું મોઢું જોવાનું થયું એટલે એમનો દિવસ કેવો જશે એની મને થોડી ચિંતા થઈ. મેં ડૉક્ટરને કહ્યું, ‘સાહેબ ! રાત્રે છાતીમાં બહુ દુખતું હતું. જોકે ‘બહુ દુખતું હતુ એમ કહેવાનું બહુ સાચું નહોતું. પણ વિશેષણનો ઉપયોગ કર્યા વગર કોઈ વાત કહેવાનું મને ફાવતું નથી. છાતીમાં દુખાવાની વાત સાંભળી ડૉક્ટર થોડા ગંભીર બની ગયા. એમણે કહ્યું, ‘છાતીમાં દુખતું હોય તો તમારે રાત્રે જ મને ઘેર બોલાવી લેવો જોઈતો હતો.’



‘હવે જીવી જઈશ તો ચોક્કસ એમ કરીશ.’ મેં કહ્યું. આમાં મરી જવાની વાત ક્યાં આવી એ ડૉક્ટરને સમજાયું નહિ. પણ એ અંગે કશું ન કહેતાં તેઓ બોલ્યા, ‘ચાલો આપણે દવાખાને જઈએ’ દવાખાને પહોંચ્યા પછી ડૉક્ટરે મને ટેબલ પર સુવડાવ્યો, અને ગંભીર મુખમુદ્રા સાથે એમણે તપાસ આરંભી. પહેલાં મારું બ્લડપ્રેશર માપ્યું. પછી સ્ટૅથોસ્કોપ મૂકી મારા હૃદયના ધબકારા ઝીલ્યા, પછી છાતીમાં જુદી જુદી જગ્યાએ દબાવ્યું : ‘અહીં દુખતું હતું?’ ‘અહીં?’ ‘અહીં?’ કોઈવાર મને લાગ્યું કે ડૉક્ટર જ્યાં જ્યાં દબાવે છે ત્યાં ત્યાં દુખતું હતું તો કોઈવાર એમ લાગતું હતું કે એમાંની એક પણ જગ્યાએ દુખતું નહોતું ! આ પરિસ્થિતિમાં કઈ જગ્યાએ દુખ્યું હતું ને કઈ જગ્યાએ નહોતું દુખ્યું એનો નિર્ણય કરવાનું મારે માટે ઘણું જ કઠિન હતું. ડૉક્ટર બે-ત્રણ દિવસ મારી સાથે રહે અથવા મને એમની સાથે રાખે અને એ સમય દરમિયાન છાતીમાં ફરી દુખાવો ઊપડે તો ડૉક્ટરને સાચા જવાબો આપવામાં ઘણી સરળતા રહે. પરંતુ, દવાની ચોવીસ કલાક ખુલ્લી રહેતી દુકાનો હોય છે, પણ દર્દી સાથે ચોવીસ કલાક રહેવા તૈયાર હોય એવા ડૉક્ટરો હજુ સુલભ નથી બન્યા. એટલે મારા જેવા માટે સાચું નિદાન કરાવવાની મુશ્કેલી કદાચ કાયમ રહેવાની. પણ એ વખતે તો ડૉક્ટરની મહેનત સાવ ફોગટ ન જાય એ માટે મેં દુખાવા અંગેના પ્રશ્નોના જવાબમાં ૨:૧ના પ્રમાણમાં હા અને ના પાડી.

‘છાતીમાં દુખ્યું ત્યારે પરસેવો વળ્યો હતો?’ ડૉક્ટરે વળી એક અઘરો પ્રશ્ન પૂછ્યો.

‘પરસેવો તો સાહેબ, મને છાતીમાં નથી દુખતું ત્યારે પણ વળતો હોય છે. કોઈ મહેનતનું કામ કરવાનું આવે છે ત્યારે એના વિચારમાત્રથી મને પરસેવો વળી જાય છે.’ મેં કહ્યું. મારા જવાબથી ડૉક્ટર થોડા મૂંઝાયા, ને થોડા નારાજ થયા, કહે, ‘અત્યારે મજાક કરવાનો સમય નથી. ગંભીર બનો, અને ગઈ રાત્રે છાતીમાં દુખ્યું ત્યારે પરસેવો વળ્યો હતો કે નહીં તે કહો.’

‘બહુ નહોતો વળ્યો, જોકે સાવ નહોતો જ વળ્યો એમ પણ ન કહેવાય.’ કોઈ રાજકીય પક્ષના પ્રવકતા પત્રકાર પરિષદમાં આપે એવો ઉત્તર મેં આપ્યો.

‘દાદર ચડો છો ત્યારે હાંફ ચડે છે ?

‘ઑફિસમાં તો લિફ્ટ જ ચડવા-ઊતરવાનું હોય છે. કેટલાંક સગાંસ્નેહીઓ પાંચમા-છઠ્ઠા માળે રહે છે, પણ ત્યાંયે લિફ્ટ છે. લિફ્ટ બંધ હોય તો હું નીચેથી જ પાછો વળી જાઉં છું. રિક્ષાના પૈસા જાય તો જાય. મને પહેલાં સેક્ન્ડ ફ્લોર પર એટલે આમ તો થર્ડ ફ્લોર પર ફ્લૅટ મળ્યો હતો. પણ ફોર્ચ્યુનેટલી મેં ફર્સ્ટ ફ્લોર પર આમ તો જોકે સેક્ન્ડ ફ્લોર પર ફ્લૅટ ટ્રાન્સફર કરાવી લીધો. અત્યારે મારા ફ્લૅટનાં પગથિયાં ઊતરીને જ આવું છું. પાછા જઈને ચડવાનાં છે એ વખતે જો હાંફ ચડશે તો, હાંફ ઊતરતાં જ આપને ફોન કરીશ.’ મારું આવું વિગતપૂર્ણ બયાન સાંભળતાં ડૉક્ટર પોતે જ હાંફી ગયા હોય એવું લાગ્યું. એમણે પૂછ્યું, ‘આટલું લાંબો બોલો ત્યારે થાક લાગે છે?’

‘સાંભળનારને લાગતો હોય એવો મને વહેમ પડે છે કોઈ વાર. પણ મને વિશદતાથી કહેવાની ટેવ પડી ગઈ છે.’

‘વિશદતાથી એટલે ?’ મેં જોયું કે ડૉક્ટરના કપાળે થોડો પરસેવો વળ્યો હતો.

‘વિશદતાથી એટલે સ્પષ્ટતાથી’ મેં કહ્યું.

‘પણ તો પછી ‘સ્પષ્ટતાથી એમ કહેવાને બદલે વિશદતાથી એમ કહો છો તેથી તો વાત વધુ અસ્પષ્ટ બને છે.’

‘તેવું થતું હશે પણ તત્સમ શબ્દ સુલભ હોય ત્યાં સુધી તદ્ભવ શબ્દ વાપરવાનું મારે માટે મુશ્કેલ હોય છે.’

‘તત્સમ શબ્દ એટલે ? ડૉક્ટરે પ્રશ્ન કર્યો. મને લાગ્યું કે આ ચર્ચા લાંબી ચાલશે તો કદાચ ડૉક્ટરને જ હૃદયરોગનો હુમલો આવી જશે. એટલે મેં કહ્યું ‘સાહેબ, તત્સમ-તદ્ભવનું જ્ઞાન મારેય ખાસ ખપમાં નથી આવ્યું. આપને તો બિલકુલ કામનું નથી. પીએચ.ડી વાળા ડૉક્ટરો માટે છે એ બધું. આપના જેવા ડૉક્ટરને એ જાણવાની કશી જરૂર નથી.’

‘યુ આર રાઈટ’ ડૉક્ટરે કહ્યું, ‘ચાલો હવે મૂળ વાત પર આવીએ. છેલ્લા થોડા દિવસોને આધારે કહો. ઝડપથી ચાલો કે દોડો ત્યારે શ્વાસ ચડે છે?’

‘હું ઝડપથી ક્યારેય ચાલતો નથી. તમે કાઠિયાવાડના એટલે કે સૌરાષ્ટ્રના એક રાજાની વાત જાણો છો?’ કાઠિયાવાડના એક સાવ નાનકડા રાજ્યના રાજાની એક વાત છે. આ રાજાનું રાજ્ય એટલું નાનું હતું કે એમના રાજ્યમાં એકેય રેલવે સ્ટેશન જ નહોતું. રાજાજીને એકવાર બાજુના રાજ્યના રેલવે સ્ટેશનની ગાડીમાં બેસવાનું થયું. બાપુ ગાડીની રાહ જોઈને વેઈટિંગ રૂમમાં બેઠા. એ સ્ટેશન પણ આમ તો સાવ નાનું જ હતું. ટ્રેન માંડ મિનિટ-બે મિનિટ ઊભી રહે. ટ્રેન આવી; આવી એવી ઊપડવાની થઈ. પણ આ તો રાજા ! એ તો આરામથી ઊઠ્યા ને આરામથી ટ્રેન તરફ વળ્યા. કારભારીને થયું કે ટ્રેન હમણાં ઊપડી જશે. એણે બીતાં બીતાં કહ્યું, ‘બાપુ, જરા ચોંપ રાખો. ટ્રેન ઊપડી જશે.’

બાપુ કહે, ‘નાખી દીધાની વાત કર્ય મા. ગાડી જાતી રે ઇ સારુ થઈને હું મારી હાલ્ય બદલી નાખું?’ મારુંય આવું છે સાહેબ, ઑફિસનું મોડું થતું હોય, બસ જતી રહે એમ હોય તોય હું મારી ધીમી ચાલ બદલતો નથી. વર્ષો પહેલાં કૂતરું પાછળ પડ્યું હતું એ વખતે જીવનમાં પહેલી ને છેલ્લી વાર દોડ્યો હતો. બાકી જે માણસ ઝડપથી ચાલેય નહિ એ દોડે તો શેનો ? આ માણસના રોગના નિદાનમાં પ્રશ્નોત્તરી ખાસ મદદરૂપ થઈ નહિ શકે એમ લાગવાથી ડૉક્ટરે કહ્યું, ‘આમ તો હાર્ટની કશી ટ્રબલ હોય એવું લાગતું નથી. છતાં સાવચેતી ખાતર સારા કાર્ડિયોલોજિસ્ટને બતાવી જોઈએ.’ આમ કહી એમણે શહેરના પ્રતિષ્ઠિત કાર્ડિયોલોજિસ્ટ પર ચિઠ્ઠી લખી આપી. હૃદયરોગના આ નિષ્ણાત ડૉક્ટરે જાતજાતના ટેસ્ટ કરાવ્યા. એ પછી એમણે મને હૃદયની તકલીફ હોવાનું જાહેર કર્યું. મેડિકલ ચૅકઅપનાં સાધનોનું એટલું સારું છે કે એ દર્દીઓને પ્રશ્નો પૂછતાં નથી. એટલે જ આ સાધનો સચોટ નિદાન કરી શકે છે. મારા મૂળ ડૉક્ટર હૃદયરોગનું નિદાન ન કરી શક્યા એ માટે એમના કરતાં હું વિશેષ જવાબદાર ગણાઉં એ હું સ્વીકારું છું. મેં એવું સાંભળ્યું છે કે પહેલાં એવા નાડીવૈદ્યો હતા કે જે દર્દીની નાડ હાથમાં ઝાલીને ફટાફટ રોગનું નિદાન કરી નાખતા, આવા નાડીવૈદ્યો ખાસ રહ્યા નથી, આવા નાડીવૈદ્યો તૈયાર કરવા માટેના અભ્યાસક્રમો શરૂ કરવા ગુજરાતની એકમાત્ર આયુર્વેદ યુનિવર્સિટીને મારી નમ્ર વિનંતી છે. મારા જેવાને જીવતો રાખવા માટે આવો અભ્યાસક્રમ

હસવું ના આવે તો વાત કહું? મારે પણ રાષ્ટ્રપતિ તરીકે મારું નામ નોંધાવવું છે. તમને થશે કે હું પાગલ છું પણ મારોયે હક બને છે! એમ પણ ઈંડિયાના કોમનમેનની જેમ મને ક્યારેય કોઇ મોટો ચાન્સ જ નથી મળ્યો.સ્કૂલમાં પહેલી બેંચ પર બેસવાનો હક મને નથી મળ્યો,કોલેજમાં મનચાહયા વિષય ભણવાનો હક નથી મળ્યો, બસ-ટ્રેનમાં બારી પાસે સીટ તો છોડો, વખત આવે ઓટોરિક્ષા પણ નથી મળી...મારાં જેવા હિંદુસ્તાનીને હક તો હંમેશા થપ્પો આપીને ભાગી જ જતો હોય છે..તો થયું નાના નાના હક ગયા તેલ લેવા હવે આ સૌથી મોટો હક જ લઇ લઉં! આ વિચાર એટલે આવ્યો કે હમણાં આર.એસ.એસ.ના સરસંચાલક મોહન ભાગવતનું નામ નેક્સ્ટ રાષ્ટ્રપતિ તરીકે શિવસેનાએ ઊછાળ્યું. શિવસેનાનું શું છે ને કે પથ્થર હોય કે પંગો એ લોકો કંઇપણ ઉછાળી શકે.

એક્સક્યુઝ મી પ્લીઝ, મારે પણ રાષ્ટ્રપતિ બનવું છે!

×રબર-

ટાઇટલ્સઃ ખરાબ સપના જોવા કરતાં અનિદ્રા સારી (છેલવાણી)

હસવું ના આવે તો વાત કહું? મારે પણ રાષ્ટ્રપતિ તરીકે મારું નામ નોંધાવવું છે. તમને થશે કે હું પાગલ છું પણ મારોયે હક બને છે! એમ પણ ઈંડિયાના કોમનમેનની જેમ મને ક્યારેય કોઇ મોટો ચાન્સ જ નથી મળ્યો.સ્કૂલમાં પહેલી બેંચ પર બેસવાનો હક મને નથી મળ્યો,કોલેજમાં મનચાહયા વિષય ભણવાનો હક નથી મળ્યો, બસ-ટ્રેનમાં બારી પાસે સીટ તો છોડો, વખત આવે ઓટોરિક્ષા પણ નથી મળી...મારાં જેવા હિંદુસ્તાનીને હક તો હંમેશા થપ્પો આપીને ભાગી જ જતો હોય છે..તો થયું નાના નાના હક ગયા તેલ લેવા હવે આ સૌથી મોટો હક જ લઇ લઉં! આ વિચાર એટલે આવ્યો કે હમણાં આર.એસ.એસ.ના સરસંચાલક મોહન ભાગવતનું નામ નેક્સ્ટ રાષ્ટ્રપતિ તરીકે શિવસેનાએ ઊછાળ્યું. શિવસેનાનું શું છે ને કે પથ્થર હોય કે પંગો એ લોકો કંઇપણ ઉછાળી શકે. મૂડ આવે તો સરકાર પણ ઉછાળી નાખે! પણ ભાગવતજીનું નામ ઉછળવાથી સરકાર મૂંઝાઇ છે કે શું સ્ટેન્ડ લેવું? અને આપણી સરકાર મુંઝાઇ જાય એ આપણે જોઇ ના શકીએ એટલે થયું કે ચાલો, પ્રેસિડંટના પદ માટે હું જ આગળ આવું અને મદદ કરું. હસો નહીં પણ રાષ્ટ્રપતિ બનવા માટે મારી પાસે પણ પૂરતી લાયકાત છે, ઓકે? જુઓને થોડા વરસ પહેલાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભાતાઇ પાટીલ પર આક્ષેપ થયેલો કે તેઓ પોતાની ફેમિલી અને સ્ટાફ સાથે આખી દુનિયા દેશને પૈસે ફરવા માંડેલા! પણ હું તો ફિલ્મોના કામસર લગભગ આખી દુનિયા બીજાનાં પૈસે ફરી જ ચૂક્યો છું એટલે દેશનાં પૈસે ફરવામાં મને કોઇ રસ નથી રહ્યો! કહેવાય છે કે પ્રતિભાજીએ કે એમની ફેમિલીએ લશ્કરનાં જવાનોની કોઇ જમીન પર કબજો કરેલો. હું આવું નહીં કરું કારણકે મને વર્દીધારી લશ્કરનાં જવાનથી તો શું મકાનનાં વોચમેનથીયે ડર લાગે છે! માટે એવું કૌભાંડ નહીં કરું. વળી વિશાળ રાષ્ટ્રપતિ-ભવનનો હું જરાય દુરુપયોગ નહીં કરું. આમ પણ અમે મુંબઇવાળાંઓ નાના ઘરોમાં એવા ટેવાઇ ગયા છીએ કે ભૂલથી યે બહુ મોટા ઘરમાં રહીએ તો વધુ પડતાં ઓક્સિજનથી ગુંગળાઇ મરીએ એટલે રાષ્ટ્રપતિભવનનાં મોટા મોટા હોલ, ગાર્ડન વગેરે જરાયે નહીં વાપરૂં. વળી વડા પ્રધાને કહ્યું છે કે સરકારમાં સૌએ ખર્ચા પર કાપ મૂકવો જોઇએ એટલે રાષ્ટ્રપતિ ભવનની બાકીની જગ્યા હું મેરેજ પાર્ટી, બર્થડે પાર્ટી માટે ભાડેથી આપીને એક્સ્ટ્રા ઇનકમ શરૂ કરાવી દઇશ. ફિલ્મોમાં પણ ઓળખાણ છે એટલે ત્યાંનાં ગાર્ડનમાં ગીતોનાં શૂટિંગ શરૂ કરાવી દઇશ! કલ્પના તો કરો, ચાર બોટલ વોડકા કામ મેરા રોઝ કા.. જેવા ગીતોનું રાષ્ટ્રપતિભવનમાં શૂટ થાય તો? વળી બીજા ઉમેદવારોની સરખામણીએ મારૂં નામ જરાય વિવાદાસ્પદ પણ નહીં હોય કારણકે મારૂં કોઇ મોટું નામ જ નથી! હાલનાં પ્રેસિડંટ પ્રણવદાનું નામ ચર્ચાયેલું ત્યારે વિરોધીઓ કહેતાં કે તેઓ દેશનું ફાઇનાન્સ સંભાળવામાં નિષ્ફળ ગયેલા. એ જ રીતે હું પણ મારું પોતાનું ફાઇનાન્સ સંભાળવામાં સાવ નિષ્ફળ છું એટલે એ રીતે હું પણ કંઇ કમ નથી, હોં?

ઇન્ટરવલઃ

હોંગે રાજે-રાજકુંવર હમ બિગડે દિલ શેહઝાદે
હમ સિંઘાસન પર જા બૈઠે જબજબ કિયે ઇરાદે(શૈલેંદ્ર)

તમે ભલે હસો પણ રાષ્ટ્રપતિ બનવાનાં મારાં ચાન્સ બહુ બ્રાઇટ છે. રાષ્ટ્રપતિએ વારંવાર ભાષણ આપવા પડે છે અને મેં પણ લાંબી લાંબી ટી.વી.સિરિયલો લખી છે એટલે હું લાંબાં લાંબાં ભાષણો આપીને પ્રજાને આરામથી બોર કરી શકીશ! ચાંપલાઓ ભલે કહે કે રાષ્ટ્રપતિની પોસ્ટ તો રબર-સ્ટેમ્પ જેવી હોય છે. મને એમાં જરાયે વાંધો નથી કારણકે મેં ફિલ્મસ્ટારોનાં નખરાં સહીને ઘણીવાર રબર સ્ટેમ્પની ભૂમિકા આબાદ ભજવી છે. અને આમે ય આમ આદમી ઉપર સરકાર, પોલીસ, કાયદો..બધાંજ જોર અજમાવીને એને રબર સ્ટેમ્પની જેમ દબાવે જ રાખે છેને? માટે દબાઇ જવા માટે પણ હું એકદમ ફીટ છું. વળી મારા નામ પર બધી જ પાર્ટીઓ તરત જ ટેકો આપી દેશે. જુઓ, બી.જે.પી.માં તો આજકાલ ગુજરાતીઓની બોલબાલા છે અને હું ૧૦૦% ગુજરાતી છું! આમ પણ બી.જે.પી.અને મારામાં ખૂબ સરખાપણું છેઃ જેમ બી.જે.પી.નાં નેતાઓ ભાષણોમાં ડાયલોગ્ઝ કે જુમલાઓ બોલવામાં એક્સપર્ટ છે એમ હું પણ ફિલ્મોમાં ડાયલોગ્ઝ લખવામાં બદનામ છું. બી.જે.પી.નાં ભીષ્મ પિતામહ વાજપેયીજીને કવિતાઓ ખૂબ ગમતી તો મને પણ કવિતાઓનો શોખ છે.(ડરો નહી, સંભળાવીશ નહી!)વળી રાષ્ટ્રપતિ તરીકે એક સંભવિત ઉમેદવાર અડવાણીજી જેમ યુગોથી ભારતનાં વડા પ્રધાન થવામાંથી રહયાં હતાં અને હું પણ બોલીવૂડમાં નં.૧ બનવા વરસોથી તલપાપડ છું. અમારા બેઉમાં કોઇ કમી નથી, બસ સંજોગો સાથ આપે એટલી જ વાર છે. વચમાં અડવાણીજીએ પાકિસ્તાન જઇને મહોમદઅલી ઝીણાને સેક્યુલર કહી બેઠેલાં ત્યારે તેઓ પાર્ટીમાં એકલા પડી ગયેલાં. ડિટ્ટો, હું પણ સેક્યુલરીઝમની વાત કરું છું તો મારા ઘરમાંયે એકલો પડી જાઉં છું! વળી મુંબઇમાં યુપી-બિહારના લોકોને પણ કામ મળવું જોઇએ એ વાતથી હું સંમત છું એટલું જ નહિ પણ બિહારીઓ ગાડીના ડ્રાઇવર રહી ચૂક્યાં છે એટલે લાલુ-નીતિશકુમાર પણ મારાં નામ સામે વાંધો નહી લે. ઉપરાંત, સામ્યવાદી પાર્ટી સાથે પણ આપણું સેટિંગ છે, બોસ! સામ્યવાદીઓની જેમ હું પણ જનમથી જ સમાનતામાં માનું છું. નાનપણમાં સ્કૂલની બેંચ પર બાજુમાં બેઠેલી મોળાકત કરતી છોકરીનાં નાસ્તાનાં ડબ્બામાંથી હું એક પેંડો હસીને ઊંચકી લેતો કારણકે સૌને સમાન પેંડા એટલે કે હક્ક મળવો જોઇએ એવી મારી સ્વીટ સામ્યવાદી વિચારધારા છે અને રાહુલ ગાંધી પણ ના નહી પાડે. જુઓને રાહુલજી એમનાં મમ્મીનાં પ્રિય છે, તો હું પણ મારી મમ્મીનો પ્રિય છું. એમની બહેન પ્રિયંકાજી છે અને હું પણ પ્રિયંકા ચોપડાને લગભગ બહેન જ માનું છું! રાહુલને કોઇ ભલે ના સમજી શકે પણ એ મને સમજી શકશે! હા, રહી વાત મમતાબેન બેનર્જી ટેકો આપશે કે નહી એની હું તો શું કોઇ ગેરેન્ટી ના આપી શકે. મમતાજી ક્યારે શું કરશે, શું કેહશે એની તો એમને પોતાને પણ ખબર નથી હોતી તો હું શું કહું? જોકે મમતાને શાહરૂખ બહુ ગમે છે અને શાહરૂખ સાથેનાં ફિલ્મી કનેકશનને લીધે હું એને વિનંતિ કરી શકું કે જરા ભલામણ કરે પણ એય મમતાજીને છેડવાનું રિસ્ક નહી લે. વળી મને ઝાડું મારતાં પણ આવડે છે! યાદ છે, એકવાર રાષ્ટ્રપતિ સ્વ. ઝૈલસીંઘે કહેલું કે ઇન્દીરાજી કહેશે તો હું ઝાડું પણ મારીશ! મારી ફિલ્મોની કથા-પટકથાનાં બધાં લોચાઓને હું સ્માર્ટ ડાયલોગ્ઝ લખીને કારપેટ નીચે ઝાડુ વડે ઢાંકી દેવા માટે કુખ્યાત છું. અને હા, જૂના રાષ્ટ્રપતિઓની જેમ કામ ટાળવામાં પણ હું એક્સપર્ટ છું એટલે પ્રેસિડંટ તરીકે કસાબ જેવા આતંકવાદીઓને ફાંસી આપવી કે નહી એવા અઘરાં નિર્ણય વરસો સુધી ટાળી શકું એમ છું. અરે, ફાંસીનાં ફંદાની ગાંઠ તો છોડો પણ જૂતાની દોરીની ગાંઠ વાળવી ના પડે એટલે હું દોરી વિનાનાં શૂઝ પહેરૂં છું. વિચાર કરો, મારા જેવો માણસ પ્રેસિડંટ બને તો કેવું સારું? જે પોસ્ટઓફિસમાં સ્ટેમ્પ લેવા જતાં અકળાઇ જાઉં છું એના હાથે નવી સ્ટેમ્પ રિલીઝ થશે! જેને પોતાનાં ખાતામાંથી બેંકમાં પૈસા કાઢવામાં ડર લાગે એનાં ફોટાં બેંકોમાં ટીંગાડાશે! જે માણસ પોલીસ સ્ટેશનની ગલીમાં જતાં પણ ડરે એને પછી પોલીસો સલામ કરશે! કોમનમેન માટે લોકશાહીમાં આથી વધું સન્માન શું હોઇ શકે? લોકશાહી ટકાવવી હોય તો મને જ રાષ્ટ્રપતિ બનાવવો જોઇએ. તમે ભલે હસો કે રાષ્ટ્રપતિ બનવાવાળો હું કોણ? પણ એમ તો પ્રતિભાજીને પણ પહેલાં કોણ ઓળખતું હતું? અને દેશમાં કોઇપણ રાષ્ટ્રપતિ બને ફરક શું પડે છે? પેટ્રોલ મોંઘું થતું જ રહેશે, દેશમાં દર બે સેકંડે દાળનાં ભાવ વધ્યા કરશે અને વિદેશમાં રૂપિયાની ડિમાંડ ઘટ્યા કરશે, એર ઇન્ડિયાની ફ્લાઇટો મોડી પડ્યાં કરશે, ધર્માંધતા-અસમાનતા પ્રતિપળ વધ્યાં જ કરશે અને દલિતો પ્રતાડિત થયાં કરશેને? આમ આદમીએ આમ રીબાવાનું જ હોય તો મારા હાથ નીચે શું કામ નહીં? આમ પણ હજુ જુલાઇ સમય છે અને એ પછી હું ફ્રી નથી માટે સરકાર માઇબાપ, મને સમયસર કહજો હોં!

હસવું ના આવે તો વાત કહું? મારે પણ રાષ્ટ્રપતિ તરીકે મારું નામ નોંધાવવું છે. તમને થશે કે હું પાગલ છું પણ મારોયે હક બને છે! એમ પણ ઈંડિયાના કોમનમેનની જેમ મને ક્યારેય કોઇ મોટો ચાન્સ જ નથી મળ્યો.સ્કૂલમાં પહેલી બેંચ પર બેસવાનો હક મને નથી મળ્યો,કોલેજમાં મનચાહયા વિષય ભણવાનો હક નથી મળ્યો, બસ-ટ્રેનમાં બારી પાસે સીટ તો છોડો, વખત આવે ઓટોરિક્ષા પણ નથી મળી...મારાં જેવા હિંદુસ્તાનીને હક તો હંમેશા થપ્પો આપીને ભાગી જ જતો હોય છે..તો થયું નાના નાના હક ગયા તેલ લેવા હવે આ સૌથી મોટો હક જ લઇ લઉં! આ વિચાર એટલે આવ્યો કે હમણાં આર.એસ.એસ.ના સરસંચાલક મોહન ભાગવતનું નામ નેક્સ્ટ રાષ્ટ્રપતિ તરીકે શિવસેનાએ ઊછાળ્યું. શિવસેનાનું શું છે ને કે પથ્થર હોય કે પંગો એ લોકો કંઇપણ ઉછાળી શકે.

ગામડાંઓમાં વીજળીનું દીવાસ્વપ્ન

ઉત્તર પ્રદેશના શોનભદ્રા જિલ્લાના માયોનપુરમાં બોડાદરા દાંડ નામનું એક નાનકડું ગામડું આવ્યું છે. આ ગામડામાં કુલ ૨૫૦ કુટુંબ રહે છે. ગ્રામવાસીઓમાં મુખ્યત્વે દલિતોની વસતી જોવા મળે છે. તેમ છતાં તેમની પાસે સરકારી નોકરી નથી. ગામમાં વીજળીનો અભાવ છે. દાંડ ગામની સાથે આસપાસના અન્ય ૨૦ ગામો પણ એવા છે કે જ્યાં વીજળી નથી.

૨૫મી માર્ચના રોજ રાત્રિના સમયે અનેક ઘરની બત્તીઓ બંધ થઈ ગઈ. રાત્રિના સમયે બાળકો ગાર્ડનમાં રમી રહ્યા હતા. અચાનક બત્તી બંધ થવાને કારણે અંધારું થઈ ગયું. બાળકો ગભરાઈને જોરજોરથી રડવા લાગ્યા. કુટુંબના વડીલો ફટાફટ બાળકોને લેવા દોડી ગયા. ફક્ત અડધો કલાક બત્તી બંધ થઈ અને બાળકો રોકકળ કરવા લાગ્યા. માતા-પિતા બાળકોને પંપાળવા લાગ્યા. વાત કંઇ ગભરાઇ જવાની નહોતી. એ દિવસે ‘અર્થ અવર ડે’ હતો અને એ નિમિત્તે વિશ્ર્વભરમાં વિવિધ દેશોમાં બ્લેકઆઉટના દશ્યો જોવા મળ્યા હતા. વિશ્ર્વમાં ૧૭૦ દેશોના ૭ હજાર શહેરોના લોકોએ તેમાં ભાગ લીધો હતો.

જોકે, વરવી વાસ્તવિકતા એ છે કે આઝાદીના ૭૦ વર્ષ પછી પણ પરિસ્થિતિ એવી છે કે ભારતના ૫૧ જિલ્લાના ૭૧૪ ગામડાં એવા છે જ્યાં વીજળી જ નથી. ભારતના છ રાજ્યો જેવા કે બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિસા, ઉત્તર પ્રદેશ તથા પશ્ર્ચિમ બંગાળના ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીની સુવિધા નથી. વળી વીજળીની સુવિધા છે, તે ગામમાં દિવસના ફક્ત થોડા કલાક વીજળી મળે છે.

ઉત્તર પ્રદેશના શોનભદ્રા જિલ્લાના માયોનપુરમાં બોડાદરા દાંડ નામનું એક નાનકડું ગામડું આવ્યું છે. આ ગામડામાં કુલ ૨૫૦ કુટુંબ રહે છે. ગ્રામવાસીઓમાં મુખ્યત્ત્વે દલિતોની વસતી જોવા મળે છે. તેમ છતાં તેમની પાસે સરકારી નોકરી નથી. ગામમાં વીજળીનો અભાવ છે. દાંડ ગામની સાથે આસપાસના અન્ય ૨૦ ગામો પણ એવા છે કે જ્યાં વીજળી નથી. આઝાદીનાં ૭૦ વર્ષ પછી પણ આ ગામડાઓમાં રાત્રિના સમયે ઘનઘોર અંધારું જોવા મળે છે. વીજળીનો પ્રકાશ તેમના માટે હજી પણ સ્વપ્ન સમાન છે. ૨૧મી સદીના ગુણગાન ગાતા શહેરોમાં તો ઘણે ઠેકાણે મોટા પ્રમાણમાં વીજળીનો વ્યય થતો જોવા મળે છે. બીજી તરફ ગામમાં વીજળીના અભાવે આજે પણ રાત્રિના સમયે કેરોસીનના દિવા પ્રગટાવવામાં આવે છે. કેરોસીનના ફાનસમાં બાળકોને અભ્યાસ કરવો પડે છે. રાત્રિનું ભોજન પણ અંધારામાં જ રાંધવામાં આવે છે. ચોમાસામાં તો અનેક વખત એવું બને છે કે વરસાદને

કારણે ઘરમાં અંધારામાં સાપ અને વીછી પણ આવીને કરડી જાય છે. બાળકોને ફાનસના પ્રકાશમાં અભ્યાસ કરવો પડે છે. કેરોસીનને કારણે તેમની આંખોમાં સતત બળતરા રહેતી હોય છે. કેરોસીનથી ચાલતા ફાનસને કારણે નીકળતા ધુમાડામાંથી કાર્બન ડાયોક્સાઈડ હવામાં ફેલાય છે. સ્વાસ્થ્ય ઉપર પણ તેની અસર પડે છે. ૨૦૧૨માં ચૂંટાઈ આવેલા સ્થાનિક એમએલએ રૂબી પ્રસાદે બની શકે તેટલી ઝડપથી વીજળીનું જોડાણ આપવાની હૈયાધારણ આપી હતી. ગામના વડીલ ૭૦ વર્ષીય જયમંગલ પ્રસાદનું કહેવું છે કે ગામમાં પાણી કાઢવા માટે હેન્ડ પમ્પની પણ સુવિધા નથી. પીવાનું શુદ્ધ પાણી મેળવવા માટે પણ અડધો કિલોમીટરનું ચઢાણ ચઢ્યા પછી જળાશયમાંથી પાણી મળે છે. શહેરમાં જવા માટે ૧૪ કિલોમીટરના ખાબડખૂબડ રસ્તા ઉપરથી પસાર થયા બાદ, માયોનપુર ગામમાં જઈને બસ કે અન્ય વાહનોની સુવિધા મળી રહે છે. રીહાંદ ડેમનો ઉપયોગ પાવર પ્લાન્ટ તરીકે કરવામાં આવે છે. દેશની કુલ ૨૨૮૭૨૨ મેગાવૉટ વીજળીના ઉત્પાદનના ૫ ટકા વીજળી આ ડેમ દ્વારા ઉત્પન્ન થાય છે. અંધકારમાં બેસીને બોડારા ગ્રામવાસીઓ દૂરથી રાત્રિના સમયે ઝળહળ થતો ૧૨૫૦૦ મેગાવૉટ વીજળી પેદા કરતો પાવર પ્લાન્ટ જોતા રહે છે. ગામમાં રહેતાં તિલકધારી પ્રસાદનું કહેવું છે કે ચૂંટણી આવે અને જાય, પણ ગ્રામજનોને ચૂંટણીના મુખ્ય મુદ્દાઓની જાણ હોતી નથી. આજે પણ રાજકારણમાં જાતિ આધારિત રમત રમવામાં આવે છે જે ભાવિ પેઢી માટે, સમાજની પ્રગતિ માટે, બાળકોના શિક્ષણ માટે અડચણરૂપ છે.


ગામના એક અગ્રણી રૂબી પ્રસાદનું કહેવું છે કે ‘૨૦ ગામડાંઓમાં હજી વીજજોડાણ કરવાનું બાકી છે. અમારા મતદારવિભાગના ૧૫૦ ગામડાંઓમાં વીજળીનું જોડાણ આપવામાં આવ્યું છે. જે ગામડાંઓમાં વીજળીનું જોડાણ હજી બાકી છે તે માટે ટેન્ડર વીજવિભાગ દ્વારા ચૂંટણીની તારીખો જાહેર થઈ તે પહેલાં મંગાવવામાં આવ્યાં છે. રાજકારણીઓ દ્વારા આપવામાં [illegible] નવી સરકાર દ્વારા ક્યારે પૂરું થશે તેની ગ્રામજનો કાગડોળે રાહ જોઈ રહ્યા છે.’

૨૦૧૫માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક સભાને સંબોધતા જણાવ્યું હતું કે ‘ભારતના ૧૮,૪૫૨ ગામડાંઓ એવા છે જ્યાં વીજળીનો અભાવ છે. એક હજાર દિવસનો સમય મને આપો હું તેમને વીજળીની સુવિધા આપીશ. કુદરતી સંપત્તિ ઉપર સર્વેનો સમાન હક્ક છે. નાગરિકો દ્વારા હવા, પાણી અને વીજળીનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો ભાવિ પેઢીને આ સંપત્તિનો યોગ્ય ફાયદો મળી રહે.’

તા.૨૫મી માર્ચના રોજ ‘અર્થ અવર ડે’ હતો. વિશ્ર્વમાં ૧૭૦ દેશોના ૭ હજાર શહેરોના લોકોએ તેમાં ભાગ લીધો હતો. વિશ્ર્વભરમાં વિવિધ દેશોમાં બ્લેકઆઉટના દશ્યો જોવા મળ્યા હતા. જગતભરમાં ઠેકઠેકાણે એક કલાક માટે બત્તી બંધ થઈ ગઈ હતી. વીજળી બચાવવા માટે જ નહીં, પર્યાવરણની જાળવણી પ્રત્યે જાગૃતતા લાવવા માટે દર વર્ષે દુનિયાભરમાં યોજવામાં આવતા ‘અર્થ અવર ડે’ને બે દિવસ પહેલાં દસ વર્ષ પૂરા થયા હતાં. એ નિમિત્તે વિવિધ દેશોમાં નયનરમ્ય દશ્યો જોવા મળ્યાં હતાં.

‘અર્થ અવર ડે’ ની શરૂઆત વર્લ્ડવાઈડ ફન્ડ નેચર દ્વારા કરવામાં આવી હતી. તેના અનુસંધાનરૂપે ૬૦ મિનિટ સુધી લાઈટ બંધ રાખવાની અપીલ લોકોને કરવામાં આવી હતી. ૨૦૦૭માં ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં સૌપ્રથમ વખત ‘અર્થ અવર ડે’ યોજવામાં આવ્યો હતો. વીજળીનો વપરાશ યોગ્ય રીતે થાય તે માટે એવું કહેવાય છે કે દરેક વ્યક્તિની અંદર એક મહાન વ્યક્તિત્વ છુપાયેલું છે, પર્યાવરણની સંભાળ માટે તેને જાગૃત કરવું જરૂરી છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વાતાવરણમાં જો ૨ ડિગ્રી સેલ્સિયસનો વધારો કે ઘટાડો થાય તો પણ પર્યાવરણને મોટું નુકસાન થાય છે. વીજળીના મહત્ત્વ પ્રત્યે જાગરૂક્તા ફેલાય તે માટે વિશ્ર્વના વિવિધ દેશોના મોટા બિલ્ડિંગો દ્વારા પણ ‘અર્થ અવર ડે’ નિમિત્તે વીજળી બંધ રાખીને પર્યાવરણની રક્ષા માટે સાંકળ બનાવી હતી જેમાં મલેશિયાના લૅન્ડમાર્ક પેટ્રોનોસ ટ્વિન ટાવર્સ, હૉંગકૉંગના સ્કાયલાઈન બિલ્ડિંગ્સ, ઓસ્ટ્રેલિયાના સિડનીસ્થિત લુના પાર્ક ખાતેનાં ફેરિસ વ્હીલ અને હાર્બર બ્રિજ, સિંગાપોર ફ્લાયર. ચીનના સૌથી મોટા શહેર શાંઘાઈના પુડોંગ જિલ્લાના લુઈયાઝુઈ ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટની સ્કાયલાઈનનો પણ સમાવેશ થાય છે.

ઘરને માત્ર સ્વચ્છ નહીં, જંતુમુક્ત બનાવો



જિગીશા શાહ સ્વચ્છતાના અતિઆગ્રહી. તેમના ઘરમાં પગ મૂકો તો આંખ અને હૈયુ બેઉ ઠરે. ગંદકીનું ક્યાંય નામનિશાન નહીં. ટોયલેટ-બાથરૂમ પણ એવા સ્વચ્છ કે પાણી રેડીએ તો ગુનો કરતાં હોઈએ એવું લાગે. રસોડું પણ એવું જ સુઘડ. હોલમાં દરેક વસ્તુ યથાસ્થાને ગોઠવેલી જોવા મળે. પરંતુ ઘરને સાફસુથરું રાખવા પાછળ જિગીશાબહેનનો અડધો દિવસ વીતી જાય. જિગીશાબહેન એક ગૃહિણી માત્ર છે. તેમને નોકરી કરવા જવાનું નથી હોતું. સંતાન પણ એક જ. એટલે આટલો બધો સમય સ્વચ્છતા માટે ફાળવી શકે. પણ ભદા માટે એ શક્ય છે ખરૂં? ન હોય તો ચોક્કસ બાબતોનું ધ્યાન રાખવાથી તમે ઘરમાં બેક્ટેરિયા ઉપદ્રવ તો ઘટાડી જ શકો. આપણું ઘર આપણી આવડતનો નમૂનો બની રહે છે. વળી ઘરના સભ્યોના આરોગ્યની કાળજી રાખવાનું કામ પણ મોટાભાગે ગૃહિણીના શિરે હોય છે. ચાહે તો નોકરી કરતી હોય કે ન કરતી હોય.

રસોડામાં મુકેલી ડસ્ટબીન ગૃહિણીએ વારંવાર ઉઘાડ-બંધ કરવી પડે છે. આ દરમિયાન કચરા ટોપલીમાં પેદા થતાં બેક્ટેરિયા વારંવાર હાથ પર ચોંટે છે. આ બેક્ટેરિયા આપણને નરી આંખે નથી દેખાતા. પણ આપણા સ્વાસ્થ્ય માટે ખાસ્સા જોખમી પુરવાર થાય છે. બહેતર છે કે પગ વડે પેડલ દબાવવાથી ઢાંકણુ ખૂલે એવી ડસ્ટબીન વસાવો. તેમાં પણ પોલીથીન બેગ લગાવી રાખો જેથી ગંદી થયેલી કચરા ટોપલીમાં બેક્ટેરિયા ઘર ન કરે. જો હાથ વડે ખોલવાની ડસ્ટબનીનનો ઉપયોગ કરતાં હો તો હેન્ડગ્લવ્ઝ પહેરવાનો આગ્રહ રાખો. વાસણ પણ તેના વડે જ લૂછાય છે. મસોતાના સ્થાને માઈક્રોફાઈબર સ્પંજનો ઉપયોગ કરો. ખાસ કરીને વાસણ લૂછવા માટે. માઈક્રોફાઈબર સ્પંજમાં રહેલા અસંખ્ય છિદ્રો વાસણાં રહેલા સૂ-મ બેક્ટેરિયાને પણ શોષી લે છે. રસોડાની સિંકના પાઈપમાં લાખોની સંખ્યામાં બેક્ટેરિયા ભરાઈ રહે છે. ઘણી વાર તેમાં કચરો જમા થઈ જાય તો બદબૂ પણ ફેલાય છે. સિંકનું પાઈપ ચોકઅપ થઈ જાય ત્યારે મુશ્કેલીમાં વધારો થાય છે. આ પરિસ્થિતિ ટાળવા દર મહિને બજારમાં મળતા કેમિકલયુક્ત ડ્રેઈનેજનું પેકેટ તેના ઉપર લખેલી સૂચના મુજબ સિંકના પાઈ પર પર ઠાલવી દો. જો રસાયણયુક્ત ક્લિન્ઝર ઉપયોગમાં ન લેવું હોય તો ડ્રેન પાઈપમાં પા કપ બેકિંગ સોડા નાખો. ત્યારબાદ અડધો કપ વિનેગર નાખીને પાઈપ સાફ કરી નાખો. બાથરૂમ એટલે ભીની અને ગરમ હવાનું મુખ્ય સરનામું. ગીઝર ચાલુ કરીને સ્નાન કરો. એટલે બાથરૂમમાં રહેલી ગરમ હવામાં બફારો ભળે. આવી હવામાં જીવાણુઓ ઝપાટાભેર પેદા થાય છે. સ્નાન કર્યા પછી પંદરેક મિનિટ સુધી એકઝોસ્ટ ફેન ચાલુ કરી દો. આપણે સાબુનો ઉપયોગ નાહીને સ્વચ્છ થવા માટે કરીએ છીએ, પરંતુ મોટા ભાગના લોકો એ વાતથી અજાણ છે કે, સાબુ જ બાથરૂમમાં વપરાતી સૌથી ગંદી વસ્તુ છે. બહેતર છે કે લિક્વિડ સોપનો ઉપયોગ કરો. આ ઉપરાંત શાવર જેલ પણ સારો વિકલ્પ છે. ભૂલેચૂકેય એકબીજાના ટુવાલનો ઉપયોગ ન કરો. ઘરની સ્વચ્છતા માટે આપણે વિવિધ જાતના ક્લિનિંગી ઉત્પાદનોનો વપરાશ કરીએ છીએ. પરંતુ મોટા ભાગના લોકો પ્રોડક્ટ પર લખેલા ઈનગ્રેડિયન્ટ વાંચવાની તસ્દી લેતાં નથી. જ્યારે ઘણી વાર ઉત્પાદકો પણ તેમના ઉત્પાદન પર ઈનગ્રેડિયન્ટ લખવાનું ટાળે છે. ક્લિનીગ પ્રોડક્ટ ખરીદવાથી પહેલા તેમાં રહેલા તત્વો વિશે વાંચી લો. લેબલ વિનાના ઉત્પાદન ખરીદવનો પ્રયત્ન ન કરો. ઘરમાં પ્રવેશતાવેંત સૌથી પહેલા લિવિંગ રૂમ આવે છે. સામાન્ય રીતે બધાના ઘરમાં બેઠકખંડના પ્રવેશદ્વાર પાસે જૂતાની દુકાન લાગી જાય છે. કહેવાનો અર્થ એ છે કે જોડા પહેરીને ઘરમાં ન પ્રવેશો. ઘરની બહાર જ પગરખાં રાખવા માટેનું કબાટ બનાવડાવી લો. જૂતાં પહેરીને ભૂલેચૂકેય આખા ઘરમાં ન ફરો. તેમાંય ઘરમાં નાનું બાળક હોય ત્યારે તે જમીન પર જ રમતું રહે છે. પગરખાં સાથે આવેલી ગંદકી બાળકના હાથ વાટે થઈને તેના પેટમાં પણ જાય છે. ઘરમાં પગરખાં પહેલીને ન આવો તોય ફરસને ફિનાઈલ કે અન્ય ક્લિન્ઝીગ લિક્વીડ વડે સાફ કરવાનો આગ્રહ રાખો. વેક્યુમ ક્લિનર ખરીદતી વખતે સારી બ્રાન્ડ લેવાનો આગ્રહ રાખો. શક્યતઃ આઈએસઓ પ્રમાણિત વેક્યુમ ક્લિનર ખરીદો. વેક્યુમ બેગ અડધી ભરાઈ જાય એટલે તેને ખાલી કરી નાખો. તેને માટે માઈક્રો ફિલ્ટર બેગ વાપરવાનો આગ્રહ રાખો. ઘરને માત્ર ઉપરછલ્લુ સ્વચ્છ રાખવાને બદલે બેક્ટેરિયારહિત રાખવાથી પરિવારના સભ્યોના આરોગ્યનો પ્રશ્ન ઘણે અંશે ઉકેલાઈ જાય છે.

લેપ્ટોસ્પાઇરોસિસથી બચવું અત્યંત જરૂરી

દર વર્ષે ચોમાસામાં આ રોગને કારણે ઘણા મુંબઈકરોનો ભોગ લેવાય છે. મહત્વનું એ છે કે એનાથી બચવાના ઉપાય જાણી લઈએ કે સમયસર દવા લઈએ તો આ રોગથી બચી શકાય છે. રોગને જો વધવા દઈએ તો એ કાબૂ બહાર જઈને ઘાતક પુરવાર થાય છે





વરસાદ શરૂ થયો નથી કે મુંબઈ પર રોગનું રિસ્ક વધ્યું નથી. મુંબઈમાં અસંખ્ય લોકોની સાથે અસંખ્ય ઉંદરો પણ વસે છે અને આ ઉંદરો બીજી કોઈ રીતે આપણને નડે કે ન નડે પરંતુ વરસાદમાં ખૂબ નડે છે, કારણ કે તેમને કારણે મુંબઈમાં લેપ્ટોસ્પાઇરોસિસનું પ્રમાણ રહે છે. આ એક જીવલેણ રોગ છે જે ઉંદરોને કારણે ફેલાય છે. હાલમાં ગયા અઠવાડિયે મુંબઈમાં ત્રણ મૃત્યુ લેપ્ટોસ્પાઇરોસિસને કારણે નોંધાયાં હતાં. ૨૫ જૂને પરબ કાળે નામના ફક્ત ૧૫ વર્ષના છોકરાનું અને ૨૬ જૂને ગોવંડીમાં રહેતા ઇમ્તિયાઝ મોહમ્મદ અલીનું સાયન હૉસ્પિટલમાં આ રોગને કારણે મૃત્યુ થયું હતું. પરબ સ્કૂલ જતાં પહેલાં કાદવ હોય એવા મેદાનમાં ફુટબૉલ રમ્યો હતો. તેની તબિયત બગડતાં તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, પરંતુ એક જ દિવસમાં તેની હાલત ખરાબ થતાં તે મૃત્યુ પામ્યો. ઇમ્તિયાઝ અલીને મૃત્યુના ત્રણ દિવસ પહેલાં જ ત્યૂશમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને ખૂબ વધારે તાવ, ઠંડી લાગવી, માથાનો દુખાવો અને સાંધાના દુખાવાની ફરિયાદ હતી. તેમના મૃત્યુ પછી અમુક ટેસ્ટ દ્વારા ખબર પડી કે બન્નેને લેપ્ટોસ્પાઇરોસિસ જ હતો. મલાડમાં શનિવારે ૨૧ વર્ષની એક યુવતીનું પણ લેપ્ટોને કારણે મૃત્યુ થયું હતું. મહારાષ્ટ્ર પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટના આંકડાઓ મુજબ ૨૦૧૮માં આખા મહારાષ્ટ્રમાં લેપ્ટોસ્પાઇરોસિસના વીસ કેસ નોંધાયા હતા, જેમાંથી ૧૨ કેસ મુંબઈના છે. ૨૦૧૬માં સાત જણ અને ૨૦૧૭માં ૯ જણ આ રોગને કારણે મૃત્યુ પામ્યા હતા. હજી તો ચોમાસું શરૂ જ થયું છે અને મુંબઈમાં ત્રણ મૃત્યુ નોંધાઈ ગયાં છે. ૨૦૧૮માં આ આંકડો કેટલે અટકશે એ તો ભવિષ્ય જ જણાવશે. મુંબઈગરાઓએ આ બાબતે સાવધાન રહેવાની જરૂર છે. આજે જાણીએ આ રોગ વિશે અને સમજીએ કે બચવા માટે શું કરી શકાય.

મૃત્યુ ક્યારે થાય?

એવું જરૂરી નથી કે આ રોગ થયો એટલે તમારું મૃત્યુ નિશ્ચિત છે. દર વર્ષે ઘણા લોકોને આ રોગ થાય છે, પરંતુ સમયસર ઇલાજ થઈ જવાથી તેમના રોગ પર કાબૂ લેવાનું સરળ બન્યું હોય છે, જેને લીધે એ બચી જાય છે. આમ આ રોગ હંમેશાં જ ઘાતક હોય એવું નથી. ઘણા દરદીઓ સામાન્ય ઍન્ટિબાયોટિક દવાથી ઠીક થઈ જાય છે. પરંતુ એક વખત આ રોગ થોડો વધુ ફેલાયો તો એને કાબૂમાં કરવો મુશ્કેલ બને છે અને એ ઘાતક પુરવાર થાય છે. આમ જો તમને થોડી પણ શંકા હોય તો ડૉક્ટર પાસે જઈને પોતાની શંકા વિશે વાત કરવી અને તેમની સલાહ મુજબ તરત દવા લઈ જ લેવી. ઝેન હૉસ્પિટલના ફિઝિશ્યન ડૉ. વિકાંત શાહ પાસેથી જાણીએ આ રોગથી બચવાના રસ્તાઓ આ રોગથી બચવા સમજી શકાય એવી વાત છે કે પાણી ભરાયું હોય એવા રસ્તા પર એના પરથી ચાલવું નહીં અને ખાસ કરીને પગમાં વાઢિયા હોય કે જખમ હોય તો બિલકુલ જ નહીં. આ સિવાય ચોમાસું શરૂ થાય એ પહેલાં મહાનગરપાલિકાના હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા જ્યાં તબેલા હોય જ્યાં પાળતુ પ્રાણીઓને રાખવામાં આવ્યાં હોય એવી જગ્યાઓએ જઈને પ્રાણીઓને લેપ્ટોસ્પાઇરોસિસની રસી આપવામાં આવી છે. સાવધાનીરૂપે તમારા એરિયાના રખડતાં કૂતરા-બિલાડાને પણ આ રસી તમે અપાવડાવી શકો છો. જો તમે પાણીમાં ચાલ્યા હોય તો આ બે દવામાંથી કોઈ પણ એક ચોક્કસ લઈ લેવી. આ દવાઓનાં નામ છે ડૉક્સિસાઇક્લિન અને એઝીથ્રોમાઇસિન. આ બન્ને દવાઓ સેફ છે. બન્નેમાંથી કોઈ પણ એક દવાનો એક ડોઝ એટલે કે એક ટીકડી પાણીમાં ચાલ્યાના ૪૮ કલાકની અંદર લઈ લેવી જોઈએ. ખાસ કરીને લેપ્ટોસ્પાઇરોસિસ જેવી બીમારીઓથી બચવા માટે એ જરૂરી છે.

શેનાથી થાય?

લેપ્ટોસ્પાઇરા નામના બૅક્ટેરિયાથી ફેલાતો આ રોગ પ્રાણીઓ દ્વારા મનુષ્યના શરીરમાં ફેલાય છે. મોટા ભાગે કોઈ પણ પ્રકારનાં પાળતુ પ્રાણીઓ જેવાં કે બિલાડી, ગાય, કૂતરો, ઘોડો વગેરે પ્રાણીઓ દ્વારા આ રોગ મનુષ્યમાં ફેલાઈ શકે છે. પરંતુ સૌથી વધુ આ રોગ ખાસ કરીને મુંબઈમાં ઉંદરો દ્વારા ફેલાય છે. આ રોગ પ્રાણીમાંથી મનુષ્યમાં કઈ રીતે ફેલાય એ સમજાવતાં દહિસરના ફૅમિલી ફિઝિશ્યન ડૉ. સુશીલ શાહ કહે છે, 'જે પ્રાણીને લેપ્ટોસ્પાઇરા બૅક્ટેરિયાનું ઇન્ફેક્શન લાગી ગયું હોય એને ખુદ પર કોઈ અસર થતી નથી પરંતુ એના યુરિનમાંથી આ બૅક્ટેરિયા પાસ થતા હોય છે. હવે આ યુરિન કોઈ પણ રીતે જો વ્યક્તિના ખુલ્લા ઘાવ પર લાગી જાય અને લોહીના સંપર્કમાં સીધું આવે તો વ્યક્તિને લેપ્ટોસ્પાઇરોસિસ થવાની પૂરી શક્યતા છે.'

કઈ રીતે ફેલાય?

આ ઇન્ફેક્શન પ્રાણીઓમાંથી માણસો સુધી કઈ-કઈ રીતે ફેલાઈ શકે છે એ પહેલાં સમજીએ. સમજો કે ઘરમાં ઉંદર હોય અને એનું યુરિન કોઈ પણ ખાદ્ય પદાર્થમાં ભળે, પ્રોવિઝન સ્ટોર્સમાં જ્યાં ખાદ્ય પદાર્થો ખુલ્લા પડ્યા હોય અને ઉંદરો ખૂબ વધારે હોય ત્યાં કોઈ પણ રીતે એમનું યુરિન ખોરાકમાં ભળી જાય તો પણ આ રોગ થઈ શકે છે. અમુક કેસમાં જોવા મળ્યું છે કે ઘરમાં ઉંદર હોય અને બાળકના રમકડા પર એનું યુરિન લાગે અને એ રમકડું બાળક મોઢામાં નાખે તો બાળકમાં આ રોગ થઈ શકે છે. જે જમીનમાં આ યુરિન ભળ્યું હોય અને એમાં ઉગાડેલી શાકભાજી આપણે ખાઈએ તો પણ આ રોગ ફેલાઈ શકવાની શક્યતા છે. આ સિવાયનાં કેટલાંક બીજાં કારણો જણાવતાં અંધેરીના જનરલ ફિઝિશ્યન ડૉ. તુષાર શાહ કહે છે, 'આપણે ત્યાં કોલાડ જેવી જગ્યા હોય જ્યાં લોકો રિવર રાફ્ટિંગ કરતા હોય છે એ નદીની માટીમાં લેપ્ટોસ્પાઇરાના જંતુ હોય અને એ વરસાદને કારણે નદીમાં આવી જાય એ પાણી વ્યક્તિના પેટમાં જાય કે ખુલ્લા ઘાવ પર લાગે તો તરત જ તેને ઇન્ફેક્શન લાગી શકે છે. કોઈ-કોઈ વાર એવું પણ જોવા મળે છે કે આ પાણી જો ભૂલથી પેટમાં જતું રહે તો પણ માણસને લેપ્ટોસ્પાઇરોસિસ થઈ શકે છે.'

ઓળખાય કઈ રીતે?

આ રોગનાં લક્ષણો મોટા ભાગે નૉર્મલ ફ્લુ જેવાં લક્ષણો હોય છે. આ રોગમાં શરૂઆતના ૩-૪ દિવસ સામાન્ય રીતે માથું દુખે, થોડીક ઠંડી લાગે, તાવ આવે, શરીરમાં કળતર થાય, ઊલટી થાય, પેટમાં દુખે, આંખો લાલ થઈ જાય, ઝાડા થઈ જાય. વળી ૩-૪ દિવસમાં એવું લાગે છે કે દરદીને સારું થઈ ગયું, પરંતુ હકીકત એ છે કે ૨-૩ દિવસ બાદ આ રોગ ફરી ઊથલો મારે છે; જેમાં દરદીનું લીવર કે કિડની ફેલ થઈ શકે છે અને તેનું મૃત્યુ પણ થઈ શકે છે. આ વિશે વાત કરતાં દહિસરના ફૅમિલી ફિઝિશ્યન ડૉ. સુશીલ શાહ કહે છે, 'દરદીને લેપ્ટોસ્પાઇરોસિસ છે કે નહીં એ ફક્ત તેની બ્લડ-ટેસ્ટ પરથી જ જાણી શકાય. બધા જ ફ્લુના દરદીઓને ડૉક્ટર લેપ્ટોસ્પાઇરોસિસની બ્લડ-ટેસ્ટ કરાવડાવે એ શક્ય નથી સિવાય કે આ રોગના વાયરા હોય તો એવું કરી શકાય. આમ જો નૉર્મલ ફ્લુની દવાઓ બે દિવસ લેવાથી પણ લાગે કે લક્ષણો કાબૂમાં નથી તો ડૉક્ટરો આ ટેસ્ટ કરાવડાવતા હોય છે. આ એક સામાન્ય બૅક્ટેરિયલ ઇન્ફેક્શન છે જે ઍન્ટિબાયોટિક દવાઓથી ઠીક થઈ શકે છે. પરંતુ એ રોગ જો ડિટેક્ટ ન થઈ શકે અથવા તો ન પકડી શકાય અને ૪-૫ દિવસ નીકળી જાય તો પછી એના પર કાબૂ મેળવવો મુશ્કેલ બની જાય છે.'

આરોપીને પકડવા ગયેલ પોલીસ પર જીવલેણ હુમલો

આરોપીને પકડવા ગયેલ પોલીસ પર પરિવારજનોનો હુમલો

ભાવનગર

ભાવનગર ખાતે આરોપીને પકડવા ગયેલ પરિવારજનોએ હુમલો કરતા પોલીસ કર્મીઓને ઈજા પહોંચી હતી. આ મામલે પોલીસે આરોપી હરદેવસિંહ ગોહિલ સિવાયના ઉપરોક્ત તમામ આરોપીઓની ધરપકડ કરી તમામ સામે ફરજ રૂકાવટ અને સામુહિક હુમલા સહિતની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

તળાજાના રાળગોન ગામનો રાજદિપસિંહ સહદેવસિંહ ગોહિલ નામના આરોપી એક વર્ષથી ૫૦૬/૨ના ગુન્હામાં નાસતો ફરતો હોય તેની ધરપકડ કરવા માટે ભાવનગર એલસીબી ટીમ ગઈ તે વખતે આરોપી, તેનો ભાઈ ઉપેન્દ્રસિંહ તથા માતા, પિતા હરદેવસિંહ, બહેન સહિતના પરિવારજનોએ પોલીસ ટુકડી પર છુટ્ટા પથ્થરના ઘા મારી હુમલો કરતા જીવણભાઈ રામભાઈ ભમ્મર, તરુણભાઈ કુબેરભાઈ નાંદવા, હારીતસિંહ કીરીટસિંહ, નરેશભાઈ વેલજીભાઈ, જયદીપસિંહ પ્રવીણસિંહ, મહેશભાઈ ગણેશભાઈ પંડ્યા અને મહિપાલસિંહ પથુભા ગોહિલને ઈજા થતા તળાજા સરકારી હોસ્પિટલમા સારવાર લીધા બાદ ભાવનગર રીફર કરાયા હતા. આ મામલે પોલીસે આરોપી હરદેવસિંહ ગોહિલ સિવાયના ઉપરોક્ત તમામ આરોપીઓની ધરપકડ કરી તમામ સામે ફરજ રૂકાવટ અને સામુહિક હુમલા સહિતની કલમો હેઠળ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દિવ્યાંગ સિનિયર સિટીઝનોને વૃદ્ધાશ્રમમાં આશ્રય અપાશે

વિના મુલ્યે પ્રવેશ મેળવવા ડીસેબલ વેલફેર ટ્રસ્ટનો સંપર્ક કરવો

સુરત

ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાનાં પ્રમુખ અને પદ્મશ્રી એવોર્ડી ડો. કનુભાઈ ટેલર એક અખબારી યાદીમાં જણાવે છે કે ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા સંસ્થા દિવ્યાંગોને વિનામુલ્યે શિક્ષણ, તાલીમ, આરોગ્ય અને પુનઃસ્થાપના આપવાનું કાર્ય કરે છે. સંસ્થા સંચાલિત વિશ્વનું સૌ પ્રથમ નવીનતમ અત્યાધુનિક સુવિધાયુક્ત વૃદ્ધાશ્રમ શરૂ થવા જઇ રહ્યું છે. જેમાં અસ્થિવિ,યક દિવ્યાંગ સિનિયર સિટિઝનોને રહેવા, જમવા અને તબીબી સારવાર વિનામુલ્યે આપવામાં આવશે. આ વૃદ્ધાશ્રમ માટે પ્રવેશ કાર્યવાહી શરૂ કરેલ છે. આ વૃદ્ધાશ્રમમાં આશ્રય મેળવવા ઈચ્છતા વ્યક્તિએ દિવ્યાંગતાનાં પ્રમાણપત્રની નકલ, આધારકાર્ડની નકલ, ઉંમતના પુરાવો અને પોતાના વિસ્તારનાં ધારાસભ્યની ભલામણ સાથે તાત્કાલીક ચિરાગ ટોપીવાલા (મો. ૯૪૨૬૩૯૫૦૩૩) ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા, દિવ્યાંગ ભવન, શ્રી સાંઈ સમર્થ રેસિડન્સીની બાજુમાં , શારદાયતન સ્કુલ પાછળ, વેલવ્યુ ગાર્ડન સામે, ઉંમરા , સુરત-૭નો તાત્કાલિક સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

સરોન્ડાસ પ્રા.શાળામાં સોલાર ડ્યુએલ પમ્પ પાણી પુરવઠા યોજાનાનો આરંભ

સોલાર યોજના રૂ. ૫ લાખના ખર્ચે સાકાર થઇ

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાની સરોન્ડાસ ગામની પ્રાથમિક શાળામાં ગુજરાત પાણી પુરવઠા અન ગટર વ્યવસ્થાપક બોર્ડ દ્વારા રૂા. પાંચ લાખના ખર્ચે નવનિર્મિત સોલાર મીની ડ્યુઅલ પમ્પ પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ વન અને આદિજાતિ વિકાસ રાજયમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ અવસરે આદિજાતિ વિકાસ મંત્રી રમણલાલ પાટકરે જણાવ્યુંલ હતું કે, સૂર્યશક્તિથી ચાલતા સંશાધનો થકી વીજળીની બચત થાય છે. ગુજરાતના ખેડૂતોને સોલારથી ચાલતા પંપ આપવામાં આવે છે. આદિજાતિના વિકાસ માટે રાજય સરકારે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેનો લાભ લઇ સ્વરોજગારી મેળવવા અનુરોધ કર્યો હતો. યુવાઓને મોબાઈલનો ઉપયોગ સારા કામો માટે કરવા તેમજ ગામના વિકાસમાં સહભાગી બનવા જણાવ્યું હતું. સરોન્ડા વિસ્તારમાં થનારા વિકાસકાર્યો અંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દરેક ગામોનો સમતોલ વિકાસ થાય તે માટે પ્રતિબધ્ધ છે. નળ સે જલ યોજના હેઠળ ઘરે-ઘરે પીવાનું શુદ્ધ પાણી મળે તે માટે સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

આદિવાસી ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ અને દાતાઓના સહયોગથી શાળાના ૨૯૦ વિદ્યાર્થીઓને ગરમ સ્વેટરનું વિતરણ મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત આરોગ્ય શાખા સંચાલિત આયુર્વેદિક દવાખાનું માણેકપોર દ્વારા નિઃશુલ્કા સર્વરોગ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન પણ કરાયું હતું, જેનો ગ્રામજનો અને શાળાના બાળકોએ લાભ લીધો હતો.

પાણી પુરવઠા વિભાગના કાર્યપાલક ઈજનેર એ.બી.કુનબી તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર એ.એચ. પટેલે ડ્યુઅલ પમ્પ પાણી પુરવઠા યોજના અંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે વીજળીની બચત થાય તે માટે સૂર્યશક્તિથી ચાલતા સાધનોને પ્રોત્સાણહન આપે છે. જેના ભાગરૂપે સરોન્ડા ખાતે યોજના હેઠળ ૩ હજાર લીટરની ટાંકી તથા પ્લેટફોર્મ બનાવાયું છે. જેનો ૨૫૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ લાભ લઇ શકશે. વલસાડ જિલ્લાના આદિજાતિ વિસ્તારોમાં આ પ્રકારની ૩૫ યોજનાઓ તૈયાર કરવામાં આવી છે. જે પૈકી ઉમરગામ તાલુકામાં ૬ યોજનાઓ પૂર્ણ કરી પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાનું આયોજન કરાયું છે.

આદિવાસી ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને સરોન્ડાના સરપંચ નરોત્તમભાઇ પટેલે ટ્રસ્ટની કામગીરીની રૂપરેખા આપી કાર્યક્રમનો ઉદ્દેશ સમજાવ્યો હતો.

શાળાની બાલિકાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કર્યા હતાં. આભારવિધિ શાળાના આચાર્યા પ્રજ્ઞાબેન બારીયાએ આટોપી હતી આ અવસરે શાળાના પૂર્વ આચાર્ય હાર્દિક ઉપાધ્યાય, અગ્રણી મુકેશભાઇ પટેલ, રામદાસભાઇ, પ્રકાશભાઇ પટેલ, આજુબાજુના ગામોના સરપંચો, શાળા પરિવાર, ગ્રામજનો, શાળાના બાળકો હાજર રહયા હતા.

સ્ટેચ્યુ ઓફ યુનિટી પર આવતા પ્રવાસીઓ માટે પહેલી વખત પોલિયો રસી કરણનું આયોજન, ૩૦૦ જેટલા પ્રવાસીઓએ લીધો લાભ

નર્મદામાં પોલિયો રસીકરણ અભિયાન હેઠળ ૫૨,૬૦૦ બાળકોને પોલિયો રસી પીવડાવવાનો લક્ષ્યાંક : ૩૭૬ બુથો પર થઈ કામગીરી

(ભરત શાહ દ્વારા)

રાજપીપળા



દેશમાંથી પોલિયો નાબૂદ કરવા ફરી એકવાર પોલિયો રવિવારના રસીકરણનો કાર્યક્રમ થયો જેમાં આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર નર્મદા જિલ્લામાં પોલિયો અભિયાન ચલાવામાં આવ્યું અને આરોગ્યની ટીમે શાળાઓમાં બુથ બનાવી, અંગાડીવાળી ખાતે પોલિયોના ટીપા નાના બાળકોને પીવડાવ્યા હતા.આ વખતે આરોગ્ય વિભાગ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના જોઈન્ટ સીઈઓ નિલેશ દુબેના સંયુક્ત પ્રયાસથી પ્રથમવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૩૦૦ થી વધુ પ્રવાસીઓએ રસીકરણ નો લાભ લીધો.

જિલ્લા આરોગ્ય અધિકારી કે.પી.પટેલ, ડો.વિપુલ ગામીત ના માર્ગદર્શન હેઠળ નર્મદા જિલ્લાના ૧૬૭૪ જેટલા કર્મચારીઓની ટિમોં એ જિલ્લામાં ૩૭૬ જેટલા બુથો બનાવી બાળકોને રસીકરણ પીવડાવવાની કામગીરી કરી જેમાં ૧૯ જેટલા અલગ બુથોમાં એસ.ટી.બસ સ્ટેન્ડ અને જાહેર સ્થળ પર પોલિયોની રસી પીવડાવી હતી.સાથે સાથે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે પહેલીવાર બુથ બનાવી ફરવા આવતા પ્રવાસીઓના બાળકોને પોલિયો રસી પીવડાવાઈ હતી.જેમાં ૩૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો.

પૃથ્વી શૉની ધમાકેદાર બેટિંગ: ૨૨ ચોગ્ગા, ૨ સિક્સર સાથે ૧૫૦ રન ફટકાર્યા

ભારતના યુવા ક્રિકેટર પૃથ્વી શોએ ઈજામાંથી બહાર આવીને મુખ્ય ટીમમાં પોતાની દાવેદારી મજબૂત બનાવવા માટે ઈન્ડિયાએની પ્રેક્ટિસ મેચમાં ઝંઝાવાતી બેટિંગ કરી સદી ફટકારી છે. ન્યૂઝીલેન્ડ ઈલેવન સામેની બીજી પ્રેક્ટિસ મેચમાં પૃથ્વીએ જોરદાર ફટાકાબાજી કરતા ૧૦૦ બોલમાં ૧૫૦ રન કર્યા છે. આ સાથે જ તેણે પોતાના કમબેકનો મજબૂત સંકેત પણ આપી દીધો છે.

૨૦ વર્ષીય શોએ બર્ટ સુટક્લિફ ઓવલ ગ્રાઉન્ડ પર રમેલી આ શાનદાર ઈનિંગમાં ૨૨ ચોગ્ગા અને બે છગ્ગા ફટકાર્યા હતા. શોની આ દમદાર ઈનિંગને પગલે ભારતીય પસંદગીકારો તેને ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટ ટીમમાં ફરી સ્થાન આપવા વિચારણા કરી શકે છે. ૨૧ ફેબ્રુઆરીથી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચનો હેમિલટનના બેસિન રિઝર્વમાં પ્રારંભ થશે.

ઈન્ડિયા-એ દ્વારા પ્રથમ બેટિંગનો નિર્ણય લેવાયા ૪૯.૨ ઓવરમાં ૩૭૨ રનના સ્કોર પર ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી. ડોપિંગ બેન અને ખભાની ઈજાને પગલે ટીમમાંથી આઠ માસ સુધી બહાર રહેનાર પૃથ્વી શો ઈન્ડિયા-એની પ્રથમ પ્રેક્ટિસ મેચ રમી શક્યો નહતો.

મુંબઈ અને કર્ણાટક વચ્ચેની રણજી ટ્રોફી મેચમાં પૃથ્વીને પ્રથમ દિવસે પ્રથમ ઈનિંગમાંજ ખભા પર ઈજા થતા તે બીજી ઈનિંગમાં બેટિંગ કરી શક્યો નહતો. બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્ષ ખાતે રમાઈ રહેલી રણજી મેચમાં ઓવરથ્રોને રોકવા જતા ડાઈવ લગાવતા પૃથ્વીને ડાબા ખભા પર ઈજા પહોંચી હતી. જો કે હવે ખભાની ઈજામાંથી બહાર આવીને પૃથ્વીએ ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો છે.

જાણો..જાન્યુઆરી મહિનામાં જન્મેલા લોકોમાં હોય છે આવી ખુબીઓ

વર્ષ ૨૦૨૦ની શરૂઆત થઈ ગઈ છે. તમે જાણતા હશો કે વ્યક્તિની જન્મ તારીખ અને સમય તેના વ્યક્તિત્વ પર અસર કરે છે, તમને જણાવી દઈએ કે જે મહિનામાં વ્યક્તિનો જન્મ થયો છે તે પણ વ્યક્તિના વ્યક્તિત્વમાં પ્રતિબિંબિત થાય છે. જન્મના મહિનાને જાણીને તમે તે વ્યક્તિ સાથે જોડાયેલી ઘણી ટેવો વિશે જાણી શકો છો. તો ચાલો આજે આપણે જાણીએ કે જાન્યુઆરી મહિનામાં જન્મેલા લોકોનો સ્વભાવ અને વ્યક્તિત્વ શું છે અને તે વિશેષતાઓ શું છે જે તેમને અન્યથી અલગ બનાવે છે.

પરિશ્રમી હોય છે

જાન્યુઆરી મહિનામાં જન્મેલા લોકો ખુબજ પરિશ્રમી હોઈ છે. આ લોકો માટે કામ અને કરિયર ખુબજ મહત્વનું હોઈ છે. આ લોકો શોર્ટકટ લેવાને બદલે સાચી દિશામાં પરિશ્રમ કરવાનું પસંદ કરે છે.

શબ્દોનું માયાજાળ બનાવવામાં હોય છે હોશિયાર

આ મહિનામાં જન્મેલા લોકોને જાદુગર કહેવામાં આવે છે. આ લોકોમાં વાક્ચાતુર્યનો ગુણ હોય છે. આવા લોકો બીજાને પોતાની વાતોમાં ફસાવીને પોતાનું કામ કઢાવતા જાણે છે. છતાંય આ લોકો ધૂત લોકોને નથી ઓળખાતી શકતા જેને લીધે ઘણી વખત જીવનમાં તેમને પોતાના લોકોથી જ દગો ખાય છે.

મનમાં નથી રાખતા દ્વેષભાવ

વર્ષના પેહલા મહિનામાં જન્મ લેનારા લોકો પોતાનું મન સાફ હોય છે. આ લોકો કોઈના પણ પ્રત્યે દ્વેષભાવ પોતાના મનમાં નથી રાખતા. પરંતુ જો કોઈ તેમના ચરિત્ર પર પ્રશ્ન ઉભો કરે છે તો આ લોકો તેને બક્ષતા પણ નથી. જિંદગી જીવવાનો તેનો એક પોતાનો જ અલગ અંદાજ છે.

પ્રેમ જીવનને લઈને રહે છે ગંભીર

જાન્યુઆરી મહિનામાં જન્મ લેવા વાળા લોકો પોતાની લવલાઈફને લઈને ખુબજ ગંભીર હોઈ છે. આ લોકો જેનો હાથ એક વખત પકડી લે છે એને પછી આખી જિંદગી છોડતા નથી.

હોય છે આદર્શ છબી

આ મહિનામાં જન્મનાર લોકો આદર્શ છબીના માલિક હોઈ છે. આ લોકો પોતાના જ કામ પર ચાંપતી નજર રાખે છે અને તેમાં સુધારાની આશા પણ રાખે છે.

દયાળુ સ્વભાવના માલિક હોય છે

આ મહિનામાં જન્મનારા લોકોનું મન પ્રેમથી ભરેલું હોઈ છે. આ લોકો ખુબ જ દયાળુ અને પરોપકારી હોઈ છે. જયારે પણ જરૂર પડે ત્યારે આ લોકો મદદ કરવાથી પીછેહટ કરતા નથી. આ લોકો પરિવાર, જીવનસાથી કે મિત્ર પ્રત્યે ખુબજ વફાદાર હોય છે. આ લોકો પોતાનાઓને દગો આપવા વિશે વિચારી પણ શકતા નથી.

રોમાંચ પસંદ હોય છે

જાન્યુઆરી મહિનામાં જન્મ નારા લોકો ખુબજ એંડવેંચર્સ હોય છે. આ લોકોને નવી જગ્યાએ ફરવું અને એક્સપલોર કરવાનો ખુબજ શોખ હોય છે.

જિદ્દી અને સ્વાર્થી

કોઈ માણસ પરફેક્ટ નથી હોતું અને આ બાબત જાન્યુઆરી મહિનામાં જન્મનારા લોકો પર પણ લાગુ થાય છે. આ લોકોમાં સૌથી મોટી ખામી એ છે કે આ લોકો બીજાની વાતને સમજવાની કોશિશ જ નથી કરતા. આ લોકો પોતાની વાત પર જ અડગ રહે છે અને ઘણી વાર સ્વાર્થી પણ બની જાય છે.

દલીલ કરવામાં હોય છે આગળ

ઘણી વાર આ લોકો નાની નાની વાત પર દલીલ કરવા લાગે છે. આ લોકો ઘણી વાર આ આદતના કારણે મજાકને પાત્ર પણ બની જાય છે.

કસરત કરવાની ઈચ્છા પરંતુ સવારે ઉઠવાની આળસને આ રીતે કરો દૂર.....

પોતાને ફીટ રાખવા માટે કસરત સૌથી મહત્વપૂર્ણ છે. કસરત કરવી એ આપણા સ્વાસ્થ્ય માટે ઘણી રીતે ફાયદાકારક છે. ઘણા લોકો વ્યાયામ કરવા માટે જીમમાં જાય છે, ઘણા લોકો ઘરે કસરત કરે છે. પરંતુ કેટલાક લોકો એવા છે કે જેઓ કસરત કરવાનું વિચારે છે પરંતુ તે કરવામાં અસમર્થ છે. દરરોજ કસરત કરવી મુશ્કેલ કાર્ય નથી. પરંતુ કેટલાક લોકો એવા છે જે કસરત કરવાનું વિચારે છે પરંતુ તેઓ કસરત કરી શકતા નથી.

તેની પાછળનું કારણ એ છે કે તેઓ એકલા જિમમાં જવા નથી માંગતા અથવા તો તેમને એક્સરસાઈઝ કરવા માટે કોઈ પાર્ટનર મળતો નથી. એવા ઘણા લોકો છે જે વિચારે છે કે આપણે આવતી કાલથી અથવા આજ થી જ કસરત કરીશું પણ છેલ્લી ક્ષણે તે કરવામાં અસમર્થ હોય છે અમે તમને જણાવીશું કે તમે કેવી રીતે પોતાને કસરત માટે તૈયાર કરી શકો છો.

સાથી શોધવું

ઘણા લોકોને આદત હોય છે કે તેઓ એકલા કસરત કરી શકતા નથી અથવા એકલું તેમનું મન નથી થતું. જો તમને પણ એવું જ લાગે તો સૌ પ્રથમ તમારી સાથે કસરત કરવા મિત્રને તૈયાર કરો. આ તમને બંનેને એકબીજાના બહાને કસરત કરવા પ્રેરશે અને કસરત કરવાનું શરૂ કરાવશે. આ સાથે તમે બંને એકબીજાને પ્રોત્સાહિત કરો કે કસરત કરવાથી તમે સ્વસ્થ રહેશો અને સાથે એ જ સમયે તમે સારા પણ દેખાશો.

તમારી પસંદનો સમય પસંદ કરો

જો તમારે પણ કસરત કરવી હોય પણ તમે પ્રારંભ કરી શકતા ન હોવ તો સૌથી પહેલાં તમારી જાતને તૈયાર કરો. તમે પહેલા તમારી પસંદગીનો સમય પસંદ કરો જેમાં તમે કોઈપણ કામમાં વ્યસ્ત ન હોવ. તે સમયને કસરત માટે રાખો અને તે જ સમયે દરરોજ જીમમાં જાવ અથવા ઘરે કસરત શરૂ કરો. તમારે પોતાને સમજવવું જોઈએ કે જો તમે કસરત નહીં કરો તો તે તમારા માટે હાનિકારક હોઈ શકે છે. જો તમારે ફિટ રહેવું હોય તો કસરત કરવી ખૂબ જ જરૂરી છે.

સારી જગ્યાએ એક્સરસાઈઝ કરો

જો તમે જીમમાં ન જાવ તો તમે તેના માટે સારી જગ્યા નક્કી કરી શકો છો. જયાં તમે તમારા મિત્ર સાથે કસરત કરી શકો છો. ધ્યાનમાં રાખો કે તમે એવી જગ્યા પસંદ કરો જયાં તમે તમારા સાથી સાથે મોકળાશ થી વ્યાયામ કરી શકો. ઘણા લોકો બહાર કસરત કરવામાં શરમાતા હોય છે, જેના કારણે તેઓ કસરત કરવામાં અસમર્થ હોય છે. તેથી તમારે પહેલા વધુ સારી જગ્યા શોધવી જોઈએ અને તમારા જીમના સાથી સાથે સમય પસંદ કરવો જોઈએ.

કસરત નક્કી કરો

જો તમને એક્સરસાઈઝ કરવામાં આળસ આવતી હોય, તો તમે તેને દૂર કરવા માટે તમારા રૂમમાં કસરતનો ચાર્ટ લગાવી શકો છો. તમે કયા દિવસોમાં કઈ કસરત કરશો તમે તે લખી શકો છો. આની મદદથી તમે કસરત ટાળી શકશો નહીં.

પ્રેરણાત્મક સંગીત સાંભળો

ઘણી વાર તમે પણ જોયું હશે કે પ્રેરણાત્મક ગીતો સાંભળવાથી આપણામાં પ્રેરણા આવે છે. જો તમે પણ કસરત માટે તમારી પસંદગીના પ્રેરક ગીતો સાંભળવા માંગતા હોય, તો તમે સાંભળી શકો છો. આ સાથે તમે તમારી દૈનિક કસરત સખત મહેનતથી પૂર્ણ કરશો, જે તમને ફીટ રાખવામાં મદદ કરશે.

પંજાબ-હરિયાણા હાઈકોર્ટના આદેશના આધારે

કેન્દ્ર સરકાર પબજી ગેમ પર પ્રતિબંધ મૂકવાના ફિરાકમાં

ન્યુ દિલ્હી

પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના આદેશના આધારે ભારત સરકાર પબજી ગેમ પર પ્રતિબંધ મુકવાની વિચારણા કરી રહી છે.

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના સાયબર તેમજ ઈ સિક્યુરિટીના ડાયરેક્ટર તથા વૈજ્ઞાનિક વી કે ત્રીવેદીએ કોર્ટમાં આ માટે પિટિશન કરનારને પત્ર લખીને જાણકારી આપી છે.

પિટિશન કરનાર હાઈકોર્ટના વકીલે માંગણી કરી હતી કે, કોર્ટ કેન્દ્ર સરકારને આદેશ આપીને આ ગેમ પર પ્રતિબંધ મુકાવે.વકીલનુ કહેવુ હતુ કે, આ એવી ગેમ છે જેની બાળકોને લત લાગી જા યછે. બાળકો કલાકો સુધી આ ગેમ રમ્યા કરે છે અને તેમનો શારીરિક અને માનસિક વિકાસ ધીમો થઈ જાય છે.બાળકો રોજ ચાર થી પાંચ કલાક આ ગેમ રમતા હોય છે.

પિટિશન કરનારનુ એમ પણ કહેવુ હતુ કે, ગેમ રમવાના કારણે બાળકો સામાજીક રીતે પણ ઓછા સક્રિય બની રહ્યા છે.ગેમ રમવાના કારણે હિંસાની પ્રવૃત્તિ પણ વધે છે.ગેમ રમનારા બાળકો પોતાની જાતને ગેમના પાત્ર તરીકે જોવા માંડે છે અને તેની સાથે ઈમોશનલી કનેક્ટ થઈ જાય છે.ગેમમાં પાત્રની મોત થતા બાળકોને આઘાત લાગતો હોય તેવા કિસ્સા પણ બની રહ્યા છે.

એ પછી હાઈકોર્ટે કેન્દ્ર સરકારને આ પિટિશન પર વિચારણા કરવા માટે આદેશ આપ્યો હતો.

સુપ્રિમ હસ્તક્ષેપ નહીં કરે તો બધા રાજ્યોએ પાલન કરવું પડશે

બંધારણીય રીતે રાજ્યો માટે નાગરિકતાનો ઈન્કાર કરવો મુશ્કેલ થઈ જશેઃ સલમાન ખુર્શીદ

ન્યુ દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સલમાન ખુરશીદે પણ નાગરિકતા સુધારણા કાયદાને લઈને કપિલ સિબ્બલની વાતનું પુનરાવર્તન કર્યું છે. તેમણે જણાવ્યું છે કે, બંધારણીય રીતે રાજ્યો માટે આ કાયદાનો ઈનકાર કરવો મુશ્કેલ થઈ જશે. જો સુપ્રીમ કોર્ટ હસ્તક્ષેપ નહીં કરે તો આ કાયદાના પુસ્તકમાં રહેશે. જો કંઈ પણ કાયદાના પુસ્તકમાં છે તો તમારે કાયદાનું પાલન કરવું જ પડશે, નહીં તો તેના જુદા પરિણામ સામે આવી શકે છે.

ખુરશીદે જણાવ્યું હતું કે, આ કાયદાને લઈને હવે સુપ્રીમ કોર્ટ જ કંઈ કરી શકે છે. જ્યાં સુધી આ કાયદાની વાત છે તો આ એક એવી બાબત છે જ્યાં રાજ્ય સરકારોના કેન્દ્રની સાથે અત્યંત ગંભીર મતભેદ છે. તેથી આપણે સુપ્રીમ કોર્ટના અંતિમ નિર્ણયની રાહ જોવી જોઈએ. સુપ્રીમ કોર્ટ નક્કી કરશે અને ત્યાં સુધી જે કંઈપણ કહેવામાં આવ્યું અને કરવામાં આવ્યું તે અસ્થાયી અને અનિશ્ચિત છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં ભારત અને મલેશિયાના મંત્રી મળશે

કાશ્મીર મુદ્દે ભારતનો વિરોધ મલેશિયાને ભારે પડ્યોઃ વાતચીતના પ્રયાસો શરૂ કર્યા

ન્યુ દિલ્હી

કાશ્મીર મુદ્દે ભારતનો વિરોધ કરવાનુ મલેશિયાને ભારે પડી રહ્યુ છે. કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના મુદ્દે મલેશિયાના પીએમ મહાતિર મહોમ્મદે કરેલી ટિપ્પણી બાદ ભારતે મલેશિયાથી પામ ઓઈલની આયાતમાં જંગી કાપ મુકી દીધો છે.જેના કારણે મલેશિયાના અર્થતંત્રને મોટો ફટકો વાગ્યો છે.જેના કારણે મલેશિયાએ ભારત સાથે વાટાઘાટો કરવાના પ્રયાસો શરુ કર્યા છે.

દુનિયામાં મલેશિયા બીજા નંબરનો પામ ઓઈલ ઉત્પાદક દેશ છે.ભારતે મલેશિયાના પામ ઓઈલની આયાતમાં મુકેલા કાપ બાદ તેની કિંમતોમાં ૧૧ વર્ષો સૌથી મોટો ઘટાડો થયો છે.જેના કારણે હવે મલેશિયાનુ વલણ નનરમ પડ્યુ છે.

મલેશિયાએ ભારત સાથે વાતચીતની ઈચ્છા વ્યક્ત કર્યા બાદ આગામી સમાહમાં સ્વિત્ઝરલેન્ડના દાવોસ ખાતે યોજાનારી વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં મલેશિયાના વાણિજ્ય મંત્રી ડારેલ લાઈકિંગ ભારતના વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલ સાથે મુલાકાત કરવાના છે.બેઠકનો કોઈ એજન્ડા નક્કી નથી પણ બંને દેશના સબંધોમાં સુધારો થાય તે માટે આ બેઠક યોજાશે તેમ લાગી રહ્યુ છે.

ઉત્તરાખંડમાં દરેક સ્ટેશનના નામ ઉર્દૂના સ્થાને સંસ્કૃતમાં લખવામાં આવશે

દહેરાદૂન



દેશના રેલવે તંત્રએ ઉત્તરાખંડ રાજ્યમાં આવતા દરેક સ્ટેશનના નામ ઉર્દૂની જગ્યાએ સંસ્કૃતમાં લખવાનો નિર્ણય કર્યો છે. અગાઉ પ્લેટફોર્મ પર રેલવે સ્ટેશનના નામ હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂમાં લખવામાં આવતા હતા. હવે નવા એક નિર્ણય બાદ હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃતમાં નામ લખવામાં આવશે. રેલવે અધિકારીઓએ જણાવ્યા અનુસાર આ નિર્ણય રેલવે મેન્યુઅલના હિસાબથી લેવામાં આવ્યો છે. જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યુંછેકે, રેલવેસ્ટેશનના નામ હિન્દી, અંગ્રેજી અને રાજ્યની બીજી રાજકીય ભાષામાં લખાવું જોઈએ. વર્ષ ૨૦૧૦માં ઉત્તરાખંડ સંસ્કૃતને પોતાની રાજ્યની બીજી રાજ્ય ભાષા બનાવનાર પ્રથમ રાજ્ય બન્યુ હતું. એ સમયના મુખ્યમંત્રી રમેશ પોખરિયાલ નિશંકે કહ્યું હતું કે, તેમણે રાજ્યમાં સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર માટે એ નિર્ણય લીધો હતો. ઉત્તરાખંડ બાદ ગત વર્ષે ૨૦૧૯માં હિમાચરલ પ્રદેશ સરકારે પણ સંસ્કૃતને રાજ્યની બીજી રાજ્ય ભાષા બનાવવા નિર્ણય કર્યો હતો. ઉત્તરીય રેલવેના સીપીઆરઓ દીપક કુમારે જણાવ્યું કે, આ પહેલા ઉર્દૂમાં મોટા ભાગના રેલવે સ્ટેશનના નામ લખવામાં આવતા હતા. આ નિર્ણય લેવામાં દસ વર્ષ લાગ્યા છે. કારણ કે, ઉત્તરાખંડએ ઉત્તર પ્રદેશ રાજ્યનો એક ભાગ હતું. જ્યાં ઉર્દૂબીજી રાજકીય ભાષા હતી. જે લોકોએ આ મુદ્દે અમારું ધ્યાન દોર્યું ત્યારે અમે આ પરિવર્તન કરવાનો નિર્ણય લીધો.

મુંબઈ મેરેથોનઃ દોડતા ૭ લોકોને હાર્ટ એટેક આવ્યો, ૬૪ વર્ષના એક વૃદ્ધનું મોત

મુંબઈ

મુંબઈથી એક મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યા આજે સવારે મેરેથોન ૨૦૨૦ માં ભાગ લેવા આવેલા ૬૪ વર્ષીય વ્યક્તિનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું, ૬૪ વર્ષિય ગજાનન મલ્જાલકર રવિવારે મુંબઈ મેરેથોન ૨૦૨૦ માં દોડી રહ્યા હતા, ત્યારે તેમને હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તે મૃત્યુ પામ્યા હતા. આ મેરેથોનમાં ૭ લોકોને હાર્ટ એટેક આવ્યો હતો.

તે સિનિયર સિટીઝન કેટેગરીમાં દોડી રહ્યા હતા અને લગભગ ૪કિ.મી. દોડ્યા પછી તેમને અચાનક હાર્ટ એટેક આવ્યો હતો, ત્યારબાદ તેમને તાત્કાલિક બોમ્બે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. મેરેથોનમાં ભાગ લેનારા અન્ય બે લોકોને પણ હાર્ટ એટેક આવ્યા હતા, ત્યારબાદ તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાંથી એક, ૪૦ વર્ષીય હિમાંશુ ઠક્કરની સારવાર ચાલી રહી છે, જ્યારે અન્ય વ્યક્તિને રજા આપવામાં આવી છે.

અર્થવ્યવસ્થાને બરબાદ કરવા માટે પણ મગજ હોવું જોઈએઃ સુબ્રમણ્યમ્ સ્વામીનો કટાક્ષ

ન્યુ દિલ્હી

દેશમાં આર્થિક મંદી સરકાર માટે મોટો પડકાર બની ગઈ છે. વિપક્ષ સતત આ મુદ્દે સરકારની આલોચના કરતી રહી છે, ત્યારે હવે ભાજપની અંદર પણ વિરોધનો અવાજ ઉઠવા લાગ્યો છે. ભાજપના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ અર્થ વ્યવસ્થાની વર્તમાન સ્થિતિ પર વ્યંગમાં કહ્યું કે, આ પ્રકારે અર્થ વ્યવસ્થાને બરબાદ કરવા માટે પણ મગજ હોવું જોઈએ.

સામાન્ય રીતે મંદી મોંઘવારીની સાથે નથી આવતી. મોટાભાગે માંગમાં ઘટાડો થયા બાદ વસ્તુઓની કિંમત ક્યારેય વધતી નથી, પરંતુ હવે ભારતની અર્થ વ્યવસ્થામાં આ તમામ ખામીઓ જોવા મળી રહી છે.

જણાવી દઈએ કે, સુબ્રમણ્યમ સ્વામીએ એક દિવસ પહેલા જ ડોલરની સરખામણીએ રૂપિયો નબળો પડવા પર વિવાદિત નિવેદન આપતા જણાવ્યું હતું કે, ભારતીય કરન્સીમાં સુધારો કરવા માટે ચલણી નોટોમાં ધનની દેવી લક્ષ્મીનો ફોટો છાપવામાં આવે.

૩૦ વર્ષમાં ઈન્ટરનેટે સરળ બનાવી આપણી જિંદગી...!!

જે લોકો સમયનું મહત્વ જાણે છે તેઓ કાયમ કહેતા આવ્યા છે કે, એક મિનિટ એટલે કે, ફક્ત ૬૦ સેકન્ડ પણ કેટલી કિંમતી હોય છે. તમે આ ક્યારેક અનુભવ્યું પણ હશે. જેમ કે, એક મિનિટમાં બસ, ટ્રેન, પ્લેનમાં બેસવાનું ચૂકી જાઓ છો ત્યારે. આ સિવાય ઘણાં કિસ્સામાં આવું બનતું હોય છે. આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટની વાત કરીએ તો, ૧ મિનિટમાં ઈન્ટરનેટની દુનિયામાં કેટકેટલું બની જતું હોય છે, અપલોડ્સ, ઈ મેઈલ, મેસેજિસ, વેબ સાઈટ જોવી, આવી કેટ કેટલી પ્રવૃત્તીઓ એક મિનિટમાં બની જતી હોય છે.

હવે આપણે આપણા ફોન સાથે કનેક્ટેડ રહેવા ઉપરાંત પણ ઘણા બધા કામો માટે ઉપયોગ કરીએ છીએ અને આ બધું શક્ય બન્યુંછે ઈન્ટરનેટના કારણે. માર્કેટિંગ પ્રોફેશનલ સુદર્શન સેનગુપ્તાનું કહે છે કે, મારી મોટાભાગની જરૂરીયાતોને પૂર્ણ કરવા માત્ર મારો સ્માર્ટફોન જ કાફી છે. ઓનલાઈન શોપિંગ હોય, ટ્રાવેલ બુકિંગ હોય, કોઈ માહિતી મેળવવી હોય, કે પછી એ બધુ જેની મેં કલ્પના કરી હોય એ તમામ વસ્તુઓ માટે મારા ફોનનો ઉપયોગ કરું છું. ઈન્ટરનેટે ખરેખર ફોનની સંભાવનાઓને નવા સ્તરેથી પરિભાષિત કરી છે. પછી એ મનોરંજન હોય, હરતા ફરતા ઈમેલ ચેક કરવા હોય, કે પછી તમે કોઈ પણ વસ્તુની જાણકારી મેળવવા માગતા હોવ, ઈન્ટરનેટની સુવીધા વાળો સ્માર્ટફોન આજના જમાનાનું એક શક્તિશાળી યંત્ર બની ગયું છે.

સતત બદલાતી રહેતી ઈન્ટરનેટની દુનિયાની સાથે તાલમેલ મેળવવા માટે ટેલીકોમ કંપનીઓ પણ તેમના નેટવર્કમાં સતત ફેરફાર કરી રહી છે. જેમકે, અત્યારે ભારતમાં ૪જી ઈન્ટરનેટના કારણે મોબાઈલ ફોન ઉપયોગની તમામ સીમાઓ પાર થઈ ગઈ છે. તમે ચાલુ ટ્રેનમાં ભીડભાડ વચ્ચે એચડી વિડિયો સ્ટ્રીમિંગ કરી શકો છો. ટુંકમાં મોબાઈલમાં ઈન્ટરનેટની મદદથી તમે આ બધુ એકદમ સરળતાથી કરી શકો છો.

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર વિવેક તેઝુઝા, જેમના ટ્વિટર પર ૨૬ હજારથી પણ વધુ ફોલોઅર્સ છે, એ કહે છે કે, મને દરેક સમયે મારા ફોલોઅર્સ સાથે જોડાયેલુ રહેવું પસંદ છે. ખાસ કરીને જ્યારે હું ટ્રાવેલિંગ કરું છું ત્યારે.

ઈન્ટરનેટે ટ્રાવેલિંગ વગર પણ આપણા માટે એવા અનેક દરવાજા ખોલ્યા છે જ્યાં આપણે ઘણુ બધુ કરી શકીએ છીએ. આજે તમે જ્યાં ફરવા જવા માગતા હોવ ત્યાં જતાં પહેલા જ સરળતાથી એ સ્થળની સંપૂર્ણ જાણકારી મેળવી શકો છો. જો તમને કોઈ ટ્રિપ દરમ્યાન એડવેન્ચરનો મૂડ બની જાય અને તમારા ફોનમાં ઈન્ટરનેટ હોય તો સમજી લો કે વાત બની ગઈ. ઈન્ટરનેટને કારણે ગ્લોબલ ટૂરિઝમને પણ વેગ મળ્યો છે. ઈન્ટરનેટ હવે આપણી લાઈફસ્ટાઈલનો એક મહત્વનો હિસ્સો બની ચૂક્યું છે. જોવાનું રહેશે કે, આગામી ૩૦ વર્ષોમાં આ ઈન્ટરનેટ આપણે કયાં લઈ જશે!

નલિયા ૪.૬ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર

સૌરાષ્ટ્ર-કચ્છમાં 'કોલ્ડ ડે' રહેવાની આગાહીઃ કાલાવડમાં ઠંડીથી એકનું મોત

ગાંધીનગર

ઉત્તર તરફના પવનો ફૂંકાતાની સાથે રાજ્યના લોકો કડકડતી ઠંડીનો અહેસાસ કરી રહી રહ્યા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. ત્યારે સૌરાષ્ટ્ર-કચ્છ 'કોલ્ડ ડે' રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે, સાથે આગામી ૨૪ કલાક ઠંડા અને સુકા પવનો ફૂંકાશે. જેના કારણે ઠંડીનુ પ્રમાણ યથાવત રહેશે. બીજી તરફ જામનગર જિલ્લાના કાલાવડમાં ઠંડીને કારણે હાર્ટ અટેકથી એક યુવકનું મોત થયાનો બનાવ સામે આવ્યો છે.

છેલ્લા ૩ દિવસથી સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનુ પ્રમાણ વધ્યું છે. દરિયા કિનારાના વિસ્તારોનું તાપમાન સામાન્ય રહેતું હોય છે, પરંતુ દરિયા કિનારે ઉત્તર-પશ્ચિમ તરફના પવન ફૂંકાઈ રહ્યા હોવાથી એકા એક તાપમાન ઘટી રહ્યું છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં આખો દિવસ ઠંડા પવન ફૂંકાવાની સાથે કોલ્ડ ડેની આગાહી કરવામાં આવી છે. રાજકોટ, પોરબંદર, ભાવનગર અને કચ્છમાં કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે અને દિવસ દરમિયાન પણ લોકો ઠંડીનો અહેસાસ થશે. મહત્વપૂર્ણ છે કે રાજ્યમાં કડકડતી ઠંડીના કારણે લોકો ઠુંઠવાયા છે. આગામી ૨૪ કલાક ઠંડીનુ પ્રમાણ યથાવત રહેશે.

રાજ્યમાં આજે સૌથી ઠંડુ શહેર નલિયા રહ્યું છે. નલિયાનું લઘુતમ તાપમાન ૪.૬ ડિગ્રી નોંધાયું છે. રાજકોટનુ લઘુતમ તાપમાન ૯.૨ ડિગ્રી, પરોબંદરનું લઘુતમ તાપમાન ૧૨.૫ ડિગ્રી, ભુજનુ તાપમાન ૯ ડિગ્રી, અમરેલી, સુરેન્દ્રનગર, ન્યૂ કંડલાનું લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યુ છે.

એટલે કે સૌરાષ્ટ્ર-કચ્છમાં મોટાભાગનાં શહેરનું લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી આસપાસ રહ્યુ છે. જોકે, ચાલુ વર્ષે રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાઈ છે. ચાલુ વર્ષે ઉત્તર ભારતમાં હિમવર્ષેની અસર ગુજરાત ઉપર પણ થઈ છે, જેના કારણે છેલ્લા કેટલાક દિવસથી લગાતાર લઘુતમ તાપમાન ઘટી રહ્યુ છે. સાથે જ ઠંડીનું પ્રમાણ વધતા જનજીવન પ્રભાવિત થયું છે.

પતિ પોતાના બે બાળકોને લઈ ફરાર

લોખંડની તવી મારી શિક્ષક પતિએ શિક્ષિકા પત્નીને મોતને ઘાટ ઉતારી

નસવાડી

નસવાડીનાં ગઢબોરિયાદ ગામમાં પતિએ પત્નીની ગઈકાલે રાતે હત્યા કરીને બે બાળકોને લઈને ફરાર થઈ ગયો છે. ખેરડા પ્રાથમિક શાળાની શિક્ષિકા અલ્પાબેન ઝાલાને તેના પતિએ રોટલી બનાવાની લોખંડની તવી મારી તથા ગળામાં ગંભીર માર મારીને પત્નીની હત્યા કરી નાંખતા ચકચાર મચી ગઈ હતી. નસવાડી પોલીસે આ અંગે તપાસ શરૂ કરીને ફરાર પતિની શોધખોળ શરૂ કરી છે.

પતિએ કયા કારણોસર પત્નીની હત્યા કરી તે હજી સામે આવ્યું નથી. મળતી માહિતી પ્રમાણે, ગત સાંજનાં પતિ અલ્પાબેનનાં ઘરે આવ્યો હતો. પતિનું નામ મુકેશ સોલંકી છે.

મળતી માહિતી પ્રમાણે પતિ આણંદ જિલ્લામાં શિક્ષકની નોકરી કરે છે. હાલ પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પહેલા ઘરની અંદર તપાસ કરીને આસપાસનાં લોકોની પણ પૂછપરછ કરશે. પત્ની આ ઘરમાં બાળકો સાથે રહેતી હતી.

લોહિયાળ રવિવાર
પહેલા પાનાથી ચાલુ

મોત નિપજયા હતા. જ્યારે ૪ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. મૃતકોમાં બાળકોનો પણ સમાવેશ થતો હોવાની પ્રાથમિક જાણકારી મળી છે.

અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક લીંબડીની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બાદ પોલીસ અને ટ્રાફિક વિભાગે ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલા પાંચ લોકોના મૃતદેહને પણ લીંબડી હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. અહીં જરૂરી કાર્યવાહી પૂરી કરીને તેમના મૃતદેહને અમદાવાદ મોકલવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, છેલ્લા એક વર્ષથી અમદાવાદ-રાજકોટ હાઈવે પર સિક્સ લેનનું કામ ચાલે છે. અનેક ડાયવરઝન અને નાના રોડના કારણે અકસ્માત થાય છે. અને તેના કારણે અનેક લોકો મોતને ભેટી રહ્યા છે.

મોહન ભાગવત
પહેલા પાનાથી ચાલુ

એક સાથે રહેવું પડશે, આને જ આપણે હિન્દુત્વ કહીએ છીએ.

વસતી નિયંત્રણની અંતર્ગત બે બાળકોના કાયદાને આરએસએસના સમર્થનના સમાચારને લઈ ભાગવતે કહ્યું કે કેટલીય જગ્યાએ એ પ્રકાશિત કરાયું હતું કે મેં કહ્યું કે તમામને બે બાળકો હોવા જોઈએ, પરંતુ મેં આવું કંઈ કહ્યું નથી. મેં કહ્યું કે વસતી સમસ્યાની સાથો સાથ સંસાધન પણ છે, આથી આ સંબંધમાં એક નીતિનો ડ્રાફ્ટ તૈયાર કરવો જઈએ. તેમણે કહ્યું કે સરકારની નીતિ નક્કી કરશે કે એક વ્યક્તિના કેટલા બાળકો હોવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે અગાઉ આરએસએસના સ્વયંસેવકોને સંબોધિત કરતાં કહ્યું હતું કે દેશમાં ૧૩૦ કરોડ વસતી છે. આ તમામ ભારતીય છે. તેમના તમામના પૂર્વજ એક છે.

ટ્રમ્પ
પહેલા પાનાથી ચાલુ

છે કે, સર તેની પાસે બે મિનિટ ૧૧ સેકન્ડ છે જીવવા માટે. તે લોકો કારમાં છે સર.. તેઓ બૂલેટપ્રૂફ ગાડીમાં જઈ રહ્યા છે. સર, તેમની પાસે જીવવા માટે આશરે એક મિનિટનો સમય છે. સર... ૩૦ સેકન્ડ, ૧૦ સેકન્ડ, ૯,૮.... આ પછી એક ધડાકાનો અવાજ આવે છે. તેઓ મરી ચુક્યા છે સર.

અમેરિકામાં ડેમોક્રેટ્સ અને અન્ય ક્રિટિક્સમાં અમેરિકન રાષ્ટ્રપતિના આદેશ પર થયેલા હુમલાના ટાઈમિંગ પર સવાલ ઉઠાવ્યો છે. ટ્રમ્પે મહાભિયોગ ટ્રાયલનો સામનો કરવાનો છે તેવા જ સમયે ઈરાની કમાન્ડર કાસિમ સુલેમાનીની હત્યાનો આદેશ આપ્યો હતો.

રાઉત
પહેલા પાનાથી ચાલુ

થવાની માંગણી કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટમાં પણ આ મામલો ૧૪ વર્ષથી પેન્ડિંગ છે. સુપ્રીમ કોર્ટ જે પણ ચુકાદો આપશે અમને મંજૂર હશે. રાઉતે આગળ કહ્યું ત્યાં લાખો મરાઠી લોકો રહે છે અને તેઓ પોતાની ભાષા અને સંસ્કૃતિને ફોલો કરતા રહેશે. હું કર્ણાટકના મુખ્યમંત્રીને અપીલ કરું છું કે તેઓ ભાષા વિવાદમાં ના પડે.

સંજય રાઉતે કહ્યું કે ગૃહ મંત્રાલયે કાશ્મીર વિવાદને ઉકેલી દીધો અને કલમ ૩૭૦ની જોગવાઈને ખત્મ કરી દીધી. જો અમિત શાહ ઈચ્છે તો બેલગામ વિવાદને પણ ઉકેલી શકે છે. આ મામલો ગૃહમંત્રાલયના આધીન આવે છે. એક મજબૂત ગૃહમંત્રી, જેને સંવિધાનની કલમ ૩૭૦ને હટાવી તેઓ આને પણ ઉકેલી શકે છે.

કેજરીવાલ
પહેલા પાનાથી ચાલુ

દિલ્હી બનાવવામાં આવશે.

- દિલ્હીને ગંદકી અને કચરાના ઢગલાથી મુક્ત કરીને સ્વચ્છ અને સુંદર બનાવીશું.

- દિલ્હીને મહિલાઓ માટે સુરક્ષિત બનાવીશું. આ માટે CCTV કેમેરા, સ્ટ્રીટ લાઈટ્સ, બસ માર્શલની સાથે હવે મોહલ્લા માર્શલની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

- દિલ્હીની ઝૂંપડપટ્ટીમાં રહેતા વસાહતીઓને પાકુ મકાન આપવામાં આવશે

પિતા બન્યો રાક્ષસઃ દિકરીને બળજબરી પૂર્વક દવા પીવડાવી મોતને ઘાટ ઉતારી

જૂનાગઢ

વેરાવળનાં ઈણાજ ગામમાં પિતાએ જ ધોરણ ૧૧માં ભણતી દીકરીને બળજબરીથી ઝેરી દવા પીવડાવીને હત્યા કરી દીધાની માહિતી સામે આવી રહી છે. આ દીકરીને વધુ અભ્યાસ કરવો હતો તેથી સગા પિતા માલદે બાલુ સોલંકીએ હિચકારૂ પગલુ ભર્યું હતું.

આ મામલે મળતી માહિતી પ્રમાણે વેરાવળનાં ઈણાજ ગામે અભ્યાસ ન કરવા દેવા માટે ૧૬ વર્ષની દીકરી હિરલને બેફામ માર મારી ઝેરી દવા પીવડાવી પિતાએ હત્યા કરી નાંખ્યાનો ઘટસ્ફોટ થયો છે. પિતાએ પરિવારની સામે ગત ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ દીકરીને પહેલા ઢોર માર માર્યો હતો. જે બાદ પરિવારને ધમકી આપતા જણાવ્યું હતું કે, આ વાત કોઈને કહેશો તો બધાને પતાવી દઈશ. તે જ દિવસે સાંજે હિરલનાં ફરી પાછા હાથપગ બાંધી ઈલેક્ટ્રીકના સર્વિસ વાયર વડે માર મારી બળજબરીથી ઝેરી દવા પીવડાવી હત્યા કરી નાખી હતી. આ આખુ કૃત્ય તેની પત્ની કંચનબેન અને તેના પુત્ર તથા પુત્રીની સામે જ કર્યું હતું. પરંતુ આપેલી ધમકીને કારણે તે દિવસે કંઈ બહાર આવ્યું ન હતું.

થોડા દિવસો બાદ મૃતકના મામાએ તેના સાળા માલદે સામે દીકરીને મારી નાખવાનો આક્ષેપ કર્યો હતા. જેથી મૃતકની માતાએ પરીવારજનોને વાત કરેલ હતી. આ બાદ પ્રભાસપાટણ પોલીસે હિરલની નાની બહેન તથા નાનાભાઈને સાક્ષી બનાવી કોર્ટમાં તેનું નિવેદન લીધેલ હતું. જે બાદ હત્યારા પિતાનાં મોબાઈલ લોકેશનનાં આધારે ઝડપી પાડ્યો હતો. આ અંગે તપાસનીશ અધિકારી પી.આઈ. રાઠવાએ જણાવેલ હતું કે, 'ગઈ તારીખ ૨૯-૯-૨૦૧૯ના બનાવમાં તા. ૧૮-૧-૨૦૨૦ના રોજ ફરીયાદ નોંધાયેલ છે. જે તે સમયે આરોપી પિતા પત્ની અને બાળકોને મારી નાંખવાની ધમકી આપીને ભાગી ગયો હતો પરંતુ પોલીસે ફરિયાદ નોંધાયા બાદ તેની ધરપકડ કરી લીધી છે.'

વરાછામાં કચરાપેટીમાંથી મહિલાની લાશ મળી હતી

મહિલાની હત્યા કેસમાં આરોપી ૨૨ વર્ષે ઝડપાયો, હત્યારો પતિ હજુ ફરાર

સુરત

શહેરના વરાછામાં આજથી ૨૨ વર્ષ પહેલા થયેલી હત્યા કેસમાં પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે. જેમાં જેની હત્યા થઈ હતી તે મહિલાનો પતિ હાલમાં ફરાર છે. પોલીસે આ કેસમાં એક આરોપીને બાતમીના આધારે ઝડપી પડ્યો છે. પત્ની હત્યા બાદ આરોપી પોલીસથી નાસતો ફરતો હતો અને સુરતમાં રીક્ષા ચલાવતો હતો.

સુરતના વરાછા વિસ્તારમાં આવેલા ડાહ્યાપાર્ક સોસાયટી નજીકની કચરાપેટીમાંથી એક મહિલાની લાશ મળી આવી હતી. મહિલાના શરીર પર ઈજાના નિશાન હતા. જે તે સમયે આ કેસની તપાસ વરાછા પોલીસ કરી રહી હતી. આ લાશ વર્ષ ૧૯૯૮માં ૨૯ ઓક્ટોબરના રોજ મળી હતી. તેમજ મૃતક મહિલાનું નામ પૂજા હતું.

પોલીસે તપાસ કરતા આ મહિલાની હત્યા અન્ય કોઈએ નહીં પણ તેના પતિએ જ કરી હોવાનું સામે આવ્યું હતું. આ હત્યામાં મહિલાના પતિની તેના ત્રણ મિત્રોએ મદદ કરી હતી. પોલીસ આ મામલે રાજબહાદુર લીલાધર કુશ્વાહ, સુરેશ કુશ્વાહની ધરપકડ કરી હતી. જ્યારે ફરાર ગિરિરાજ ફોજદાર અને મહિલાનો પતિ લાંબા સમયથી નાસતા ફરતા હતા. આરોપી ગિરિરાજ સુરતના વરાછા વિસ્તારમાં રીક્ષા ચલાવી પોતાનું ગુજરાન ચલાવતો હોવાની વિગત મળતા પોલીસે તેની ધરપકડ કરી હતી. જોકે, આ કેસમાં મહિલાનો પતિ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. પોલીસ આગામી દિવસોમાં મહિલાનો પતિ ભગવાનસિંહ કુશ્વાહની આગામી દિવસોમાં ધરપકડ કરે તેવી શક્યતા છે.

મધ્યસ્થ જેલમાંથી ૩૭ દિવસમાં ત્રીજી વાર મોબાઈલ, તમાકુ મળ્યા

રાજકોટ

રાજકોટની મધ્યસ્થ જેલ ફરી ગુનેગારો માટે સગવડ ધરાવતી જેલ બની ગઈ છે. છેલ્લા ૩૭ દિવસમાં રાજકોટ જેલમાંથી ત્રીજી વખત મોબાઈલ અને તમાકુની પડીકીઓ મળી આવી છે. રાજકોટ મધ્યસ્થ જેલના ગ્રુપ-૨ના જેલર કે.એ.વાઢેરે નોંધાવેલી ફરિયાદ મુજબ, શુક્રવારે સાંજે સાડા સાત વાગ્યે અધિકારી અને સિપાઈ સાથે જેલ ટાવર-૨ પાસે આવેલી નવી જેલ વિભાગ-૨માં નિત્યક્રમ મુજબ જેલના બેરેક તેમજ કેદીઓની ઝડતી કરવાની કાર્યવાહી કરાઈ હતી. જેલમાં તલાશી દરમિયાન એક બેટરી સાથેનો મોબાઈલ, ચાર્જર તેમજ તમાકુની ૧૨ પડીકીઓ મળી આવી હતી.

જેલમાંથી પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતા આ અંગે અધિકારીઓને જાણ કરી હતી. અને શનિવારે અજાણ્યા કેદી સામે પ્રદ્યુમ્નનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

સૃષ્ટી વિરુદ્ધનું કૃત્ય કરી મોતને ઘાટ ઉતાર્યાની આશંકા

દહેજના વડદલા ગામ ખાતે ૬ વર્ષીય બાળકની લાશ મળતાં ખળભળાટ

ભરૂચ

ભરૂચમાં દહેજના વડદલા ગામમાંથી ગુમ ૬ વર્ષના બાળક કિષ્ના વીરેન્દ્ર પ્રજાપતિની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. બાળક ગત રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાથી ગુમ હતો અને પરિવાર શોધખોળ કરી રહ્યું હતું. દરમિયાન બાળક છેલ્લે મિથુન કેવટ નામના યુવક જોવા મળ્યો હોવાથી તેની પૂછપરછ બાદ નજીકની રેસીડેન્સીના પહેલા માળે આવેલા બાથરૂમમાંથી બાળકની લાશ મળી આવી હતી. હાલ બાળકના મૃતદેને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો છે. જોકે, બાળક સાથે સૃષ્ટી વિરુદ્ધનું કૃત્ય કરી મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે.

દહેજના વડદલા ગામમાં આવેલી રેસીડેન્સીમાં કિષ્ના વીરેન્દ્ર પ્રજાપતિ (ઉ.વ.૬) પરિવાર સાથે રહેતો હતો. ગતરોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે ગુમ થઈ ગયો હતો. જેથી પરિવારે પોલીસને જાણ કરી શોધખોળ હાથ ધરી હતી. જેમાં મિથુન કેવટ નામના યુવક સાથે છેલ્લે બાળક જોવા મળ્યો હતો. જેથી પોલીસે મિથુનની કડકાઈથી પૂછપરછ હાથ ધરી હતી. ત્યારબાદ નજીકમાં આવેલી એક રેસીડેન્સીના પ્રથમ માળના બાથરૂમમાંથી બાળકની લાશ મળી આવી હતી.

ઉમરગામમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહનું સમાપન

કથા સપ્તાહના સમાપન સમારંભમાં મંત્રી પાટકરની ઉપસ્થિતિ

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકા મથકે શ્રી કચ્છી ભાનુશાલી મિત્ર મંડળ ટ્રસ્ટ ઉમરગામ અને હરિ ઓમ પરિવાર તથા શ્રી અખિલ ભારતીય ઓધવપ્રેમી આયોજિત ધરમપુરના ભાગવતાચાર્ય શરદભાઈ વ્યાસના સાંનિધ્યમાં ચાલી રહેલા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના સમાપન અવસરે વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે ઉપસ્થિત રહી ભગવાન શ્રીકૃણના આશીર્વાદ મેળવ્યા હતા.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ભાનુશાલી સમાજ એકતાના બીજ રોપી સંગઠિત બની સમાજના વિકાસ માટે સક્રિય રહે છે, જે અભિનંદનીય છે. સેવાના કામોમાં સતત કાર્યરત રહેતા સમાજની સેવાભાવનાને તેમણે બિરદાવી હતી. આ અવસરે કચ્છી ભાનુશાલી મિત્ર મંડળના સભ્યો સહિત ભાવિક ભક્ત જનો હાજર રહયા હતા.

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી દ્વારા ૫ કિ.મી. મેરેથોન દોડ યોજાઈ

સુરત

પ્રધાનમંત્રીશ્રીના 'ફીટ ઈન્ડીયા મેરેથોન' કાર્યક્રમ અંતર્ગત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, અઠવાલાઈન્સ દ્વારા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત કોલેજોના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ માટે ૧૧ જાન્યુ.ના રોજ વહેલી સવારે ૬.૪૫ વાગ્યે એમ.ટી.બી. કોલેજ કેમ્પસના ગેટ પરથી પાંચ કિ.મી.ની મેરેથોન દોડ યોજાઈ હતી. મેરેથોનમાં સોસાયટી સંચાલિત કોલેજોના પ્રિન્સીપાલ, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ મળી અંદાજીત ૨૦૦૦ જેટલા સ્પર્ધકોએ

ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સોસાયટીના અધ્યક્ષશ્રી કમલેશ યાજ્ઞિક, સ્પોર્ટ્સ કમિટીના અધ્યક્ષશ્રી મયંક દેસાઈ, પૂર્વ અધ્યક્ષશ્રી યતીશ પારેખ, શ્રી એસ.એ.રાવલ, શ્રી નરેન્દ્ર ગાંધી તથા સોસાયટીના મંત્રીશ્રી ઘનશ્યામપ્રસાદ સનાઢય એ ફ્લેગ ઓફ કરી મેરેથોનની શરૂઆત કરાવી હતી.

મેરેથોનના વિજેતામાં ફિટ પ્રિન્સીપાલ શ્રેણીમાં પુરૂષોમાં ડૉ.પૃથુલ દેસાઈ તથા મહિલાઓમાં ડૉ. માર્ટિના નરોન્હા પ્રથમ ક્રમે રહ્યા હતા. જયારે ૫૦થી વધુ ઉંમરના સ્પર્ધકોની શ્રેણીમાં પ્રથમ તથા દ્વિતીય અનુક્રમે શ્રી ઉત્તમ પટેલ અને શ્રી જીજુ સચીનવાલા રહ્યા હતા. વિદ્યાર્થીઓમાં ભાઈઓમાં પ્રભીલ એસ.રામ તથા બહેનોમાં કુ.નિલેશ્વરી ચૌધરી પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. કર્મચારી ભાઈઓમાં સતીષ ડોકીપરતી અને બહેનોમાં રુચિકા પંડ્યા પ્રથમ ક્રમે રહ્યા હતા. વિજેતા દોડવીરોને ટ્રોફી અને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા. સોસાયટીની મેરેથોન દોડને સફળ બનાવવામાં સુરત શહેરના પોલિસ કમિશ્નરશ્રી તથા તેમનો સ્ટાફ, સિવિલ હોસ્પિટલની મેડિકલ ટીમ, સોસાયટી પરિવારના સભ્યો, કોલેજોના ફિઝીકલ અધ્યાપકો, એન.સી.સી. કેડેટ્સ, એન.એસ. એસના વિદ્યાર્થીઓ, વોલન્ટિયર્સ સ્ટાફ વગેરેએ ખડે પગે રહીને મેરેથોનને સફળ બનાવી હતી.

બ્રિટિશ નાગરિકનું અકસ્માતમાં મોત, ૧૧ વર્ષે ૮૫ લાખ વળતર ચૂકવવા આદેશ

અમદાવાદ

શહેરમાં બ્રિટિશ નાગરિકના અકસ્માતથી થયેલા મોત પર ચૂકાદો આપતા મોટર વ્હીકલ એક્સિડન્ટ ટ્રિબ્યૂનલે મૃતકના પરિવારને ૮૫ લાખ રૂપિયાનું વળતર આપવાનો આદેશ કર્યોછે. આ વળતર મૃતકનું ફેમિલી બેકગ્રાઉન્ડ અને બ્રિટિશ સરકાર તરફથી મળતા લાભો પર ધ્યાન આપીને નક્કી કરાયું હતું. ગાંધીનગરમાં ટ્રિબ્યૂનલે બે વાહનો અને તેમના ઈશ્યોરર્સને વર્ષ ૨૦૦૯થી ૮ ટકા વ્યાજ સાથે આ રકમ ચૂકવવા માટે જણાવ્યું છે. ૨૬ વર્ષનો બિટિશ નાગરિક રાકેશ શર્મા દેહગામ નજીક પોતાના પૈતૃક ગામની મુલાકાતે જઈ રહ્યો હતો આ દરમિયાન અકસ્માતમાં તેનું મોત થઈ ગયું. તે લંડનની સાઉથ થેમ્સ કોલેજમાં શિક્ષક હતો.

ઓક્ટોબર ૨૦૦૯માં અમદાવાદથી દહેગામ જતા સમયે ટ્રક સાથે થયેલા કાર અકસ્માતમાં રાકેશનું મોત થઈ ગયું. આ બાદ લંડનની રહેવાસી તેની બહેન મિનાક્ષીએ ટ્રિબ્યૂનલમાં ૨ કરોડના વળતરની માગણી કરી હતી. તેણે યુકેની ફેમિલી કોર્ટનું સર્ટિફિકેટ રજૂ કર્યું હતું, જેમાં દાવો કરાયો હતો કે તે રાકેશની એકમાત્ર વારસદાર છે. રાકેશની આવકનો ગણ્યા બાદ હવે ટ્રિબ્યૂનલે તેની બહેન મિનાક્ષીને મળવા પાત્ર વળતરની રકમ નક્કી કરવાની હતી. તેની ઉંમરને જોતા અને ભવિષ્યમાં આવકમાં ૩૦ ટકાનો વધારો કરીને કોર્ટે તેની આવક ૧.૨૮ લાખ રૂપિયા પ્રતિ માસ નક્કી કરી. તેમાંથી ૫૦ ટકા રકમ પર્સનલ ખર્ચની કાઢતા બાકીની રકમ મિનાક્ષીને વાર્ષિક તેનો ભાઈ ૭.૭૦ લાખ રકમ આપી શકે તેવા નિર્ણય પર પહોંચાયું. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને ટ્રિબ્યૂનલે મૃતકની બહેનને ૮૫ લાખ રૂપિયાનું વળતર મળવું જોઈએ તેવો આદેશ આપ્યો.

ટ્રાફીક નિયમોનું પાલન સ્વયં શિસ્તતાથી કરવા આરોગ્યમંત્રી કાનાણીનો અનુરોધ

૩૧મા માર્ગ સલામતી સપ્તાહ-૨૦૨૦નો સમાપન સમારોહ યોજાયો

સુરત

અકસ્માતોનું પ્રમાણ ઘટે, લોકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતા થાય તેવા આશયથી સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા શહેરભરમાં તા.૧૧ થી ૧૭ જાન્યુઆરી દરમિયાન '૩૧મા 'માર્ગ સલામતી સપ્તાહ-૨૦૨૦'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેનો સમાપન સમારોહ ઈન્ડોર સ્ટેડીયમ ખાતે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી કુમાર કાનાણીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. સપ્તાહ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકોને માર્ગ સલામતી અંગે જાગૃત્ત કરવા માટેના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી કીશોર કાનાણીએ જણાવ્યું કે, વાહનોમાં થઈ રહેલા વધારાના કારણે ટ્રાફિક અને અકસ્માતોમાં વધારો થયો છે. આ સમસ્યા હલ કરવા માટે લોકોમાં જાગૃતી લાવવી ખૂબ જ જરૂરી છે. શાળાઓમાં બાળકોને નાનપણથી ટ્રાફિકના પાઠ ભણાવવામાં આવે તો ચોક્કસપણે અકસ્માતોના પ્રમાણમાં ઘટાડો થઈ શકે છે. શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ટ્રાફિક પોલિસના યૂ-ટર્નનો વિચાર ખૂબ જ કારગર સાબિત થયો છે. તેથી અકસ્માતો નિવારવા સૌને સાથે મળીને પ્રયાસો કરવા અને લોકોને વધુને વધુ સામેલ કરવાનો અનુરોધ તેમણે કર્યો હતો..આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી બંછાનિધી પાનીએ જણાવ્યું કે, માર્ગ અકસ્માતમાં દર વર્ષે ગુજરાતમાં મોટા પ્રમાણમાં અકસ્માતોમાં લોકોના મૃત્યુ થાય છે. આ માટે ત્રણ કારણોમાં ઓવર સ્પિડ, હેલમેટ અને સીટબેલ્ટ ન પહેરવો અને સિગ્નલનું પાલન ન કરવું મુખ્ય જોવા મળ્યા છે. અકસ્માતોમાં સૌથી વધુ ૧૮ થી ૨૫ વર્ષની વય ધરાવતા યુવાનોનું પ્રમાણ વધારે જોવા મળે છે. આગામી સમયમાં અકસ્માતોનું પ્રમાણ ઘટે તે માટે પુરતી તકેદારી રાખવાની સૌને હિમાયત કરવામાં આવી હતી.

આ પ્રસંગે કલેકટરશ્રી પટેલે માર્ગ સલામતીના મુદ્દાઓ પર લોકોને જાગૃત કરતા જણાવ્યું હતું કે, માર્ગ ખરાબ હોવા, ફૂટપાથ તથા જરૂરી જગ્યાએ સ્પીડ બ્રેકરની અછત અને ચાર રસ્તા પર સર્કલ ન હોવું વગેરે જેવી સમસ્યાને સુધારી શકાય છે, પરંતુ કાયદાનું અનુસરણ કરવું, અમર્યાદિત સ્પીડમાં ગાડી હંકારવી વગેરે જેવી બાબતોને સુધારવી બહુ મુશ્કેલ છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે, સુરતમાં મૃત્યુકારક અકસ્માતોની સંખ્યા વધુ છે.

જો ટ્રાફિકના નીતિ-નિયમોનું પાલન કરવામાં આવે તો જીવલેણ માર્ગ અકસ્માતો નિવારી શકાય છે. પૂરતી જાગૃતિ, સાવધાની અને ટ્રાફિકના નિયમો અનુસરીને આપણે સુરક્ષિત રહી શકીએ છીએ. આપણે સૌએ જાગૃત બનીને ટ્રાફિક નિયમોનું પાલન કરવાનો અનુરોધ કર્યો હતો.

સમારોહમાં તાજેતરમાં પતંગની ધારદાર દોરીથી ગંભીર રીતે ઘવાયેલા બાળક શિવમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડી જીવ બચાવનાર પોલિસ કોન્સ્ટેબલ કીરીટ હિરાલાલ પટણીનું આરોગ્ય મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ વેફ્રાએ નાટ્યકૃતિઓ અને ટ્રાફિક શાખાનું વિડિયો પ્રેઝન્ટેશન દર્શાવવામાં આવ્યા હતા. લોકોમાં ટ્રાફિક અંગે જાગૃતિ લાવવા માટે યોજાયેલ ચિત્રસ્પર્ધામાં ૩૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાથી ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અંતે ડી.સી.પી (ટ્રાફિક) પ્રશાંત શુંબેએ ઉપસ્થિત સૌને ટ્રાફિક નિયમો પાળવાના સંકલ્પ ગ્રહણ કરાવ્યાં હતા.

આ સમારોહમાં ધારાસભ્ય સર્વશ્રી પ્રવિણ ઘોઘારી, પુર્ણેશ મોદી અને વિવેક પટેલ તથા અધિક પોલિસ કમિશ્નર (ટ્રાફિક અને ક્રાઈમ) શ્રી એચ.આર મુલિયાણા, ડે. મેયર નીરવ શાહ, એલ એન્ડ ટીના ચીફ એક્ઝિક્યુટીવ અતીક દેસાઈ, એ.સી.પી(ટ્રાફિક) સર્વશ્રી બી.એન દવે, એ.કે. ચૌહાણ, શ્રી ઝેડ.એ.શેખ, એસ.ડી.મેવાડા, શ્રી એલ.બી.પરમાર અન્ય અધિકારીઓ, પોલીસગણ તથા શાફ્રાઓના ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કામરેજમાં હેલ્થ કચેરી દ્વારા પંચાયતી પદાધિકારીઓ માટે વર્કશોપ યોજાયો

કલેક્ટર ડૉ. ધવલ પટેલે સરળ ભાષામાં પાવર પોઈન્ટની માહિતી રજૂ કરી

સુરત

સુરત જિલ્લાની તાલુકા હેલ્થ કચેરી કામરેજ દ્વારા પંચાયતી રાજના પદાધિકારીશ્રીઓ માટેનો વર્કશોપ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. હસમુખ ચોધરી સાહેબના માર્ગદર્શન હેઠળ સુરતનાં જિલ્લા ક્ષય અધિકારી ડો. ધવલ પટેલના અધ્યક્ષતા હેઠળ અને કામરેજ તાલુકાના હેલ્થ ઓફિસર ડો.મહેન્દ્રસિંહ એન ભાટી અંતર્ગત યોજવામાં આવ્યો હતો.

સુરત જિલ્લાના ક્ષય અધિકારી ડો.ધવલ પટેલ દ્વારા ટી.બી. અંગે સરળ ભાષામાં પાવર પોઈન્ટના માધ્યમથી માહિતી આપવામાં આવી હતી. તેઓએ જણાવ્યું કે, બે અઠવાડિયાથી ખાંસી હોય તો ટી.બી. હોઈ શકે છે. તેમજ દરેક લોકો સુધી ટી.બી. અંગેની જાણકારી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. જેથી સહિયારા પ્રયત્નોથી ગુજરાતમાં ૨૦૨૨ સુધી ટી.બી. નાબુદ કરવાનો સરકારનો ધ્યેય પૂર્ણ થઈ શકે.

કાર્યક્રમનાં હેતુઓ તથા યોજનાકીય માહિતી કામરેજ તાલુકા હેલ્થ ઓફિસર ડો. એમ.એન. ભાટી દ્વારા આપવામાં આવી હતી. તેમજ કાર્યક્રમનું સંચાલન કામરેજના આઈ.ઈ.સી ઓફિસર મુકેશભાઈ ભટ્ટ દ્વારા અને કાર્યક્રમ પૂર્ણ થયે આભાર વિધિ નવી પારડીનાં મેડીકલ ઓફિસર ડો. કૌશિક મહેતા દ્વારા કરવામાં આવી હતી.

સોનગઢ નગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ ગ્રંથાલયનો કરાયો પ્રારંભ

વ્યારા

તાપી જિલ્લાના ઐતિહાસિક નગર સોનગઢ ખાતે તાજેતરમાં નગરપાલિકા દ્વારા સ્વામી વિવેકાનંદ ગ્રંથાલયનો શુભારંભ કરવામાં આવ્યો છે.

સોનગઢ સ્થિત સિનિયર સિટીઝન હોલના માળ ઉપર, રંગ ઉપવન, જ્યબાગ ખાતે અંદાજિત રૂપિયા ૧૪ લાખના ખર્ચે નગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલા આ ગ્રંથાલયને નગર પ્રમુખ શ્રીમતી વૈશાલીબેન ચૌધરીના હસ્તે ખુલ્લુ મુકાયું હતું. આ વેળા નગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ, સરકારી કોલેજના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકો, નગરજનો, ગ્રંથાલયના વાચકો વિગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ વેળા શ્રીમતી વૈશાલીબેન ચૌધરીએ સોનગઢ નગરને ઐતિહાસિક નગર સાથે લોકો સંસ્કારી નગર તરીકે પણ ઓળખતા થાય, તે માટે ખાસ કરીને નવી પેઢીને વાંચનમાં રસરૂચિ વધારી, સંસ્કારી વાંચન તરફ લગાવ કેળવવાનો અનુરોધ કર્યો હતો. ગ્રંથાલયની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાની નેમ સાથે, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓને પણ, આ ગ્રંથાલય ઉપયોગી સાબિત થશે તેમ તેમણે વધુમાં જણાવ્યુ હતું.

વિરમગામ તાલુકામાં પોલીયો અભિયાનના પ્રથમ દિવસે ૩૦ હજારથી વધુ બાળકોને પોલીયોથી રક્ષીત કરાયા



પોલીયો અભિયાનના બીજા અને ત્રીજા દિવસે કુલ ૨૮૪ ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને અરક્ષિત બાળકોને પોલીયોના ટીપા પીવડાવવામાં આવશે

વિરમગામ તાલુકામાં પોલીયો અભિયાનના પ્રથમ દિવસે ૦ થી ૫ વર્ષના કુલ ૩૦ હજાર થી વધુ બાળકોને પોલીયોના ટીપા પીવડાવીને પોલીયો રોગ સામે રક્ષીત કરવામાં આવ્યા હતા. વિરમગામ અર્બન હેલ્થ સેન્ટર ખાતે પોલીયો અભિયાનનો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિરમગામ નગરપાલીકાના પ્રમુખ રીનાબેન પંડ્યા ઉપસ્થિત રહ્યા અને બાળકોને પોલીયો પીવડાવ્યો હતો. પોલીયો અભિયાનને સફળ બનાવવા માટે અમદાવાદ જીલ્લા રોગચાળો નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, નીલકંઠ વાસુકિયા, ગૌરીબેન મકવાણા, જયેશ પાવરા, વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરો, આયુષ મેડીકલ ઓફિસરો, આરબીએસકે મેડીકલ ઓફિસરો, અર્બન હેલ્થ ઓફિસર, સુપરવાઈઝરો સહિત આરોગ્ય વિભાગના કર્મચારીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, દેશમાં પોલીયોનો એક પણ કેસ ન થાય તે હેતુંથી પોલીયો અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. પોલીયો અભિયાનના પ્રથમ દિવસે વિરમગામ શહેર અને તાલુકાના ૬૭ ગામ તથા પરા વિસ્તારમાં રહેલા ૦ થી ૫ વર્ષના કુલ ૩૦ હજારથી વધુ બાળકોને પોલીયોના ટીપા પીવડાવીને પોલીયોના રોગ સામે રક્ષણ આપવામાં આવ્યુ હતુ. તાલુકાના તમામ ગામમાં કુલ ૧૫૩ પોલીયો બુથ બનાવવામાં આવ્યા હતા અને ૧૪ મોબાઈલ ટીમ તથા ૯ ટ્રાન્ઝીટ ટીમ દ્વારા પોલીયો અભિયાનને વેગવંતુ બનાવવામાં આવી રહ્યુ છે. અમદાવાદ જીલ્લા ટીમ, વિરમગામ તાલુકા હેલ્થ ઓફિસની ટીમ, વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, આયુષ મેડિકલ ઓફિસર સહિત કુલ ૨૮ સુપરવાઈઝરો દ્વારા પોલીયો અભિયાનની કામગીરીનું સુપરવીઝન કરવામાં આવી રહ્યુ છે. પોલીયો અભિયાનના બીજા અને ત્રીજા દિવસે કુલ ૨૮૪ ટીમ દ્વારા ઘરે ઘરે ફરીને પ્રથમ દિવસે બુથ પર પોલીયો ન પીવડાવ્યો હોય તેવા ૦ થી ૫ વર્ષના બાળકોને શોધવામાં આવશે અને તેમને પોલીયો પીવડાવવામાં આવશે. પોલીયો અભિયાન શરૂ થાય તે પુર્વે વિરમગામ તાલુકાના તમામ ગામોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવી હતી અને આરોગ્ય વિભાગ ઉપરાંત વિવિધ વિભાગોના અધિકારીઓ દ્વારા પણ પોલીયો અભિયાનને સફળ બનાવવા માટે સહકાર આપ્યો છે.

વિરમગામના કિરીટભાઈ રાઠોડની મિશન સુરક્ષા પરિષદના પ્રદેશ અધ્યક્ષ તરીકે વરણી



મિશન સુરક્ષા પરિષદ એક રાષ્ટ્રીય સામાજિક આંદોલન છે. જે બહુજન હિતો માટે સામાજિક પરિવર્તનનુ કાર્ય કરે છે ત્યારે મિશન સુરક્ષા પરિષદ દ્વારસ અમદાવાદ સર્કિટ હાઉસમાં પ્રદેશ કક્ષાની કારોબારી સમિતિની મિટિંગ મળી હતી, જેમાં વિરમગામના વતની કિરીટ રાઠોડ ની બહુજનો, મહિલા અને વંચિત સમુદાયને અનેક વિધ સેવાઓ આપીને ડૉ. બાબા સાહેબ આંબેડકરના સપનાને સાકાર કરવા બદલ સન્માનપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.મિશન સુરક્ષા પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ગંગારામ આંબેડકરજી અને રાષ્ટ્રીય મહા સચિવ કિરીટરાજ સોલંકી દ્વારા કિરીટ રાઠોડ ની સરાહનીય કામગીરીને બિરદાવીને તેઓને પ્રદેશ અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી છે. જેથી વિરમગામનું નામ રોશન કરવા બદલન સર્વ સમાજના આગેવાનોએ આવકાર્યા છે.

જાફરાબાદ માછીમારને મગરુ નામની દુર્લભ મહાકાય માછલી મળી

અમરેલી

જાફરાબાદના માછીમારને મગરુ નામની દુર્લભ મહાકાય માછલી મળી આવી હતી. જાફરાબાદથી ૬૦ નોટિકલ માઈલ્સ દૂર આ માછલી મળી આવતા જેટી પર લાવવામાં આવી હતી. આ માછલી કોડ લીવર ઓઈલનો મુખ્ય સ્ત્રોત હોવાની માન્યતા છે. આ માછલીને બોટમાંથી ઊંચકવા માટે ક્રેનની મદદ લેવામાં આવી હતી. જાફરાબાદ જેટી પર માછલીને જોવા લોકોના ટોળા ઉમટ્યા હતા. મગરુ માછલી અતિ કિંમતી હોવાનું કહેવાય છે. ૬૦ નોટિકલ્સ માઈલ દૂર દરિયામાં મળી આવેલ આ મગરુ નામક માછલીને વેરાવળ મોકલવામાં આવી છે.

નવસારીના પ્રજાસત્તાક પર્વનું ખેરગામ ખાતે આયોજન

નવસારી

જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગરિમાપૂર્વક અને ઉલ્લાસભેર વાતાવરણમાં યોજાય તેના આયોજન માટે નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટરશ્રી રાઠોડે જણાવ્યું હતું કે, નવસારી જિલ્લાનો તા.૨૬ મી જાન્યુઆરી-૨૦૨૦ પ્રજાસત્તાકપર્વની ઉજવણી ખેરગામ ખાતે કરાશે. જિલ્લાકક્ષાની ઉજવણી પ્રભાતફેરી, સ્વચ્છતા, સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભકિતગીતો તથા પોલીસવિભાગ દ્વારા હોમગાર્ડ, એન.સી.સી. પ્લાન્ટુનનો પરેડ શો, શસ્ત્રપ્રદર્શન, ટ્રાફિકએવરનેશ જાગૃતિ તેમજ વિવિધ વિભાગોના ટેબ્લો રજૂ કરવામાં આવશે. સાથે સાથે સ્વાતંત્ર્યસેનાનીઓનું વિશેષ સન્માન કરાશે. ખેરગામમાં સરકારી ઈમારતોને રોશનીથી શણગારાશે. સફાઈ ઝુંબેશ, મહોલ્લા શેરીઓની સફાઈ ઝુંબેશ યોજાશે. આ બેઠકમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આઈ. શેખ, નાયબ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી એસ.જી. રાણા સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયાં હતા.

સંજાણ-માછીવાડ પ્રા.શાળાના નવનિર્મિત મકાનનું ઉદ્ઘાટન

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સંજાણ-માછીવાડ ખાતેની પ્રાથમિક શાળાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરના હસ્તે કરાયું હતું.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્યમંત્ર રમણલાલ પાટકરે શાળાના બાળકો ભણીને ઉચ્ચ શિખરે પહોંચે તેવી શુભકામના પાઠવતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને સુવિધાયુક્ત મકાન બનાવી આપવા માટે રાજ્ય સરકારે સુચારુ આયોજન કર્યું છે, જે પૈકી સંજાણ ખાતેની પ્રાથમિક શાળાના મકાનનું લોકાર્પણ કરાયું છે. આયુષ્યમાન ભારત યોજના હેઠળ પાંચ લાખ સુધીના બીમારીનો ખર્ચ સરકાર આપે છે. રાજ્ય સરકાર દ્વારા વ્હાલી દીકરી યોજના, કુંવરબાઈનું મામેરું, વૃદ્ધ પેન્શન, વિધવા પેન્શન સહિત અનેકવિધ યોજનાઓનો લાભ લેવા જણાવ્યું હતું.

બાલાશ્રમની ૭ અનાથ દીકરીઓનો ભવ્ય લગ્ન: દાતાએ દરેક દીકરીને ૧૦૦ વારનો પ્લોટ આપ્યો

ગોંડલ

ગોંડલ ના મહારાજાએ શરૂ કરેલા સેવાકાર્ય આજે પણ યથાવત છે. ગોંડલ ના બાલાશ્રમ માં રહેતી ૭ દીકરીઓ ના આજે લગ્ન યોજાયા છે. માતા પિતા વિનાની દીકરીઓના લગ્નમાં સામાજિક, ઉદ્યોગિક અને રાજકીય આગેવાનો સાથે ગોંડલ ની સ્થાનિક પ્રજા પણ લગ્નોત્સવ માં જોડાઈ છે. દીકરીઓ ના લગ્ન માટે લોકો દાન નો ધોધ વહાવે છે તો આ વર્ષે રાજકોટના નિલેશભાઈ લુણાગરિયા એ દીકરીઓને કરિયાવરમાં ૧૦૦ વાર નો પ્લોટ ભેટ તરીકે આપ્યો છે.

અત્યાર સુધી આવી જ રીતે ૧૫૧ દીકરીઓને ગોંડલની પ્રજાએ વળાવી છે.



ગોંડલ બાલાશ્રમ ની ૭ વહાલી દિકરીઓ ના લગ્નની તૈયારી રૂપે મંડપ ડેકોરેશન, લાઈટ ડેકોરેશન, આવનારી ૭ જાનને આવકારવા શહેર ના માંડવી ચોક થી બાલાશ્રમ સુધી વરઘોડો નીકળ્યો હતો.

આ વરઘોડામાં બગીઓ માં નવવધૂઓને બેસાડી બહોળી સંખ્યા માં શહેરીજનો જોડાયા અને તડામાર તૈયારીઓ કરાઈ હતી. આ વહાલી દિકરીઓ ના લગ્ન પ્રસંગ ને લઈને ગોંડલ ગ્રામજનોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આગેવાનો માં બાપ ની જેમ શોધે છે મુરતિયા : જેમ એક સગો બાપ પોતાની દીકરી માટે મુરતિયા શોધે છે એવી જ રીતે આ સાત દીકરીઓ માટે આગેવાનો એ ૧૫૦ જેટલા મુરતિયા જોયા હતા અને આખરે ૭ મૂર્તિયાઓ પસંદ કર્યા હતા.

શબાના આઝમીની તબિયત સ્થિર: ડોક્ટર

શબાના આઝમીના ડ્રાઈવર વિરુદ્ધ બેદરકારી સાથે કાર ચલાવવા બદલ એફઆઈઆર

મુંબઈ

બોલિવૂડના દિગ્ગજ એક્ટ્રેસ શબાના આઝમીની કારને ગઈકાલે મુંબઈ-પુના હાઈવે પર અકસ્માત સર્જાતા તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટનામાં શબાના આઝમીના ડ્રાઈવર વિરુદ્ધ બેદરકારીભર્યા ડ્રાઈવિંગ બદલ એફઆઈર દાખલ કરવામાં આવી હોવાનું મહારાષ્ટ્ર પોલીસે જણાવ્યું છે.



શબાદના (૬૯)ને નાક તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી તેમને અંધેરી ખાતે કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને ત્યાં તેમની તબિયત સ્થિર હોવાનું હોસ્પિટલના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને સીઈઓ ડો. સંતોષ શેટ્ટીએ જણાવ્યું છે.

મુંબઈ-પુના હાઈવે પર શબાના આઝમીની કારના ડ્રાઈવર કમલેશ કામથ (૩૮) જ્યારે અન્ય વાહનને ઓવરટેક કરી રહ્યો હતો ત્યારે તેની કાર ટ્રક સાથે ટકરાઈ હતી. આ અકસ્માત બદલ ડ્રાઈવર કલમેશ સામે ગંભીરરીતે ડ્રાઈવિંગ કરવા બદલ ગુનો દાખલ કરાયો છે. રાયગઢના એસપી પારસ્કરે જણાવ્યું હતું. પારસ્કરના મતે ડ્રાઈવર કમલેશ કામથ સામે આઈપીસીની કલમ ૨૭૯, ૩૩૭ હેઠળ ઝડપી તેમજ બેજવાબદાર રીતે ડ્રાઈવિંગ બદલ અને મોટર વ્હિકલ કાયદા અંતર્ગત ગુનો નોંધ્યો છે. જો કે હજુ સુધી તેની ધરપકડ કરાઈ નથી.

ગુજરાત રાજ્ય અન્ન આયોગે તાપી જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા બાબતે સંતોષ વ્યક્ત કર્યો

વ્યારા

નવરચિત તાપી જિલ્લામાં ખાસ કરીને જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરી અંતર્ગત હાથ ધરાયેલી આધાર સિડિંગની કામગીરી બાબતે ખૂબ જ સંતોષ વ્યક્ત કરતાં, ગુજરાત રાજ્ય અન્ન આયોગના અધ્યક્ષ શ્રી અમૃતભાઇ પટેલે, તાપી જિલ્લાની જાહેર વિતરણ વ્યવસ્થાની સમગ્ર સિસ્ટમ ખૂબ જ સારી રીતે ચાલી રહી છે, જે અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ છે તેમ જણાવ્યુ હતું.

જિલ્લા સેવા સદન ખાતે ગુજરાત રાજ્ય અન્ન નિગમના ચેરમેન શ્રી અમૃતભાઇ પટેલ સહિત, સભ્ય સચિવ અને સિનિયર આઈ.એ.એસ. અધિકારી શ્રી એમ.એ.નરમાવાલા તથા આયોગના સભ્ય શ્રી નિરંજન ઝાંઝમેરા દ્વારા આયોજિત એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં, તાપી જિલ્લાની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની કામગીરી અંતર્ગત રાસ્ટ્રીય અન્ન કાયદા-૨૦૧૩ના અમલીકરણ, પ્રશાસન દ્વારા જારી કરાયેલા કાર્ડ તથા લાભાર્થીઓના સમાવેશ માટેની અરજીઓ, જિલ્લામાં કાર્યરત વાજબી ભાવની દુકાનો તથા બંધ દુકાનો, લાભાર્થીઓની ફરિયાદ અરજીઓ, મોડેલ એફ.પી.એસ., ઉપરાંત મધ્યાહન ભોજન યોજના, અને આંગણવાડી કેન્દ્રો ખાતે ચાલી રહેલી કામગીરીની સૂક્ષ્મ સમિક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, જિલ્લા વિકાસ અધિકારી નેહા સિંઘ, નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.વહોનિયા, સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓએ ઉપસ્થિત રહીને, તેમના દ્વારા અમલી કાર્યક્રમોની વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી. સમગ્ર બેઠકનું સંચાલન કરવા સાથે જિલ્લા પુરવઠા અધિકાર નૈતિકા પટેલે, રાસ્ટ્રીય અન્ન કાયદા અંતર્ગત જિલ્લામાં ચાલી રહેલી કામગીરીથી ઉચ્ચાધિકારીઓને વાકેફ કર્યા હતા. બેઠક બાદ અન્ન આયોગના અધિકારી, પદાધિકારીઓએ જિલ્લાના ચિખલવાવ ગામની જાતમુલાકાત લઈ, અહી વાજબી ભાવની દુકાન સહિત મધ્યાહન ભોજન કેન્દ્ર, અને આંગણવાડી કેન્દ્રની કામગીરી નિહાળી હતી. આ વેળા સંબંધિત યોજનાના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ સાધતાં આ અધિકારીઓએ, સમગ્રતયા જિલ્લાની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

સરીગામ ગ્રામ પંચાયતના નવા મકાનનું ભૂમિપૂજન કરાયું

આદિજાતિ વિકાસમંત્રીના હસ્તે શિલાન્યાસ

વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના સરીગામ ગામે રૂા. ૧૮ લાખના ખર્ચે નિર્માણ પામનારા ગ્રામ પંચાયતના આધુનિક સુવિધાયુક્ત નવા મકાનનું ભૂમિપૂજન વન અને આદિજાતિ વિકાસ રાજયનમંત્રી રમણલાલ પાટકરના વરદ હસ્તે કરાયું હતું.

આ અવસરે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી રમણલાલ પાટકરે જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયત એ ગામનું ઘરેણું છે, જેની યોગ્યં જાળવણી કરવી ગ્રામજનોની જવાબદારી બને છે. ગત વર્ષે ૧૪ અને આ વર્ષે ૭ મળી કુલ ૨૧ ગ્રામ પંચાયતોના નવા મકાનો બનાવવાની મંજૂરી મળી છે, જે પૈકી આજે સરીગામ ગ્રામ પંચાયત કચેરીના નવા મકાનનું ભૂમિપૂજન કરાયું છે. સરીગામ વિસ્તા રમાં રસ્તો સહિત એક કરોડ કરતાં વધુ રકમના થનારા વિકાસકાર્યોની રૂપરેખા આપી હતી. નલ સે જલ કાર્યક્રમ હેઠળ ઘરે ઘરે પાણી મળે તે પ્રકારનું આયોજન કરાયું છે.

ગામનો વિકાસ એ જ આપણો વિકાસ છે, તેમ જણાવી ગામના વિકાસમાં દરેક ગ્રામજનો પોતાનો સહયોગ આપે, ગામને સ્વચ્છ રાખે તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. ગામમાં થતા વિકાસના કામોની ગુણવત્તા જાળવવાની સાથે ઝડપી કામગીરી થાય તે જરુરી છે, ગામના વિકાસ માટે પારદર્શિતા જાળવી પ્રજાલક્ષી કાર્યોને અગ્રીમતા આપવી જોઈએ. મુકેશભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં સૌને આવકારી બાંધકામની કામગીરી સારી રીતે થાય તેની તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો. સરીગામ સરપંચ પંકજભાઈ રાયે ગામમાં થયેલા વિકાસકાર્યોની રૂપરેખા આપી ગામના વિકાસમાં સહભાગી થનાર સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ અવસરે તાલુકા પંચાયત સદસ્યભ રાકેશભાઈ રાય, સહદેવભાઈ વધાત, વિનોદભાઈ ઠાકુર, નરેશભાઈ વળવી, માર્ગ અને મકાન વિભાગના સચિનભાઈ અગ્રવાલ, મયંકભાઈ, અગ્રણી મુકેશભાઈ પટેલ, પ્રકાશભાઈ પટેલ, રામદાસભાઈ, સરીગામના પૂર્વ સરપંચ પ્રકાશભાઈ આરેકર, વિરેન્દ્ર ભાઈ ભટ્ટ, દિલીપભાઈ ભંડારી, જમુભાઈ દરજી, ગ્રામ પંચાયત સભ્યો, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

વીજકરંટ રાખનાર ખેડૂત સામે વન વિભાગ દ્વારા તપાસ શરૂ કરાઇ

વિસાવદરમાંથી કોલર આઇડીવાળી સિંહણનો મૃતદેહ મળતા ચકચાર

વિસાવદર


વિસાવદરના કાલસારીથી રાજપરા રોડ તરફ અવાવરું જગ્યામાંથી કોલર આઇડી વાળી સિંહણ અને શિયાળનો મૃતદેહ મળી આવ્યો હતો. બંનેના મોત વીજ કરંટથી થયા હોવાનું સામે આવ્યું છે. કાલસારીની સીમમાં અવવારૂ જગ્યામાં સિંહણનો મૃતદેહ પડ્યો હોવાની જાણ વન વિભાગને થતાં સ્થળ પર તપાસ હાથ ધરી હતી. તો ત્યાંથી શિયાળનો મૃતદેહ પણ મળી આવ્યો હતો. અને સિંહણનાં મૃતદેહને અડધો કિલોમીટર સુધી ઢસેડવામાં આવ્યો હોવાનાં નિશાન પણ જોવા મળ્યાં છે. આ સિંહણનાં ગળામાં રેડીયો કોલર પણ પહેરાવાયું હતું. જેથી આ સિંહણ ગ્રુપમાં રહેતી હોય તેમની સાથે સિંહબાળ હોવાનું અનુમાન લગાવાઇ રહ્યું છે. આ ઉપરાંત પીજીવીસીએલ પોલીસ અને વન વિભાગ દ્વારા સમયાંતરે ખેતરોમાં વીજકરંટ બાબતનું ચેકિંગ પણ હાથ ધરવામાં આવે છે. આ ચેકિંગ દરમિયાન વીજ કરંટ મુકેલા કોઈ શખ્સોને હજુ સુધી પકડવામાં પણ આવ્યા નથી. અને આવા બનાવો સામે આવી રહ્યાં છે. જો કે સિંહણનાં મોત બાદ ખેતરમાં વીજકરંટ રાખનાર ખેડૂત અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

આરોપીઓ નેપાળ જતા હોવાની સંભાવના

૩.૫૧ કરોડના હીરા ચોરીનો કેસઃ બન્ને કારીગરોને શોધવા સુરત પોલીસે ટીમ બનાવી

સુરત

કતારગામની એચ. વી.કે. ઈન્ટરનેશનલમાંથી બે નેપાળી કારીગરો ૩.૫૧ કરોડના હીરા ટિફીનમાં મુકીને ચોરી કરી ૧૭મી જાન્યુઆરીએ રાત્રે એક વાગ્યે સુરતથી ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ ટ્રેનમાં નેપાળ જવા ભાગ્યા હોવાની વાત સામે આવી છે. બંને દિલ્હી કે મેરઠ કે જયપુર ઉતરીને ગોરખપુર થઈ નેપાળ જવાની સંભાવના છે. કાઈમબ્રાંચ અને કતારગામ પોલીસની ટીમ દિલ્હી જવા રવાના થઈ છે.



કતારગામ ગોતાલાવાડી ખાતે પટેલ ફળીયામાં એચ.વી.કે. ઈન્ટરનેશનલ પ્રા.લિમિટેડના નામથી હીરાની કંપની આવેલી છે. જેના માલિક નાગજી મોહન સાકરિયા છે.કંપનીમાં બોઈલ વિભાગમાં આરોપી રાજુ ગોગલા લુહાર (રહે. રામબાગ, લાલ દરવાજા. મૂળ રહે. નેપાળ) છેલ્લા ૧૨ વર્ષથી નોકરી કરે છે. તેમજ આરોપી પ્રકાશ નવરાજ કુંવર (રહે. મંગલદીપ એપાર્ટમેન્ટ, જદાખાડી, મહીધરપુરા.મૂળ રહે. નેપાળ) છેલ્લા ૪ વર્ષથી નોકરી કરે છે. બંનેનું કામ પોલીસ્ડ હીરાઓને ઈલેક્ટ્રીક સગડીમાં બોઈલ થવા રાત્રે મૂકીને સવારે કાઢી લેવાના હોય છે. ગુરૂવારે સાંજે મેનેજર દિપે વઢેળે રાજુ લુહાર ૧૨૯૬ કેરેટના હીરા બોઈલ કરવા માટે આપ્યા હતા. જેમની કિંમત ૩.૫૧ કરોડ રૂપિયા થાય છે. શુક્રવારે સવારે રાજુ આવ્યો નહતો. તેને ફોન કરતા તેનો ફોન પણ બંધ હતો. તેથી દિપ વઢેળ અને અન્ય મેનેરજે બોઈલ વિભાગનો રૂમ ખોલીને ચેક કરતા સગડીમાં હીરા ન હતા. રાજુએજ અન્ય આરોપી પ્રકાશ કુંવરને નોકરી પર રખાવ્યો હતો. તેથી દિપે પ્રકાશ કુંવરને ફોન કરતા તેનો પણ ફોન બંધ હતો.તેથી બંને પર શંકા ગઈ હતી. બંનેના સુરતના સરનામે તપાસ કરતા બંનેના ઘર બંધ હતા. તેથી તેઓ બંને જણા હીરા ચોરી કરીને નાસી ગયા હતા. તેથી એચ.વી.કે. ઈન્ટરનેશનલના વહિવટદાર હિતેશ વિઠ્ઠલ વઘાસિયાએ રાજુ લુહાર અને પ્રકાશ કુંવર વિરુદ્ધ કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

કાઈમ બ્રાન્ચે ખંડણીખોર વિશાલ ગોસ્વામીની ધરપકડ કરીઃ જેલર સસ્પેન્ડ



અમદાવાદ

કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામીનો કબ્જો અમદાવાદ કાઈમબ્રાન્ચની ટીમે લીધો છે. જેના માટે કાઈમ બ્રાંચ સેન્ટ્રલ જેલ પહોંચી હતી. ગેંગસ્ટર વિશાલ ગોસ્વામી સાબરમતી જેલમાંથી મોબાઈલ મારફતે વેપારીઓને ધમકાવી ખંડણી માંગતો હોવાનો કાઈમ બ્રાન્ચે ખુલાસો કર્યો હતો.જે બાદ જેલતંત્ર સફળુ જાગ્યુ હતુ. જેલમાં મોબાઈલ પર પ્રતિબંધ છતાં તેના ઉપયોગને પગલે સુરક્ષાના સવાલો પેદા થયા હતા.

બનાવની ગંભીરતાને લઈને જેલ ઓથોરિટી દ્વારા જેલર એચ.આર.વાઘેલાને સસ્પેન્ડ કરવાનો આદેશ અપાયો હતો. કાઈમ બ્રાંચમાં બોપલના એક વેપારીએ ધમકીભર્યા ફોન સંદર્ભે કાઈમ બ્રાંચમાં અરજી આપતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં પોલીસે ફોનની કોલ ડિટેલ કઢાવતા લોકેશન રાણીપ વિસ્તારનું મળ્યું હતું. વધુ તપાસ કરતા જેલમાંથી ગેંગસ્ટર વિશાલ ગોસ્વામીના મોબાઈલથી ધમકીભર્યા ફોન કરાતા હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી હતી.

જેને પગલે કાઈમ બ્રાંચની અધિકારીઓ સહિતની ૧૦૦ લોકોની ટીમ સાબરમતી જેલ ખુંદી વળી હતી..તપાસ દરમિયાન જેલમાં બંધ વિશાલ ગોસ્વામી અને તેના બે સાગરીત અજય ગોસ્વામી અને રીકુ ઉર્ફે રાજ ગોસ્વામી પાસેથી બે એન્ટ્રોઈડ ફોન, એક સાદો ફોન, બે સીમકાર્ડ, હેન્ડ્સફ્રી અને ચાર્જર મળી આવ્યા હતા. તપાસમાં વિશાલ ગોસ્વામી મોબાઈલથી વેપારીઓને ધાકધમકી આપી ખંડણી માંગતો હોવાનું સામે આવ્યુ હતુ.

છપાક ગર્લ ફસાઈઃ દીપિકાએ આપેલા ટિકટોક ચેલેન્જ પર લોકો ભડક્યા



મુંબઈ

દીપિકા પાદુકોણ ફરી એકવાર સોશિયલ મીડિયામાં ટ્રોલ થઈ છે. આ વખતે દીપિકા ટિકટોક ચેલેન્જને કારણે યુઝર્સની નારાજગીનો ભોગ બની છે. દીપિકાએ ટિકટોક પર 'છપાક'માં માલતીના લુકને લઈ ચેલેન્જ આપી છે. આ વીડિયો વાયરલ થતાં યુઝર્સે દીપિકાને ટ્રોલ કરી છે.

'છપાક'ના પ્રમોશન દરમિયાન દીપિકા અનેક ટિકટોક સ્ટાર્સે મળી હતી, આમાંથી એક ટિકટોક સ્ટાર ફેબીને દીપિકાએ તેના ફેવરિટ લુક અંગે પૂછ્યું હતું અને ચેલેન્જ આપી હતી કે તે તેવા લુક રીક્રિએટ કરે. વીડિયોમાં જોઈ શકાય છે કે દીપિકા ફેબીને તેના ત્રણ લુકને રીક્રિએટ કરવાની ચેલેન્જ આપે છે. સૌ પહેલાં ફેબી 'ઓમ શાંતિ ઓમ'માં દીપિકાનો જે લુક છે, તે રિક્રિએટ કરે છે. ત્યારબાદે તે 'પીકુ'ના લુકમાં જોવા મળે છે. છેલ્લે તે 'છપાક'માં માલતીના એસિડ અટેક સર્વાઈવરના લુકમાં આવે છે. આ વીડિયો વાયરલ થતાં જ સોશિયલ મીડિયા યુઝર્સે દીપિકાને લાગણીહિન ગણાવી છે.

ભુલી પડેલી વૃદ્ધાને અભયમ મહિલા હેલ્પ લાઈને મદદ કરી

નવસારી

નવસારી સ્ટેશન રોડ વિસ્તારમાં ત્રણ અપરણિત બહેનો સાથે રહે છે. જેમાં સૌથી મોટા બહેનની ઉંમર ૮૦ વર્ષની છે. તેઓને કાનથી સાંભળી શકતા નથી. તેમની બે બહેનો બજારમાં ગયા હોવાથી તેઓ ઘરેથી શહેર બહાર નીકળી ગયાં હતાં. બજાર ગયેલ બહેનો ઘરે આવી તેમની બહેનને ઘરમાં ન જાતા ચિંતા થઇ ગઈ હતી. જેથી ૧૮૧ મહિલા હેલ્પાલાઈનમાં કોલ કરી ઘટનાની જાણ કરી હતી. નવસારી અભયમ રેસ્કયુ વાન તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી. જે દરમિયાન એક વ્યકિતએ વૃધ્ધાને જાઈ હતી. તેમણે અભયમ ટીમને જાણ કરતાં અભયમ ટીમે સ્થળ શોધી કાઢી વૃધ્ધાને તેમના પરિવારને સોંપ્યા અભયમ ટીમનો આભાર માન્યો હતો.

સગાભાઈએ બહેન સાથે શારિરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવી હતી

લાંછનઃ ભાઈ-બહેને બાંધ્યા અનૈતિક સંબંધ, નવજાતને 'કચરાપેટી નસીબ'..!!

સુરત

સુરતમાં સમાજને શર્મશાર કરતો એક કિસ્સો શહેરના પનાસ ગામમાં બન્યો છે. શુક્રવારે પનાસ ગામની કચરાપેટીમાંથી પતંગમાં વિંટળાયેલી એક બાળકી કચરાપેટીમાંથી મળી આવી હતી. આ બાળકી કોની છે તેની તપાસ કરી રહેલી પોલીસ પણ તેના માતાપિતાની વિગતો જાણીને ચોંકી ગઈ છે. પનાસ વિસ્તારમાં રહેતા એક સગીર ભાઈએ તેની ૧૮ વર્ષની માનસિક અસ્થિર બહેન સાથે અનૈતિક સંબંધ બાંધ્યો હતો. આ સંબંધોના કારણે બહેનને ગર્ભ રહી ગયો હતો અને તેણે શુક્રવારે બાળકીને જન્મ આપ્યો હતો. પાંચ વર્ષની બાળકીને જન્મ બાદ તેણે કચરાપેટીમાં ફેંકી દીધી હતી.

બનાવની વિગત એવી છે કે સુરતના પનાસ ગામ ખાતે બે દિવસ પહેલાં આવાસ પાસે કચરાપેટીમાં ફેંકાયેલી નવજાત બાળકીમળી આવી હતી. કાતિલ ઠંડીમાં કચરાપેટીમાં ફેંકાયેલી નવજાત બાળકીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. બાળકીનો જન્મ તે મળી તેના પાંચ થી સાત કલાક પહેલા જ થયો હોય અને તેની નાળ ઉપર હોસ્પિટલમાં મારવામાં આવતો ક્લેમ્પ ન હોય ડીલીવરી ઘરમાં જ થઈ હોવાની શક્યતાના આધારે ઉમરા પોલીસે તપાસ શરૂ કરી હતી.

બાળકીને તરછોડી દેનાર નજીકમાં જ રહેતી ૧૮ વર્ષની યુવતી છે અને તે માનસિક બિમાર હોવાની વિગત સામે આવી હતી. જોકે આ યુવતી તેના ૧૭ વર્ષીય ભાઈ સાથે રહેતી હોવાની વિગત સામે આવતા પોલીસે તેને શોધી કાઢી તેની ધરપકડ કરી હતી જોકે આ યુવતી ની પૂછપરછ કરતા યુવતીના નિવેદને લઈને પોલ્સ પણ ચોકી ગઈ હતી આ બાળકો પિતા અનીય કોઈ નહિ પણ તેનો ૧૭ વર્ષીય ભાઈ છે સગા ભાઈ સાથે શરીર સંબંધ બાંધતા તે ગર્ભવતી થઇ હતી.

ભાઈએ માનસિક અસ્થીર બહેનને ગર્ભવતી બનાવ્યા બાદ તેને જન્મેલી બાળકીને કચરાપેટીમાં ત્યજી દીધી હતી. સ્થાનિકોએ ૧૦૮ અને પોલીસને બોલાવી અને આ બાળકીને તૂરંતજ બચાવી લીધી હતી.

ફેન્ડશીપ ક્લબમાં ફોન કરનાર સાવધાનઃ યુવકે ૪૪ હજાર ગુમાવ્યા

અમદાવાદ

તમે અખબારોમાં વિવિધ પ્રકારની ફેન્ડશીપ ક્લબની જાહેરાત તો વાંચી જ હશે. અને અનેક લોકો તેમાં રસ દાખવી ફોન પણ કરતા હોય છે. હવે આવા ફોન કરતા પહેલા ચેતવાની જરૂર છે. કારણકે, નવરંગપુરામાં રહેતા એક યુવકને ફેન્ડશીપ ક્લબમાં ફોન કરવાનું ભારે પડ્યું છે. રજીસ્ટ્રેશનનાં નામે ઠગ ટોળકીએ તેના ૪૪ હજાર રૂપિયા સેરવી લેતા આખરે પોલીસની મદદ લેવી પડી છે.

મૂળ મહેસાણા અને નવરંગપુરામાં સ્થાનકવાસી જૈન છાત્રાલયમાં રહેતા વૈભવ શાહ સીએનો અભ્યાસ કરે છે. ગત ૨૦મી નવેમ્બરનાં રોજ તેણે ઓનલાઈન ફ્રેન્ડશીપ માટે સર્ચ કર્યું હતું. જેથી જે તે જગ્યાએથી ક્લબમાં જોડાવવા માટે ત્રણ માસના એક હજારની માંગણી કરાઇ હતી. ત્યારબાદ એક હજાર ગુગલ પેથી ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં અનેક યુવતીઓના ફોટો તેને મોકલવામાં આવ્યા હતા. જેમાંથી એક યુવતીનો ફોટો સિલેક્ટ કરતા નેહા નામની યુવતી સાથે સંપર્ક થયો હતો. નેહાએ સેફટી કોડ લેવો પડશે તેમ કહી એક વર્ષ અને લાઈફ ટાઈમનાં ભાવ જણાવતા વૈભવે એક વર્ષના કોડની વાત કરતા ૧૬,૫૦૦ ટ્રાન્સફર કર્યા હતા. આ નાણા નેહા મળશે બાદમાં રિફંડ તઈ જશે તેમ કહ્યું હતું.

ત્યારબાદ આ નાણા જે તે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાના ન હતા તેની બાબતોમાં ભોળવી એક ક્રીમ કંપનીમાંથી લેવું પડશે તેમ કહી અન્ય નાણા પડાવ્યા હતા. આમ અલગ અલગ રીતે ૪૪ હજાર રૂપિયા પડાવી લેતા યુવકે આ ઝંઝટમાંથી બહાર આવવા કહીને પૈસા પરત માંગ્યા હતા. પણ નાણા પરત ન મળતા સાયબર ઈન્સિડેન્ટ રિસપોન્સ યુનિટમાં અરજી કર્યા બાદ તેણે નવરંગપુરામાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

અન્ન આયોગ દ્વારા તાપી જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થાનું નિરીક્ષણ

આયોગે વ્યારા ખાતે જિલ્લાની જાહેર વિતરણ વ્યવસ્થાની સમીક્ષા કરી

વ્યારા

નવરચિત તાપી જિલ્લામાં ખાસ કરીને જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરી અંતર્ગત હાથ ધરાયેલી આધાર સિડિંગની કામગીરી બાબતે ખૂબ જ સંતોષ વ્યક્ત કરતાં, ગુજરાત રાજય અન્ન આયોગના અધ્યક્ષ શ્રી અમૃતભાઇ પટેલે, તાપી જિલ્લાની જાહેર વિતરણ વ્યવસ્થાની સમગ્ર સિસ્ટમ ખૂબ જ સારી રીતે ચાલી રહી છે, જે અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ છે તેમ જણાવ્યુ હતું.

જિલ્લા સેવા સદન ખાતે ગુજરાત રાજય અન્ન નિગમના ચેરમેન શ્રી અમૃતભાઇ પટેલ સહિત, સભ્ય સચિવ અને સિનિયર આઈ.એ.એસ. અધિકારી શ્રી એમ.એ.નરમાવાલા તથા આયોગના સભ્ય શ્રી નિરંજન ઝાંઝમેરા દ્વારા આયોજિત એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં, તાપી જિલ્લાની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની કામગીરી અંતર્ગત રાસ્ટ્રીય અન્ન કાયદા-૨૦૧૩ના અમલીકરણ, પ્રશાસન દ્વારા જારી કરાયેલા કાર્ડ તથા લાભાર્થીઓના સમાવેશ માટેની અરજીઓ, જિલ્લામાં કાર્યરત વાજબી ભાવની દુકાનો તથા બંધ દુકાનો, લાભાર્થીઓની ફરિયાદ અરજીઓ, મોડેલ એફ.પી.એસ., ઉપરાંત મધ્યાહન ભોજન યોજના, અને આંગણવાડી કેન્દ્રો ખાતે ચાલી રહેલી કામગીરીની સૂક્ષ્મ સમિક્ષા હાથ ધરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણી, જિલ્લા વિકાસ અધિકારી નેહા સિંઘ, નિવાસી અધિક કલેક્ટર શ્રી બી.બી.વહોનિયા, સહિત જિલ્લાના સંબંધિત અધિકારીઓએ ઉપસ્થિત રહીને, તેમના દ્વારા અમલી કાર્યક્રમોની વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી. સમગ્ર બેઠકનું સંચાલન કરવા સાથે જિલ્લા પુરવઠા અધિકાર નૈતિકા પટેલે, રાસ્ટ્રીય અન્ન કાયદા અંતર્ગત જિલ્લામાં ચાલી રહેલી કામગીરીથી ઉચ્ચાધિકારીઓને વાકેફ કર્યા હતા.

બેઠક બાદ અન્ન આયોગના અધિકારી, પદાધિકારીઓએ જિલ્લાના ચિખલવાવ ગામની જાતમુલાકાત લઈ, અહી વાજબી ભાવની દુકાન સહિત મધ્યાહન ભોજન કેન્દ્ર, અને આંગણવાડી કેન્દ્રની કામગીરી નિહાળી હતી. આ વેળા સંબંધિત યોજનાના લાભાર્થીઓ સાથે સીધો સંવાદ સાધતાં આ અધિકારીઓએ, સમગ્રતયા જિલ્લાની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.



રાજપીપળા શહેરમાં વારંવાર લાઈટો બંધ રખાતા પીવાના પાણીની તકલીફ સાથે ધંધાદારી વેપારીઓને મુશ્કેલી

સોમવારે સવારે ૮ થી સાંજે ૬ નો કામગીરી માટે વીજળી બંધની જાહેરાત કરવા છતાં રવિવારે ૩ કલાક લાઈટો બંધ રહેતા સાંજના પાણીની પણ તકલીફ

ભરત શાહ દ્વારા
રાજપીપળા



રાજપીપળા શહેરમાં છાસવારે વીજળી ગુલ થતા કોમ્પ્યુટર સેન્ટર,ક્ષેરોક્ષ, દૂધ ડેરી આઈસ્ક્રીમ પાર્લર સહિતના ધંધા સાથે સંકળાયેલા વેપારીઓ હેરાન થઈ રહ્યા છે સાથે સાથે પીવાના પાણીની પણ તકલીફ પડતા ગૃહિણીઓ રોષે ભરાયેલી જોવા મળે છે.

ચોમાસા પહેલા વારંવાર પ્રિમોન્સૂન કામગીરીના નામે આખો દિવસ વીજ પુરવઠો બંધ કરવા છતાં થોડા થોડા સમય સટડાઉન રાખતા લાઈટો વગર લોકો હેરાન થાય છે વીજ કંપની વારંવાર એવી તો કઈ કામગીરી કરે છે કે ચોમાસા બાદ પણ મહિના માં એકાદ વખત આખો દિવસ વીજ પુરવઠો બંધ રાખે છે.

થોડા સમય પહેલાજ બે વાર ૧૦ કલાક વીજળી બંધ રાખી કામગીરી કરવામાં આવી હોવા છતાં વીજ કંપની દ્વારા સોમવાર તારીખ ૨૦ જાન્યુઆરી એ ફરી સવારે ૮ થી સાંજે ૬ વાગ્યા સુધી વીજળી બંધ ની જાહેરાત થઈ હોય લોકોમાં રોષ હતો જ ત્યાં રવિવારે પણ લગભગ ૩ કલાક વીજળી ગુલ રહેતા લોકોને સાંજના સમયે પીવાના પાણી ની પણ તકલીફ પડી હતી.ત્યારે રાજપીપળા શહેરની અને આસપાસ ના ગામોની પ્રજા વીજ કંપનીની આવી લુલી અને વારંવારની કામગીરી થી તોબા પોકારી ઉઠી હોય જિલ્લા કલેક્ટર કે સુરત વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓ હવે આવી તકલીફ બાબતે રાજપીપળા વીજ કંપનીના અધિકારીઓ ને કડક સૂચના આપે તેવી માંગ ઉઠી છે.

ડેડીયાપાડા મુખ્ય બજારમાં હેન્ડ બ્રેક માર્યા વગર ઢાળ પર ઉભેલી બોલેરો ગાડી ગબડતા મહિલાને ઈજા થઈ



બોલેરોનો ચાલાક ગાડી ઉભી રાખી નજીકની દુકાને કઈક લેવા ગયો જ્યાં ગાડી ઢાળ પરથી ગબળી જેમાં મહિલાના પગે ગંભીર ઈજા થઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા મુખ્ય બજાર માં ઉભી રાખેલી બોલેરો જીપ અચાનક ઢાળ ઉપરથી ગબળતા એક મહિલાના પગે ગંભીર ઈજા થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડાના મુખ્ય બજાર મહાદેવ મંદિર સામે આવેલ ફીરોજભાઈ ખત્રીની કાપડની દુકાન બહાર મંજુલાબેન રતિલાલ પંચાલ (ઉં.વ.૬૨) રહે. દેડીયાપાડા, પારસીટેકરા ખુરશી પર બેઠેલા હતા ત્યારે બોલેરો જીપ નં.GJ-22-U- 1639 નો ચાલક ડ્રાઈવર પોતાનું વાહન દેડીયાપાડા, ચાર રસ્તા પર હેન્ડ બ્રેક લગાવ્યા વગર ઢાળમા ઉભી રાખી અને ગાડી નીચે પથ્થર કે કોઈ ઉગટ ટાયર નીચે આડુ મુક્યા વગર નીચે ઉતરીને બાજુમા આવેલી દુકાને ગયેલ તે વખતે ગાડી અચાનક નીચે ગબડી જતા ગાડીનું ટાયર મંજુલાબેનના પર ચડી જતા પગમા ગંભીર ઈજા થતા સારવાર માટેખસેડાયા હતા.આ બાબતે મંજુલાબેને ફરિયાદ આપતા પોલીસે બોલેરો ચાલાક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરી હતી.

છેલ્લા ત્રણેક વર્ષથી નાસતો-ફરતો ATM ચોરીનો આરોપીને ઝડપી પાડતી ભરૂચ'એ' ડીવી પોસ્ટ મોટર વ્હીકલ સ્કોડ



ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી તથા I/C નાયબ પોલીસ અધિક્ષક જે.એસ.નાયક નાઓની સુચના અનુસંધાને જીલ્લામાં બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા અંગે ભરૂચ એ 'ડીવી' પોસ્ટ પો.ઈન્સ સા. એ. કે. ભરવાડનાઓનાં માર્ગદર્શન હેઠળ ભરૂચ 'એ' ડીવી પોસ્ટનાં માણસોને નાસતા ફરતા આરોપીઓ ઉપર સતત વોચ રાખી કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ જે સુચના આધારે પો.સ.ઈ. કે.એચ.સુથાર તથા ભરૂચ એ-ડીવી પોસ્ટ મોટર વ્હીકલ સ્કોડ નાં માણસો એ 'ડીવી' પોસ્ટ વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે બાતમી મળતા ટેક. સર્વેલન્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સની મદદથી અલગ અલગ જીલ્લામાં ATM ચીરીનાં ત્રણેક ગુનાઓમાં નાસતો-ફરતો આરોપી, મહમદચાંદ ઉર્ફે મામુ અબ્દુલ રહેમાન કુરેશી ઉવ-૪૩ રહેવાસી- ફાતીમાં ફ્લેટ મકાન નં-૩૦૫ સૈયદવાડ તા.જી.ભરૂચ મુળ રહેવાસી- પીંડોળ ગામ-પલવલ જીલ્લા પલવલ (હરીયાણા) નાઓ ને બીટીએમમીલની પાસેથી ઝડપી પાડવામાં આવેલ છે અને કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ઉટીયાદરા ગામની સીમમાં આવેલા શીલાલેખ સોસાયટીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો કેસ શોધી કાઢતી અંકલેશ્વર રૂરલ પોલીસ



અંકલેશ્વર

મહે. પોલીસ મહાનિરીક્ષક શ્રી અભયસિંહ ચુડાસમા વડોદરા રેન્જ વડોદરા તથા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા નાયબ પોલીસ અધિક્ષક એમ. પી. ભોજાણી, અંકલેશ્વર વિભાગ અંકલેશ્વરના માર્ગદર્શન હેઠળ પો. ઈ. આર. એન. કરમટીયાનાઓને બાતમી હકીકત મળેલ કે ઉટીયાદરા ગામની સીમમાં કોસંબાથી પંડવાઈ સુગર તરફ જતા રોડની બાજુમાં આવેલ શીલાલેખ રેસીડન્સી સોસાયટીમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી થાય છે જે બાબતે હકીકતને આધારે તાત્કાલિક પોલીસ માણસોને તપાસ કરવા સૂચના કરતા સદર બાતમીવાળી જગ્યાએ રેડ કરતા એક એક્ટીવા મોટર સાયકલ ઉભેલ હતી જેની પાસે એક ઈસમ ઉભેલ હતો તથા અન્ય એક ઈસમ નજીકમાં હતો જે બંને ઈસમો અંધારામાં નાસી ગયેલ અને એક્ટીવામાં ચેક કરતા એક્ટીવા ઉપર તથા મકાનમાં અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની નાની મોટી બોટલ નંગ ૩૫૬ કિંમ. રૂા. ૪૩,૪૬૦ તથા એક્ટીવા ગાડી કિંમ. રૂા. ૧૫૦૦૦ તથા મોબાઈલ -૧, કિંમત રૂા. ૫૦૦ મળી કુલ કિંમ. રૂા. ૫૮૯૬૦નો મુદ્દામાલ કબજે કરી નાસી ગયેલ આરોપીઓ વિરુદ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી પોલીસ ઈન્સ્પેક્ટર આર. એન. કરમટીયા તથા અ. હે. કો. અનિલભાઈ રામજીભાઈ બ. નં. ૧૬૭૭ તથા અ. પો. કો. અનિરુદ્ધભાઈ વલકુભાઈ બ. નં. ૦૧૦૨૯ તથા અ. પો. કો. સંતોષભાઈ દયાશંકરભાઈ બ. નં. ૦૧૦૧૩ તથા અ. પો. કો. પ્રકાશભાઈ રમણભાઈ બ. નં. ૦૧૨૩૧ તથા અ. પો. કો. લાલજીભાઈ વજેસિંહભાઈ બ. નં. ૦૧૧૮૪ દ્વારા કરવામાં આવેલ છે.

કતારગામમાંથી બનાવટી વન અધિકારીની ધરપકડ

સુરત

કતારગામ પોલીસે બનાવટી વન અધિકારીની ધરપકડ કરી છે. પોલીસને ગત રોજ કંટ્રોલરૂમ પાસેથી બાતમી મળી હતી કે, કતારગામ જનતા નગર પાલા ખાતે ડુપ્લિકેટ પોલીસ પકડાઈ છે. દરમિયાન પોલીસે તપાસ કરતા આરોપી જેનીશ શાહે વિવાદમાં સમાધાન કરવા મૃત પિતરાઈ ભાઈનો ફોરેસ્ટ ઓફિસરનો ગણવેશ પહેર્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, તપાસ કરતા ખાખી કપડામાં એક પોલીસ અધિકારી લાલ જુતા અને પોલીસનો પટ્ટો પહેરેલો હતો. અંગ્રેજીમાં જી.એફ. બેજ અને અંગ્રેજીમાં બે સ્ટાર પણ લગાવેલા હતા. આ સિવાય અંગ્રેજીમાં દીપેશ શાહ ફોરેસ્ટ અધિકારી નામની એક પ્લેટ લગાવાઈ હતી. જેનીશ શાહની ધરપકડ બાદ કડકાઈથી પુછતા તેણે જણાવ્યું હતું કે પાડોશમાં દૂધનો વેપાર કરનાર વ્યક્તિ સાથે તેનો ઝઘડો થયો હતો અને તેની સાથે સમાધાન માટે યુનિફોર્મ પહેરેલ છે. આ વર્ષે તેનો એક કાકાનો દીકરો દિપેશ શાહ છે જેનું એક વર્ષ પહેલા અવસાન થયું હતું. જેણે ફોરેસ્ટર તરીકેસેવા આપી હતી. આરોપી પાસેથી આઈડી કાર્ડ અને મોબાઈલ મળી આવ્યા હતા.

મુખ્યમંત્રીએ ગાંધીનગરથી પોલિયો અભિયાનનો પ્રારંભ કરાવ્યો

વિરોધીઓ રાજકીય અસ્થિરતા ઉભી કરવાના પ્રયાસમાં: એલઆરડી મુદ્દે રૂપાણી બોલ્યા

ગાંધીનગર

આજરોજ સવારે ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્ય પ્રધાન વિજય રુપાણીએ પોલિયો અભિયાન ૨૦૨૦નો પ્રારંભ કર્યો હતો. ત્યારે એલઆરડી મામલે રાજકીય વિરોધીઓને મુખ્યમંત્રી રૂપાણી એ સણસણતો જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, વિરોધીઓ રાજકીય અસ્થિરતા ઉભી કરવાનો પ્રયાસ કરે છે અને કોઈને તકલીફ ન થાય તે રીતે સરકાર કામ કરશે. મુખ્યમંત્રીએ આજે સવારે એક કાર્યક્રમમાં ભૂલકાઓને પોલિયોના ટીપા પીવડાવી પોલિયો અભિયાનની શરૂઆત કરાવી છે. સમગ્ર રાજ્યમાં ૦ થી ૫ વર્ષ સુધીના અંદાજે ૮૦ લાખથી વધુ ભૂલકાઓને પોલિયોના બે ટીપા પીવડાવી 'પોલિયો મુક્ત ભારત, પોલિયોમુક્ત ગુજરાત'નો ધ્યેય પાર પડાશે.

મુખ્યમંત્રીએ પોલિયોનો પ્રારંભ કરાયા બાદ મીડિયા સાથેની વાતમાં એલઆરડી મામલે કહ્યું કે, 'કોઈને તકલીફ ન થાય તે માટે સરકાર કામ કરશે. કોઈ સમાજને અન્યાય ન થાય તેની ચિંતા કરીએ છીએ. વિરોધીઓ રાજકીય અસ્થિરતા ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરમાં ભૂલકાંઓને પોલિયો ટીપાં પીવડાવી રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. સમગ્ર રાજ્યમાં ૦ થી ૫ વર્ષ સુધીના અંદાજે ૮૦ લાખથી વધુ ભૂલકાંઓને પોલિયોના બે ટીપા પીવડાવી 'પોલિયો મુક્ત ભારત, પોલિયોમુક્ત ગુજરાત' નો ધ્યેય પાર પાડવા રાજ્યભરમાં ૩૩૬૪૧ બૂથ મારફતે ૧ લાખ ૫૨ હજાર આરોગ્ય કર્મીઓ સેવારત રહેશે.

કન્ટેનર-દૂધ ભરેલ વાહન વચ્ચે અકસ્માત થતાં ડ્રાઈવર ઈજાગ્રસ્ત

ત્રણ વાહનો વચ્ચે અકસ્માત, હજારો લીટર દૂધ રસ્તા પર ઢોળાયું

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આવેલ ઈસનપુર પાસે આજરોજ વહેલી સવારે ત્રણ વાહનોના સાગમટે અકસ્માત સર્જાયુ હતું. આ અકસ્માતમાં એક વાહનમાં દૂધ ભરેલ હોવાથી રસ્તા પર દૂધની નદી વહેવા લાગી હતી.

અમદાવાદ શહેરમાં દિન-પ્રતિદિન અકસ્માતના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આજે વહેલી સવારે શહેરના ઈસનપુર ખાતે એક સાથે ત્રણ વાહનો એક બીજાને ધડાકાભેર અથડાતા રોડ પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. આ અકસ્માતમાં એક વાહન ૪૦૭ આઈસર જે દૂધથી ભરેલ હતી, અકસ્માતને લઈ રસ્તા પર દૂધની નદી વહેવા લાગી હતી.

આ અકસ્માતમાં ત્રણે વાહનોના ચાલકને ભારે ઈજાઓ થતા તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ પોલીસને થતા પોલીસ કાફલો ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દેડીયાપાડા ખાતે પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતિ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે સત્સંગ સભા યોજાઈ



૨૫૦ જેટલા હરિભકતો એ લાભ લીધો હતો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના શ્રીરંગ સ્વામી, સંતપ્રકાશ સ્વામી તથા અનેક સ્વરૂપ સ્વામીની હાજરીમાં દેડીયાપાડા મુકામે સત્સંગ સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નડિયાદ મંદિરથી પધારેલા શ્રીરંગ સ્વામીએ ભગવાન તથા સાચા સંતનો મહિમા જણાવી આપણા જીવનમાં ભગવાન, સંતો તથા મંદિરનું શું મહત્ત્વ છે તે સમજાવ્યું હતું.

પૂજય સંતપ્રકાશ સ્વામીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ગામે-ગામ વિચરણ કરી પરિવારમાં શોતિ સ્થપાય તે માટે અથાક ભીડો વેઠયો તે અંગે માહિતી આપી. આગામી ૨૦૨૦ માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના જન્મજયતિ શતાબ્દી મહોત્સવ નિમીત્તે થનાર પારિવારીક શાંતિ અભિયાન ની વિસ્તૃત માહિતી આપી જેમાં ગુજરાતના તમામ ગામોમાં હરિભકતો, કાર્યકરો અને સંતો દ્વારા ઘરે-ઘર મુલાકાત લઇ પરિવારમાં શાંતિનો સંદેશો આપશે.

પૂજય સંતોની હાજરીમાં ૨૫૦ જેટલા હરિભકતો સત્સંગ સભા તથા મહાપ્રસાદનો લાભ લીધો હતો.

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના માંગરોળ ગ્રામપંચાયત સરપંચની પેટા ચૂંટણીમાં ૬૦ ટકા મતદાન

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

માંગરોલ ગામના પૂર્વ સરપંચના રાજીનામાં બાદ ખાલી પડેલી જગ્યા પર નર્મદા ચૂંટણી શાખા દ્વારા પેટા ચૂંટણી યોજાઈ હતી.જેમાં ગામના બે ઉમેદવારો ભાવેશ કાંતિભાઈ તડવી, અને મેલસિંગ મગનભાઈ તડવી બંને ઉમેદવારો વચ્ચે કાંટાની ટક્કર જામી છે ત્યારે હવે કોની જીત થાય છે અને કોની હાર એ જોવું રહ્યું આગામી ૨૧ જાન્યુઆરી ને મંગળવારના રોજ મામલતદાર કચેરી નાંદોદમાં સવારે ૮ કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના માંગરોલ ગામના સરપંચ ભુમાભાઈ તડવી વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત આપતા તેમણે રાજીનામુ આપ્યું હતું જે જગ્યા ખાલી થતા તેની પેટા ચૂંટણી રવિવારે ૧૯ જાન્યુઆરીના રોજ યોજાઈ હતી જેમાં પ્રીસાઈન્ડીંગ ઓફિસર અક્ષય સાહુ, એન.કે.રાઠવા સહીતની ટીમે એક બૂથમાં શાંતિ પૂર્ણ મતદાન કરાવ્યું હતું. ગામમાં ૫૭૬ પુરુષ મતદારો અને ૫૩૦ સ્ત્રી મતદારો મળી કુલ ૧૧૦૬ મતદારો માંથી સવારના ૮ થી પાંચ વાગ્યા સુધી ૩૫૨ પુરુષ મતદારો અને ૩૦૩ સ્ત્રી મતદારો મળી કુલ ૬૫૫ મતદારો એ મતદાન કર્યું હતું. એટલે કુલ ૬૦ ટકા મતદાન થયું હતું હવે બે ઉમેદવારોનું ભાવી મત પેટીમાં શીલ થયું છે જેને મામલતદાર કચેરી સ્ટ્રોંગ રૂમમાં મુકવામાં આવ્યા છે. મંગળવારે આ મત પેટી ખુલશે અને મતદાન ગણતરી થશે ત્યારે કોણ બાજી મારે છે તે જોવું રહ્યું.